અંદાજપત્ર પ્રકાશન નંબર–૫૧

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૨૧ – ૨૦૨૨

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સરકારી મુદ્રણાલય, ભાવનગર.

૨૦૨૧

H - 1035

© સરકારી મુદ્રણાલય, ભાવનગર

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૧. ભારત સરકારે રચેલા સુધારણા પંચની ભલામણોને અનુલક્ષીને ગુજરાત સરકારે અંદાજપત્ર વિષયક સુધારાના એક અંતર્ગત ભાગ તરીકે કામગીરી અંદાજપત્ર પધ્ધતિ દાખલ કરી અમલમાં મુકવાનું સ્વીકારેલ છે. તે અનુસાર આ વિભાગનું સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષનું કામગીરી અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રી તરફથી અનુસૂચિત જાતિઓ, વિચરતી અને વિમુકત જાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો (બક્ષીપંચની જાતિઓ), આર્થિક પછાત વર્ગો અને લઘુમતિઓ, મંદબુધ્ધીના બાળકો અને અપંગો, વિકલાંગો, વૃધ્ધો, ભિક્ષુકો વગેરેના કલ્યાણ અને ઉત્કર્ષ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શું કરવામાં આવી રહ્યું છે, કેવા અભિગમ સાથે કેટલા પ્રમાણમાં કરવામાં આવી રહ્યું છે અને તે અંગે કેટલુ ખર્ચ કરવામાં આવી રહ્યું છે એ જાણવા માટેનું સાધન પુરુ પાડવું એ કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે. તેમજ પરંપરાગત અંદાજપત્રમાં જેનો સમાવેશ ન કરવામાં આવેલ હોય તેવી, નાણાંકીય જોગવાઈઓ સામે ભૌતીક સિધ્ધિઓને સાંકળી લેવાનું કામ કામગીરી અંદાજપત્રનું છે અને તેથી સને ૨૦૨૧-૨૦૨૨નાં કામગીરી અંદાજપત્રમાં જે કામ માટે નાણાંની માંગણી કરવામાં આવી હોય તે હેતુઓ સિધ્ધ કરવા માટે કરવામાં આવેલી જોગવાઈઓ અને થયેલ કામગીરીનો ક્યાસ કાઢવા માટેની પરીણામલક્ષી માહિતિનો સમાવેશ કરીને એ ઉદ્દેશ બર આવે તેવા પ્રયત્નો  કરેલ છે.

૩. આ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કામગીરી, યોજનાઓ, જોગવાઈઓ અને નાણાંકીય જરૂરીયાત જુદા જુદા પત્રકોમાં દર્શાવેલ છે. જેમાં ૨૦૨૦-૨૦૨૧ની જોગવાઈ, સુધારેલ અંદાજ અને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૪. ૨૦૨૧-૨૦૨૨ના વર્ષના અંદાજપત્રના પૂરક પ્રકાશન તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગથી સંબંધિત કામગીરી અંદાજપત્ર વિધાનસભા સમક્ષ રજૂ કર્યુ છે.

**મનોજ અગ્રવાલ**
**અધિક મુખ્ય સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

# વિષયસૂચિ


| અનુ. નં. | વિગત | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫ |
| ૨ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી | ૨૧ |
| ૩ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી | ૪૫ |
| ૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી | ૬૧ |
| ૫ | આયુક્તશ્રી, અશક્તતાની કચેરી | ૭૩ |
| ૬ | અન્ય પછાત વર્ગો માટેનું પંચ | ૭૬ |
| ૭ | ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ | ૭૭ |
| ૮ | બિન અનામત આયોગ | ૮૧ |

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતા હિસાબના સદરો

| અ.નં | માગણી ક્રમાંક | મુખ્ય સદર |
|---|---|---|
| ૧. | ૮૪-બિન રહેણાંકના મકાનો (માર્ગ અને મકાન વિભાગ) | ૪૨૨૫-અનુ. જાતિઓ,અનુ. આદિજાતિઓ તથા અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઇ.<br>૪૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |
| ૨. | ૯૧-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૨૫૧-સચિવાલય સામાન્ય સેવાઓ |
| ૩. | ૯૨-સામાજિક સુરક્ષા અને કલ્યાણ | ૨૦૪૯-વ્યાજની ચૂકવણી<br>૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૨૩૫-સમાજ સુરક્ષા અને કલ્યાણ<br>૨૪૨૫-સહકાર<br>૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગો અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૬૨૧૬-આવાસન માટે લોન<br>૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટે લોન |
| ૪. | ૯૪- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતું અન્ય ખર્ચ. | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન |
| ૫. | ૯૫-અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના | ૨૦૧૪-ન્યાયતંત્રનો વહીવટ.<br>૨૦૫૮-લેખન સામગ્રી અને મુદ્રણ.<br>૨૨૦૨-શિક્ષણ.<br>૨૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય.<br>૨૨૧૫-પાણી પૂરવઠો અને સ્વચ્છતા.<br>૨૨૧૬-આવાસન.<br>૨૨૧૭-શહેરી વિકાસ<br>૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ.<br>૨૨૩૦-શ્રમ અને રોજગાર.<br>૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ.<br>૨૨૩૬-પોષણ.<br>૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ<br>૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૨૪૦૨-ભૂમિ અને જળ સંરક્ષણ<br>૨૪૦૩-પશુપાલન<br>૨૪૦૫-મત્સ્યોધોગ.<br>૨૪૨૫-સહકાર<br>૨૫૦૧-ગ્રામિણ વિકાસ માટે ખાસ કાર્યક્રમ<br>૨૫૦૫-ગ્રામિણ રોજગાર |

| | | |
|---|---|---|
| | | ૨૫૧૫-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો<br>૨૭૦૨-નાની સિંચાઇ<br>૨૮૦૧-વીજળી<br>૨૮૧૦-ઉર્જાના બિનપરંપરાગત સાધનો<br>૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૨૮૫૨-ઉદ્યોગો<br>૩૦૫૪- માર્ગો અને પૂલો<br>૩૪૭૫-બીજી આર્થિક સામાજિક સેવાઓ<br>૪૨૦૨- શિક્ષણ, ખેલકૂદ, કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૪૦૬-વન નિર્માણ અને અન્ય વન્ય પ્રાણી અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૭૦૨- નાની સિંચાઇ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૬૨૧૬-ગૃહનિર્માણ માટે લોન<br>૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન<br>૬૪૨૫- સહકાર અંગે લોન<br>૬૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો માટે લોન. |
| ૬. | ૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૨૨૩૫-સમાજ સુરક્ષા અને કલ્યાણ<br>૪૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે મૂડી અને મહેસૂલ સદર હેઠળ કરેલ જોગવાઈ

રકમ (₹ લાખમાં)

| ક્રમ | વિભાગ / ખાતાના વડા / આયોગનું નામ | સ્થાયી ખર્ચના અંદાજો (Standing Charges) | | | ચાલુ બાબતોના અંદાજો (Continous Items) | | | નવી બાબતોના અંદાજો (New Items) | | | કુલ (Total) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫=(૩+૪) | ૬ | ૭ | ૮= (૬+૭) | ૯ | ૧૦ | ૧૧ = (૯+૧૦) | ૧૨ | ૧૩ | ૧૪ = (૧૨+૧૩) |
| | | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ |
| ૧ | અનુસૂચિત જાતી કલ્યાણ | ૨૫૮૨.૬૩ | ૦.૦૦ | ૨૫૮૨.૬૩ | ૮૨૨૪૫.૭૪ | ૧૩૧૫૬.૮૫ | ૯૫૪૦૨.૫૯ | ૧૮૨૯.૩૮ | ૩૨૪૩.૦૦ | ૫૦૭૨.૩૮ | ૮૬૬૫૭.૭૫ | ૧૬૩૯૯.૮૫ | ૧૦૩૦૫૭.૬૦ |
| ૨ | વિકસતી જાતી કલ્યાણ | ૩૯૨૯.૭૨ | ૦.૦૦ | ૩૯૨૯.૭૨ | ૧૧૪૭૭૯.૮૫ | ૫૭૫૭૧.૧૫ | ૧૭૨૩૫૧.૦૦ | ૮૮૨.૦૦ | ૫૭૫૦.૦૦ | ૬૬૩૨.૦૦ | ૧૧૯૫૯૧.૫૭ | ૬૩૩૨૧.૧૫ | ૧૮૨૯૧૨.૭૨ |
| ૩ | સમાજ સુરક્ષા | ૧૫૫૪૧.૭૨ | ૦.૦૦ | ૧૫૫૪૧.૭૨ | ૧૨૭૦૦૮.૦૦ | ૩૧૭૪.૬૬ | ૧૩૦૧૮૨.૬૬ | ૧૩૮૧.૪૫ | ૪૩૮.૦૦ | ૧૮૧૯.૪૫ | ૧૪૩૯૩૧.૧૭ | ૩૬૧૨.૬૬ | ૧૪૭૫૪૩.૮૩ |
| ૪ | સામાજિક ન્યાય અને અધિ.વિભાગ | ૬૫૩.૭૮ | ૨૫.૦૦ | ૬૭૮.૭૮ | ૧૨૨.૭૪ | ૦.૦૦ | ૧૨૨.૭૪ | ૧૭.૦૦ | ૦.૦૦ | ૧૭.૦૦ | ૭૯૩.૫૨ | ૨૫.૦૦ | ૮૧૮.૫૨ |
| ૫ | બિન અનામત વર્ગોનું આયોગ | ૯૬.૧૩ | ૦.૦૦ | ૯૬.૧૩ | ૪૬.૨૬ | ૦.૦૦ | ૪૬.૨૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૨.૩૯ | ૦.૦૦ | ૧૪૨.૩૯ |
| ૬ | અન્ય પછાત વર્ગોનું પંચ | ૩૦.૫૩ | ૦.૦૦ | ૩૦.૫૩ | ૭૪.૧૭ | ૦.૦૦ | ૭૪.૧૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૪.૭૦ | ૦.૦૦ | ૧૦૪.૭૦ |
| ૭ | વિકલાંગ કમિશ્નર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૫.૬૫ | ૦.૦૦ | ૮૫.૬૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૫.૬૫ | ૦.૦૦ | ૮૫.૬૫ |
| ૮ | બાળ આયોગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૮૮.૦૦ | ૦.૦૦ | ૫૮૮.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૮૮.૦૦ | ૦.૦૦ | ૫૮૮.૦૦ |
| | કુલ | **૨૨૮૩૪.૫૧** | **૨૫.૦૦** | **૨૨૮૫૯.૫૧** | **૩૨૪૯૫૦.૪૧** | **૭૩૯૦૨.૬૬** | **૩૯૮૮૫૩.૦૭** | **૪૧૦૯.૮૩** | **૯૪૩૧.૦૦** | **૧૩૫૪૦.૮૩** | **૩૫૧૮૯૪.૭૫** | **૮૩૩૫૮.૬૬** | **૪૩૫૨૫૩.૪૧** |

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતી એકંદર જોગવાઈઓ

રકમ (₹ લાખમાં)

| ક્રમ | વિભાગ / ખાતાના વડા / આયોગનું નામ | સને ૨૦૨૦-૨૧ની જોગવાઈ | | | સને ૨૦૨૦-૨૧ની સુધારેલ જોગવાઈ | | | સને ૨૦૨૧-૨૨ની જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫=(૩+૪) | ૬ | ૭ | ૮=(૬+ ૭) | ૯ | ૧૦ | ૧૧=(૯+૧૦) |
| | | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ |
| ૧ | અનુસૂચિત જાતી કલ્યાણ | ૮૮૯૭૦.૯૫ | ૨૦૪૧૦.૬૯ | ૧૦૯૩૮૧.૬૪ | ૭૦૭૬૨.૭૧ | ૧૦૦૮૦.૯૨ | ૮૦૮૪૩.૬૩ | ૮૬૬૫૭.૭૫ | ૧૬૩૯૯.૮૫ | ૧૦૩૦૫૭.૬૦ |
| ૨ | વિકસતી જાતી કલ્યાણ | ૧૨૭૮૯૧.૨૭ | ૬૫૫૯૯.૪૦ | ૧૯૩૪૯૦.૬૭ | ૧૧૬૫૯૪.૧ | ૫૩૨૮૬.૪ | ૧૬૯૮૮૦.૫૦ | ૧૧૯૫૯૧.૫૭ | ૬૩૩૨૧.૧૫ | ૧૮૨૯૧૨.૭૨ |
| ૩ | સમાજ સુરક્ષા | ૧૨૪૩૯૩.૮૭ | ૩૦૪૯.૮૩ | ૧૨૭૪૪૩.૭૦ | ૧૩૬૭૫૩.૨૩ | ૧૦૩૫.૫૦ | ૧૩૭૭૮૮.૭૩ | ૧૪૩૯૩૧.૧૭ | ૩૬૧૨.૬૬ | ૧૪૭૫૪૩.૮૩ |
| ૪ | સા.ન્યા. વિભાગ ખુદ | ૮૦૫.૦૮ | ૧૬.૦૦ | ૮૨૧.૦૮ | ૬૩૪.૭૮ | ૧૦.૦૦ | ૬૪૪.૭૮ | ૭૯૩.૫૨ | ૨૫.૦૦ | ૮૧૮.૫૨ |
| ૫ | બિન અનામત વર્ગોનું આયોગ | ૧૩૪.૮૩ | ૦.૦૦ | ૧૩૪.૮૩ | ૮૩.૭૮ | ૦.૦૦ | ૮૩.૭૮ | ૧૪૨.૩૯ | ૦.૦૦ | ૧૪૨.૩૯ |
| ૬ | અન્ય પછાત વર્ગોનું પંચ | ૯૩.૫૫ | ૦.૦૦ | ૯૩.૫૫ | ૧૦૪.૫૯ | ૦.૦૦ | ૧૦૪.૫૯ | ૧૦૪.૭૦ | ૦.૦૦ | ૧૦૪.૭૦ |
| ૭ | વિકલાંગ કમિશ્નર | ૮૫.૬૫ | ૦.૦૦ | ૮૫.૬૫ | ૪૫.૫૩ | ૦.૦૦ | ૪૫.૫૩ | ૮૫.૬૫ | ૦.૦૦ | ૮૫.૬૫ |
| ૮ | બાળ આયોગ | ૬૦૨.૦૪ | ૦.૦૦ | ૬૦૨.૦૪ | ૪૯૧.૧૯ | ૦.૦૦ | ૪૯૧.૧૯ | ૫૮૮.૦૦ | ૦.૦૦ | ૫૮૮.૦૦ |
| કુલ | | ૩૪૨૯૭૭.૨૪ | ૮૯૦૭૫.૯૨ | ૪૩૨૦૫૩.૧૬ | ૩૨૫૪૬૯.૯૧ | ૬૪૪૧૨.૮૨ | ૩૮૯૮૮૨.૭૩ | ૩૫૧૮૯૪.૭૫ | ૮૩૩૫૮.૬૬ | ૪૩૫૨૫૩.૪૧ |

# કામગીરી અંદાજપત્ર
# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
# (ખુદ)

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રસ્તાવના**

## ૧. કામગીરી

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૨-૯૮ના જાહેરનામા અનુસાર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નામાભિધાન કરવામાં આવ્યું છે. પરંતુ હવે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮-૫-૨૦૦૯ના જાહેરનામા અનુસાર આદિજાતિ વિકાસ વિભાગને અલગ વિભાગ તરીકે જાહેર કરેલ હોઇ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કામગીરી અંદાજપત્ર અત્રે પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ વિભાગને સરકારી કામકાજના નિયમો હેઠળ સુપરત કરાયેલ વિષયો પરિશિષ્ટ-ક માં દર્શાવેલ છે.

સામાજિક સેવાના સેક્ટર હેઠળ સમાવિષ્ટ કરેલ ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ, વિચરતી અને વિમુકત જાતિઓ, તથા બિન અનામત વર્ગના કલ્યાણની કામગીરી સાથે, નિરાધાર અને મંદબુધ્ધિના બાળકો, બાળ વિકાસ તેમજ વૃધ્ધો, દિવ્યાંગો, ભિક્ષુકો અને તૃતિય જાતિ વગેરેના કલ્યાણ માટે નીતિનું ઘડતર કરવામાં આવે છે, તેમજ આ બધી કામગીરી માટે ઘડવામાં આવેલ નીતિના અમલ પરત્વે દેખરેખ રાખવામાં આવે છે. રાજ્ય સરકારની અનામત અને રોસ્ટર અંગેની પ્રવર્તમાન નીતિના અમલીકરણ અને તેને આનુષંગિક બાબતો ઉપર દેખરેખ રાખવાની કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

## ૨. વહીવટી માળખું

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વહીવટી માળખાની વિગત પરિશિષ્ટ- ખ માં દર્શાવી છે. વિભાગના વડા તરીકે અધિક મુખ્ય સચિવ છે તેમજ બે સંયુક્ત સચિવ, ત્રણ નાયબ સચિવ અને છ ઉપસચિવ તેમને મદદ કરે છે. કામગીરીના વિષયો જુદી જુદી શાખાઓમાં વહેંચવામાં આવેલા છે. જેમાં સેકશન અધિકારીઓ અને નાયબ સેકશન અધિકારીઓ તેમજ સામાન્ય ફરજ કારકુન, ઓફિસ આસિસ્ટન્ટ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળ પરિશિષ્ટ-ખમાં દર્શાવ્યા પ્રમાણે ત્રણ ખાતાના વડાઓ છે. આ ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓના માટેના કમિશ્નરશ્રીની કચેરી, સચિવશ્રી, ગુજરાત રાજય બાળ અધિકારી સંરક્ષણ આયોગ, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ તથા અન્ય પછાત વર્ગોના પંચનો સમાવેશ થાય છે. તે ઉપરાંત બે વૈધાનિક નિગમ અને આઠ અવૈધાનિક નિગમ - બોર્ડ કામ કરે છે. વિભાગ હસ્તક ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી તેમજ સમરસ સોસાયટી પણ છે. આ સર્વેની કામગીરીની માહિતી ભાગ-૨ માં દર્શાવેલ છે.

આ ખાતાના વડાઓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ઘડેલ નીતિ-નિયમો અને યોજનાઓના અમલ પરત્વે તેમને સુપરત કરાયેલ સત્તાઓની મર્યાદામાં રહીને અમલ બજાવણી કરે છે.

## ૩. નિરીક્ષણ

સરકારે નિયત કરેલ ધોરણ અનુસાર આ વિભાગ સંબંધિત ખાતાના વડાની કચેરીઓનું નિરીક્ષણ હાથ ધરે છે. નિરીક્ષણ દરમિયાન નિયમોનુસારની કોઇ ખામી ધ્યાન ઉપર આવે તો તે સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

આ વિભાગ સાથોસાથ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે નિયત કર્યા પ્રમાણે યોજનાકીય માહિતી રાખે છે તથા ખાતાના વડા હેઠળ આવરી લેવાતી આયોજનની બાબતોની સમીક્ષા કરે છે. ખાતાના વડાઓના ખર્ચ પર નિયંત્રણ માટે સમયાંતરે બેઠકો ગોઠવવામાં આવે છે અને ખર્ચ અંગેની સમીક્ષા પણ કરવામાં આવે છે. આ બેઠક અધિક મુખ્ય સચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવે છે.

## ગુજરાત સરકારના કામકાજના નિયમો, પરિશિષ્ટ-ક
## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને ફાળવેલા વિષયો

૧. પછાતવર્ગ અને સમાજ કલ્યાણ માટે વહીવટી તંત્ર.

૨. ભાષાકીય અને ધાર્મિક લઘુમતીઓને લગતી બાબતો

૩. અંત્યોદય કાર્યક્રમનો પેન્શન ભાગ (પં.ગ્રા.ગૃ.ગ્રા.વિ.વિ હેઠળની નોંધ નંબર-૧૬-ક(ગ) જુઓ)

૪. અનુસૂચિત જાતિઓ, ભટકતી જાતિઓ સહિત પછાત વર્ગોને અને અન્ય પછાત વર્ગો, બિન અનામત વર્ગોને લગતા કલ્યાણ કાર્યો

૫. બિન અનામત વર્ગો માટે રાજય આયોગની રચના કરવા બાબત

૬. અનુસૂચિત જાતિ કલ્યાણ બોર્ડ

૭. અસ્પૃશ્યતા (ગુન્હા) અધિનિયમ-૧૯૫૫નો અમલ

૮. જાહેર પૂજા માટેના હિન્દુ સ્થળોમાં પ્રવેશ (પ્રાધિકરણ) અધિનિયમ-૧૯૫૬નો અમલ

૯. અનુસૂચિત જાતિઓ માટેના છાત્રાલયો સહિતના પછાતવર્ગ છાત્રાલયો

૧૦. નિર્વાસિતો, નિરાધાર સ્ત્રીઓ અને બાળકો, વૃધ્ધો અને અશકતોનો નિભાવ અને સંભાળ અને તેમને માટે ગૃહો અને અશક્તશ્રમો સ્થાપવા બાબત

૧૧. બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૧૯૨૯નો અમલ (કા.વિ. હેઠળની નોંધ નંબર-૧૧ અને આ.પ.ક.વિ. હેઠળની નોંધ પણ જુઓ.)

૧૨. બાળ અપરાધો અને અપરાધી બાળકો માટેની પાછળની સંભાળ (આ.પ.ક.વિ. હેઠળની નોંધ પણ જુઓ)

૧૩. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહો (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૬૦

૧૪. સામાજિક, આર્થિક મોજણી સહિત, સામાજિક સેવા કાર્યો માટે તાલીમ અને સંશોધન

૧૫. સામાજિક સેવા કાર્યોને લગતી પ્રવૃત્તિઓનું સંકલન

૧૬. કોઇ પણ બીજા વિભાગને ખાસ ન સોંપાયેલું સામાજિક કલ્યાણને લગતું કામ

૧૭. ભિક્ષુક અધિનિયમ અને નિયમોના અમલ સહિત ભિખારીઓ માટેની સંસ્થાઓએ અટકમાં રાખેલા ભિખારીઓની મુક્તિ, ભીખ માટેની પરમીટો વગેરે.

૧૮. છોડી મુકેલા પુખ્ત ઉંમરના કેદીઓની મુક્તિ પછીની સંભાળના કાર્યક્રમ વર્કહાઉસ, મુક્તિ ફોજ, ગૃહ (સુધારા ગૃહ), કેદી સહાયક મંડળીઓ.

૧૯. ઉધ્ધાર ગૃહો અને ઉધ્ધાર કાર્યો

૨૦. સુધારા ગૃહ શાળાઓ

૨૧. અંધ બહેરા મુંગા અને જેમનો માનસિક વિકાસ અટકી ગયો હોય તેવાઓ અંગેના પ્રશ્નો(શ્ર.અને રો.વિ. હેઠળની નોંધ નંબર-૮ અને ૧૨ પણ જુઓ)

૨૨. (૧) (સા.વ.વિ.ને ફાળવેલા વિષયોમાં નોંધ નંબર-૪૫ હેઠળ આવી જતા હોય તે સિવાયના) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના બધા રાજયપત્રિત અધિકારીઓ અને બિનરાજયપત્રિત સરકારી નોકરોની નિમણૂંકો, પ્રતિનિયુકિતઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂક, રજા મંજૂરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.

(૨) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પેન્શન મંજૂર કરવાને લગતી તમામ બાબતો અને

(૩) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૨ના અધિકારીઓના સંબંધમાં રજા મંજૂર કરવાનો અને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ના નિયમ-૬માં અનુક્રમાંકો-૧ થી ૨ માં નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શિક્ષા કરવાને અને સદરહું નિયમ-૬ના અનુક્રમાંકો-૩ થી ૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્ત ભંગની કાર્યવાહી, માંડવાળને લગતી તમામ બાબતો (સા.વ.વિ. હેઠળની નોંધ નબર-૪૫ પણ જુઓ)

૨૩. રાજયના હેતુઓ માટે સરકારમાં નિહીત થયેલા કે સરકારના કબ્જા હેઠળના અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને સોંપાયેલા કામ, જમીન અને મકાનો

૨૪. આ સૂચીમાંની કોઈપણ બાબતના હેતુઓ માટે તપાસ અને આંકડા

૨૫. કોઈ કોર્ટમાં લેવાતી ફી સિવાય, આ સૂચીની બાબતો માટેની ફી.

## પરિશિષ્ટ-ખ

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

### અધિક મુખ્ય સચિવશ્રી

<table>
<tr><th>૧</th><th>૨</th><th>૩</th><th colspan="2">૪</th><th>૫</th></tr>
<tr>
<td>સયુંકત સચિવશ્રી<br>(મહેકમ/સંકલન)<br>૧. વિભાગનું મહેકમ(ઈ-શાખા)<br>૨. સંકલન શાખા (ચ)<br>૩. વિભાગની લોક ફરિયાદ નિવારણ અધિકારી તરીકેની કામગીરી<br>૪. રોકડ-શાખા,<br>૫. રજીસ્ટ્રી-સ્ટોર</td>
<td>સંયુક્ત સચિવશ્રી<br>(અ.જા.ક.)<br>૧. અનુસૂચિત જાતિ કલ્યાણને લગતી સઘળી કામગીરી (ગ,જ,ક અને હ-શાખા)</td>
<td>નાયબ સચિવશ્રી<br>(સમાજ સુરક્ષા/ બજેટ)<br>૧. સમાજ સુરક્ષાને લગતી સઘળી કામગીરી. (છ-શાખા, છ-૧ શાખા)<br>૨. બજેટ આયોજન (બ-શાખા)</td>
<td colspan="2">નાયબ સચિવશ્રી<br>(રોસ્ટર/ખા.ત/કો-સેલ.)<br>૧. (રોસ્ટર, રોસ્ટર-૧ શાખા, રોસ્ટર સેલ, રોસ્ટર સેલ-૧)<br>૨. ખાતાકીય તપાસને લગતી કામગીરી (ખા.ત.એ.)<br>૩. આઇટીને લગતી કામગીરી (કોમ્પ્યુટર સેલ)</td>
<td>નાયબ સચિવશ્રી<br>(વિ.જા.ક)<br>૧. વિકસતી જાતિ કલ્યાણને લગતી સઘળી કામગીરી (અ શાખા, અ-૧ શાખા)</td>
</tr>
<tr>
<td>ઉપસચિવશ્રી<br>(મહેકમ/રોકડ/કો.સેલ)<br>૧. મહેકમ શાખા<br>૨. સ્ટોર શાખા<br>૩. રજીસ્ટ્રી શાખા<br>૪. કોમ્પ્યુટર સેલ<br>૫. રોકડ શાખા</td>
<td>ઉપસચિવશ્રી<br>(અ.જા.ક.)<br>૧. ગ- શાખા, જ- શાખા, ક-શાખા, હ- શાખા<br>૨. અત્યાચાર નિવારણ ધારા સહિતની સઘળી કામગીરી, (હ-શાખા)</td>
<td>ઉપ સચિવશ્રી<br>(સ.સુ/ સંકલન)<br>૧. છ-શાખા, છ-૧ શાખા<br>૨. બાળ આયોગની કામગીરી<br>૩. ચ-શાખા(સંકલન)</td>
<td>ઉપસચિવશ્રી<br>(બજેટ/<br>ખા.ત.એ)<br>૧. બજેટ શાખા<br>૨. ખા.ત.એકમ</td>
<td>ઉપસચિવશ્રી<br>(રોસ્ટર)<br>૧.રોસ્ટર,<br>૨.રોસ્ટર-૧,<br>૩.રોસ્ટર સેલ,<br>૪.રોસ્ટર સેલ-૧ શાખા</td>
<td>ઉપસચિવશ્રી (વિ.જા.ક)<br>૧. અ-શાખા<br>૨. અ-૧ શાખા</td>
</tr>
</table>

**ખાતાના વડાઓ**

| નિયામકશ્રી<br>અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી | નિયામકશ્રી<br>વિકસતી જાતિ કલ્યાણની કચેરી | નિયામકશ્રી<br>સમાજ સુરક્ષાની કચેરી | આયુકતશ્રી, વિકલાંગ વ્યક્તિઓ<br>માટેના કમિશનરશ્રીની કચેરી |
|---|---|---|---|
| અનુસૂચિત જાતિ કલ્યાણ<br>યોજનાઓનો અમલ | વિકસતી જાતિ કલ્યાણ<br>યોજનાઓનો અમલ | સામાજિક સેવાઓ અંગેની નીતિનો અમલ<br>- સંકલિત બાળ સુરક્ષા યોજનાની કામગીરી | વિકલાંગ ધારા હેઠળ કાયદાનુસાર<br>રચાયેલ સ્વતંત્ર કમિશનર કચેરી |

(ક) **વૈધાનિક નિગમો.**

૧. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.

૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(ખ) **કંપની ધારા/પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ રચાયેલ નિગમો/બોર્ડ.**

૧. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ.

૨. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ.

૩. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ.

૪. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ.

૫. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુસૂચિત જાતિ)

૬. ગુજરાત રાજય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ

૭. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

૮. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ

(ગ) **આયોગ/પંચ અને સોસાયટી**

(૧) સચિવશ્રી, અન્ય પછાત વર્ગોનું પંચ (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની જાતિઓ અંગે તપાસ અને ભલામણો)

(૨) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (બાળ અધિકાર સુરક્ષા ધારા અંગેની કામગીરી)

(૩) બિન અનામત વર્ગોનું આયોગ (બિન અનામત વર્ગોની જાતિઓ અંગે તપાસ અને ભલામણો)

(૪) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી (જુવેનાઇલ જસ્ટિસ એક્ટ અન્વયે સંકલિત બાળ સુરક્ષા યોજનાની કામગીરી)

(૫) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી (રાજ્યના સમરસ છાત્રાલયો માટેની કામગીરી)

## ભાગ-૨

## અન્ય કામગીરી

રાજ્યમાં વિકાસલક્ષી કાર્ય જે તે નિયામકશ્રી, કમિશનરશ્રી અને તેઓ હસ્તકના મહેકમ દ્વારા થાય છે તેની સમીક્ષા, તે અંગેની નીતિ-નિયમોનું ઘડતર સચિવાલય કક્ષાએથી થાય છે. વળી સચિવાલય કક્ષાએથી તાબાની કચેરીઓ ખાતેની કામગીરીનું નિરીક્ષણ તેમજ તે કચેરીઓ દ્વારા થતી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવે છે.

### સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેનો અભિગમ

રાજ્યમાં પછાતવર્ગની કોમો જેમાં મોટાભાગે (૧) અનુસૂચિત જાતિ (૨) વિમુક્ત અને વિચરતી જાતિઓ (૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવી કોમો માટે બક્ષીપંચની નિમણુંક થયેલી અને તેઓની ભલામણના આધારે કેટલીક કોમોને તે હેઠળ આવરી લેવાયેલ છે. આમ છતાં પણ સમગ્ર સમાજનું સ્તર જોતાં સામાજિક રીતે સમાજમાં હજુ પણ કેટલીક કોમો પછાત દશામાં જોવા અનુભવવા મળે છે. આ સંજોગોમાં આ પછાત દશામાં જીવન ગુજારતી કોમોના ઉત્થાન માટે રાજ્ય સરકાર તરફથી આવી કોમોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્થાન અંગે પણ જરૂરી કામગીરી કરવાની રહે છે.

ગુજરાતમાં પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિવિધ કોર્પોરેશનો પણ સ્થાપવામાં આવેલ છે. આ કોર્પોરેશનો સ્વાયત્ત અને સ્વતંત્ર રીતે રાજયના પછાત વર્ગોના ઉત્કર્ષની યોજનાઓના અમલ/બજવણી કરી રહેલ છે.

### ૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

મંડળીઓના નોંધણી ધારા,૧૮૬૦ હેઠળ સને ૧૯૭૫માં અનુસૂચિત આર્થિક વિકાસ કોર્પોરેશનની સ્થાપના થયેલ હતી. આ નિગમની રચના કરવામાં મુળભુત ઉદ્દેશ અનુસૂચિત જાતિનો સંપૂર્ણ રીતે વિકાસ થાય અને સમાજમાં તેઓ માનભર્યુ જીવન જીવી શકે તે માટે આર્થિક રીતે પગભર બનાવવાનો હતો. ત્યારબાદ માળખામાં યોગ્ય સુધારો કરી તા.૧૭/૧૧/૧૯૭૯ ના ઠરાવથી ભારતીય કંપની ધારા,૧૯૫૬ હેઠળ સરકારશ્રીના એક જાહેર સાહસ તરીકે રૂપાંતર કરવામાં આવ્યું અને તે રીતે ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન લી., ગાંધીનગર તરીકે કાર્યરત બન્યું હતુ. આ પછી ગુજરાત વિધાનસભામાં પસાર થયેલ ગુજરાત શીડયુલ્ડ કાસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન એક્ટ, ૧૯૮૫ (ગુજરાતનો ૧૯૮૫નો ૧૦મો) હેઠળ સમાજ કલ્યાણ વિભાગ, (હાલના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ) ગાંધીનગરના તા.૬-૭-૯૬ના જાહેરનામાંથી તા.૧૫-૮-૯૬ થી નિગમને સ્ટેચ્યુટરી કોર્પોરેશન તરીકે જાહેર કરવામાં આવેલ.

આ નિગમ તા.૧૫/૦૮/૧૯૯૬ થી ગુજરાત સરકારના સાહસ તરીકે ૧૯૮૫ના અધિનિયમ અનુસાર ₹ ૧૦.૦૦ કરોડની મૂડી સાથે કાર્યાન્વિત છે. જે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૨ માં ₹ ૫૦ કરોડ કરવામાં આવેલ છે. જેમાં રાજય સરકારનો ફાળો ૫૧ ટકા છે. તેની સામે કેન્દ્ર સરકારનો ફાળો ૪૯ ટકા છે.

બેંકેબલ યોજના, એન. એસ. એફ. ડી. સી સહાયિત સીધા ધિરાણની યોજના, રાજય સરકાર સહાયિત સીધા ધિરાણની યોજના વગેરે યોજનાઓ દ્વારા લોકોને સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૪૮૬.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ માટે જોગવાઈ કરેલ જયારે વર્ષ-૨૦૨૦-૨૧ માં ₹ ૫૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાંટ અને ધિરાણ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૧૦.૦૦ કરોડની ગ્રાન્ટની જોગવાઈ કરેલ હતી અને ૨૦૨૧-૨૨ માં ₹ ૫૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ અને ધિરાણ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૧૦.૦૦ કરોડની ગ્રાન્ટની માટે જોગવાઈ કરેલ છે.

## ૨. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ

ગુજરાત સરકારે અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઇ કામદારોને આર્થિક તેમજ સામાજિક રીતે પગભર કરી તેમનું પુન:સ્થાપન કરવાના હેતુથી તા.૦૧/૧૧/૨૦૦૧ના રોજ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સ્થાપના કરેલ છે. ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કાર્યરત છે, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા મહિલા અધિકારિતા યોજના, મહિલા સમૃધ્ધિ યોજના સીધા ધિરાણ યોજના, પૂજ્ય ઠક્કરબાપા સફાઇ કામદાર પુન:સ્થાપન યોજના, વીમા કવચ યોજના, સેનેટરી માર્ટ યોજના, શૈક્ષણિક લોન, છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડીઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવાની યોજના, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના સફાઇ કામદારના બાળકોને ઈનામ/પ્રશસ્તિપત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના વગેરે બાબતે જુદા-જુદા ટ્રેડ હેઠળ તાલીમ આપવામાં આવે છે. તેમજ ગુજરાત સરકારની ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય/બિન વ્યાજકીય લોન આપવામાં આવે છે.

વર્ષ-૨૦૨૦-૨૧ માં ₹ ૧૦.૦૦ કરોડની ધિરાણ માટેની ગ્રાંટ અને વર્ષ-૨૦૨૧-૨૨ માં ધિરાણ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૧૦.૦૦ કરોડની ગ્રાન્ટની માટે જોગવાઈ કરેલ છે.

## ૩. ડૉ. આંબેડકર અંત્યોદય અતિ પછાત જાતિ વિકાસ નિગમ

અનુસૂચિત જાતિની અતિપછાત જાતિઓમાં "વાલ્મિકી (સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાય), હાડી, નાડીયા, સેનવા, તુરી, ગુરૂ બ્રાહ્મણ, વણકર સાધુ, અનુસુચિત જાતિના બાવા, તિરગર, તીરબંદા, થોરી માતંગી, તુરી બારોટ" જેવી અતિપછાત જાતિના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેઓનો આર્થિક ઉત્કર્ષ થઇ શકે તે માટે ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા)ની રચના કરવામાં આવેલ છે.

ભારત સરકારના **NSFDC**, નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કામ કરે છે. રાજ્ય સરકાર અને **NSFDC**, નવી દિલ્હી તરફથી દર વર્ષે મંજૂર થયેલ ફંડને ધ્યાનમાં લઇ સીધા ધિરાણની યોજનાનો અમલ કરવામાં આવે છે.

આ નિગમ દ્વારા ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં મહિલા સમૃધ્ધિ યોજના હેઠળ ૧૨૯૭ લાભાર્થીઓને ₹ ૬.૪૮ કરોડ માઇક્રોક્રેડીટ ફાઇનાન્સ યોજના હેઠળ ૧૧૯૦ લાભાર્થીઓને ₹ ૫.૯૫ કરોડ તથા પેસેન્જર ઓટો રીક્ષા યોજના હેઠળ ૨૪૭ લાભાર્થીઓને ₹ ૩.૭૨ કરોડ મળી કુલ ૨૭૩૪ લાભાર્થીઓને ₹ ૧૬.૧૫ કરોડની લોન આપવામાં આવેલ છે.

રાજય સરકારશ્રીના ફંડમાંથી નિગમ દ્વારા જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં મહિલા સમૃધ્ધિ યોજના (વિધવા અને સામાન્ય) હેઠળ ૩૦૪ લાભાર્થીઓને ₹ ૩.૦૩ કરોડ પશુપાલન યોજના હેઠળ ૧૧૫ લાભાર્થીઓને ₹ ૧.૦૪ કરોડ વિભિન્ન નાના વ્યવસાય યોજના હેઠળ ૧૭૩ લાભાર્થીઓને ₹ ૧.૫૩ કરોડ તથા પેસેન્જર ઓટોરીક્ષા યોજના હેઠળ ૧૦૩ લાભાર્થીઓને ₹ ૧.૯૯ કરોડ મળી કુલ ૬૯૫ લાભાર્થીઓને ₹ ૭.૫૯ કરોડની લોન આપવામાં આવેલ છે.

## ૪. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

ગુજરાત પછાતવર્ગ બોર્ડ કે જેની રચના તા.૨૦-૦૫-૧૯૮૭ના રોજ કરવામાં આવેલ. આ બોર્ડ સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ હેઠળ રજીસ્ટર્ડ થયેલ તેને તા.૦૬-૦૭-૧૯૮૭થી સ્વાયત્ત સ્વરૂપ આપી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમમાં પરિવર્તન કરેલ છે. આ નિગમ વર્ષ ૧૯૯૭-૯૮થી રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીગ એજન્સી તરીકે કામગીરી કરે છે. જેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિઓના લાભાર્થીઓને સીધા ધિરાણની યોજના હેઠળ માઇક્રો ફાઇનાન્સ, મહિલા સમૃધ્ધિ, સ્વયં સક્ષમ યોજના, ન્યુ સ્વર્ણિમા યોજના, ટર્મ લોન યોજના, શિક્ષણ લોન યોજનાનો અમલ કરવામાં આવે છે.

આ ઉક્ત યોજનાઓમાં નિગમે વર્ષ ૧૯૯૭-૯૮ થી ૨૦૧૯-૨૦ (માર્ચ અંતિત) રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીથી મળેલ ગ્રાંન્ટમાંથી અદાજે ૧૦૮૭૬ લાભાર્થીઓને ₹ ૯૬૪૫.૯૩ લાખ તેમજ

વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ (માર્ચ અંતિત) રાજ્ય સરકારશ્રીમાંથી મળેલ ગ્રાન્ટમાંથી અંદાજે ૩૪૫૯ લાભાર્થીઓને ₹ ૪૭૯૨.૫૦ લાખનું ધિરાણ કરવામાં આવેલ છે.

આ નિગમની સત્તાવાર શેરમૂડી ₹ ૫૦.૦૦ કરોડની છે. જેની સામે વર્ષ ૨૦૧૯-૨૦ (માર્ચ અંતિત) ₹ ૩૨.૨૮ કરોડ ભરપાઇ થયેલી છે.

## ૫. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડનુ બંધારણ ચેરીટી કમિશનરશ્રીની કચેરી અમદાવાદના તારીખ ૨૬-૦૬-૧૯૯૨ના રોજ નોંધણી ક્રમાંક:એફ/૨૦૮/ગાંધીનગર તથા નોંધણી નંબર:ગુજ/૨૪૫/ગાંધીનગરથી મંજૂર કરાવી નોંધણી કરાવેલ છે. તા.૧૦-૦૮-૨૦૦૦ થી સરકારે આ બોર્ડને "ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર"ના નામે નિગમમાં પરિવર્તન કરેલ છે. નિગમની કચેરી ગાંધીનગર ખાતે આવેલ છે. સદરહુ નિગમમાં ૮ બિનસરકારી સભ્યો અને ૭ સરકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ રચવાનો મુખ્ય ઉદ્દેશ મોટાભાઇ ભરવાડ, નાનાભાઇ ભરવાડ, રબારી, ભોપા, કોડીયાતર, સોરઠીયા, રબારી ચંપ્યા જાતિઓ કે જેમાં શિક્ષણનું પ્રમાણ લગભગ નહીવત છે, તેઓ આરોગ્યને હાનિકારક એવા ગંદા વસવાટના સ્થળે ઝુંપડા બાંધીને રહે છે, તેઓનો વારસાગત વ્યવસાય મુખ્યત્વે પશુ ઉછેરવાનો, તેમની દેખભાળ અને દુધ વેચવાનો છે, આ જાતિઓના પ્રશ્નો તપાસી શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમો તૈયાર કરવા સલાહ સુચનો કરવાનો છે. ઉપર જણાવેલ વિગતે એન.બી.સી.એફ.ડી.સી. નવી દિલ્હી તથા રાજ્ય સરકારની સીધા ધિરાણની યોજના અંતર્ગત નિગમ દ્વારા પશુપાલન માટે ₹ ૧.૩૦/- લાખ સુધીની લોન, નાના ધંધા માટે ₹ ૨.૦૦/- લાખ સુધીની લોન અને પરિવહન યોજના માટે ₹ ૨.૦૦/- લાખ સુધીની લોન આપવામાં આવે છે.

આ નિગમની કંપની ધારા,૧૯૫૬ હેઠળ તા.૧૮/૦૫/૨૦૦૧થી નોંધાયા બાદ વર્ષ ૨૦૦૨-૦૩ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી ₹ ૮૪.૯૨/- કરોડની લોન કુલ ૧૦૭૦૧ લાભાર્થીઓને આ નિગમ દ્વારા રાજ્ય સરકારશ્રીએ નિયત કરેલ લોનની મર્યાદામાં લાભ આપેલ છે.

## ૬. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ

ગુજરાત લઘુમતી બોર્ડની રચના સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ તા.૧૪-૧૧-૭૯ના ઠરાવથી કરવામાં આવેલ હતી. આ ગુજરાત લઘુમતી બોર્ડ (ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ માટે) ની નોંધણી તા.૧૧-૦૩-૧૯૮૦ના રોજ કરવામાં આવેલ હતી. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૪-૦૯-૧૯૯૯ના ઠરાવથી સરકારે ગુજરાત લઘુમતી બોર્ડને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ નિગમની સત્તાવાર શેરમુડી ₹ ૨૦.૦૦ કરોડ છે, અને જે ₹ ૨૦.૦૦ કરોડ પુરેપુરી ભરપાઇ થયેલી છે. આ નિગમમાં ૮ બિનસરકારી સભ્યો અને ૭ સરકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. નિગમ ગાંધીનગર ખાતે કાર્યરત છે.

અલ્પસંખ્યક નિગમ રચવાનો મુખ્ય ઉદ્દેશ અલ્પસંખ્યક સમુદાયના પ્રશ્નો તપાસી તેઓના બંધારણીય હક્કના સંરક્ષણ માટેના ઉપાયો વિચારવા અને આ સમુદાયની શૈક્ષણિક તેમજ સામાજિક આર્થિક સ્થિતિ સુધારવા માટે કલ્યાણકારી યોજનાઓ ઘડવા નિગમ માટે વહીવટી ગ્રાન્ટની જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

ભારત સરકારના રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ દિલ્હી નિગમની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કાર્ય કરે છે તેમજ રાજ્ય સરકારશ્રીની યોજનાઓનું અમલીકરણ પણ કરવામાં આવે છે. ગરીબલક્ષી અને રોજગારલક્ષી કાર્યક્રમ હેઠળ લઘુમતીઓ માટે નીચે મુજબની નવી યોજનાઓ રાજ્ય સરકાર તરફથી મંજુર કરવામાં આવેલ છે.

(૧) અલ્પસંખ્યક સમુદાયના ઇસમોને સ્વરોજગાર માટે નાના ધંધા રોજગાર કરવા માટે મુદ્દતી ધિરાણની યોજના છે.

(૨) અલ્પસંખ્યક સમુદાયના વિદ્યાર્થીઓ માટે તાંત્રિક અને બિન તાંત્રિક અભ્યાસક્રમ માટે દેશમાં અને વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહત વ્યાજ દરે લોન આપવામાં આવે છે.

(૩) સારી શાખ ધરાવતી બિન સરકારી સંસ્થાઓને કે તેના સ્વસહાય જુથોને સ્વરોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે.

## ૭. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઠાકોર અને કોળી જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આ નિગમની રચના કરવામાં આવી છે.

ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછતવર્ગ નાણા અને વિકાસ નિગમ, નવી દીલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. રાજય સરકાર અને રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજુર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઇને સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. ઠાકોર અને કોળી સમાજના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા જરૂરતમંદ લોકો સ્વમાનભેર રોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગ, કામગીરી અને પરંપરાગત ધંધા વ્યવસાય, સેવાકીય ધંધા, પરિવહન સેકટર અને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવામાં આવે છે.

નિગમ શરુ થયુ ત્યારથી વર્ષ ૨૦૨૦-૨૧માં ડીસેમ્બરના અંત સુધીમાં ૧૭,૧૪૭ લાભાર્થીઓને ₹ ૧૦૧.૨૧ કરોડનું ધિરાણ કરવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન લગભગ ૪,૦૦૦ લાભાર્થીઓને ₹ ૧૨.૦૦ કરોડનું ધિરાણ કરવાનો અંદાજ છે.

## ૮. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવિષ્ટ જાતિઓ પૈકી ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિઓ મળી કુલ ૪૦ (હાલ-૩૩) જાતિઓ અતિપછાત છે. આ જાતિઓની રખડતી અને ભટકતી જીવનશૈલીના કારણે તેઓ સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે અતિપછાત છે. આ જાતિઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૩/૨૯૮૫૫/અ થી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની રચના કરવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫-૧૬ માં કાર્યરત થયેલ છે.

આ નિગમ ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ (NBCFDC), નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. નિગમ દ્વારા રાજ્ય સરકાર તથા રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજૂર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઇ સીધા-ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

વિચરતી અને વિમુક્ત જાતિના નબળી આર્થિક પરિસ્થિતી ધરાવતા જરૂરીયાતમંદ લોકો સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી અન્ય સમાજની હરોળમાં આવી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે લઘુઉદ્યોગ, કારીગરી અને પરંપરાગત ધંધા વ્યવસાય, સેવાકીય ધંધા, પરિવહન સેક્ટર અને ઉચ્ચશિક્ષણ માટે ઓછા વ્યાજના દરે લોન-ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

- આ નિગમ દ્વારા તા.૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં ૪૫૩૫ લાભાર્થીઓને ₹ ૧૯૫૫.૦૮/- લાખનું લોન-ધિરાણ આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અંદાજે ૯૦૦ લાભાર્થીઓને ₹ ૧૨૦૦.૦૦/- લાખનું લોન-ધિરાણ કરવાનો અંદાજ છે.

## ૯. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૩૦/૦૯/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. નિગમમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યો સહિત મળીને કુલ ૭ (સાત) બિનસરકારી સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ છે. નિગમનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. રાજ્ય સરકારે બિનઅનામત વર્ગોના કુટુંબો, વિદ્યાર્થીઓ અને અરજદારોના સર્વાંગી શૈક્ષણિક અને આર્થિક વિકાસની પ્રવૃતિ માટે આ નિગમની રચના કરેલ છે. નિગમ શિક્ષણનો ફેલાવો તથા ખેડૂતો, પશુપાલકો, કારીગરો અને મજૂરોને શૈક્ષણિક અને આર્થિક ઉપર્જન માટે સહાય અને રાહતના દરે ધિરાણ આપી રોજગારીની તકો પૂરી પાડશે. તથા આ માટે ભોજન બીલ સહાય, સ્પર્ધાત્મક સહાય, કોચિંગ સહાય, JEE/NEET સહાય તથા વ્યાજ સહાય જેવી સહાય યોજનાઓ તથા વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વરોજગારલક્ષી લોન તથા

પાયલોટ અભ્યાસ લોન જેવી લોન યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ વર્ગો માટે નિગમ કૌશલ્ય વર્ધન માટેની વ્યવસ્થા કરી રોજગારીની તકો પણ ઉભી કરશે. નિગમનું અધિકૃત શેરભંડોળ ₹ ૧૦૦/- કરોડનું નક્કી કરવામાં આવેલ છે. નિગમને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં શેરમૂડી પેટે ₹ ૫ કરોડ તથા ધિરાણ પ્રવૃતિઓ માટે ₹ ૪૧૬ કરોડની ફાળવણી થયેલ છે.

- તા.૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૮૬૩૩ જેટલા લાભાર્થીઓને ₹ ૧૦૯૦.૨૯/- લાખની સહાય આપવામાં આવેલ તથા ૩૨૮ જેટલા લાભાર્થીઓને ₹ ૩૬૯૩.૨૭/- લાખની લોન મંજૂર કરવામાં આવેલ છે.
- તા.૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં ૩૯૫૯૧ જેટલા લાભાર્થીઓને ₹ ૫૪૮૪.૧૦/- લાખની સહાય આપવામાં આવેલ તથા ૩૧૪૪ જેટલા લાભાર્થીઓને ₹ ૨૫૬૭૫.૪૦/- લાખની લોન મંજુર કરવામાં આવેલ છે.
- તા.૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં ૧૧૫૭૩ જેટલા લાભાર્થીઓને ₹ ૧૭૧૪.૫૯/- લાખની સહાય આપવામાં આવેલ તથા ૩,૨૧૬ જેટલા લાભાર્થીઓને ₹ ૨૩૩૩૮/- લાખની લોન મંજુર કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન અંદાજે કુલ ૭૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને ₹ ૫૦,૦૦૦/-લાખનું સહાય તેમજ લોન-ધિરાણ કરવાનો અંદાજ છે.

## ૧૦. ગુજરાત રાજય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ

દિવ્યાંગ વ્યક્તિઓને ધિરાણની સુવિધા મળી રહે તે ધ્યાને લઇ સરકાર ધ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ માંથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક APG/102017/497976/CHH-1થી ગુજરાત રાજય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. નિગમની રજીસ્ટર ઓફિસ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. ભારત સરકારના NHFDC, નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કામ કરેલ છે રાજય સરકાર અને NHFDC, નવી દિલ્હી તરફથી દર વર્ષે મંજુર થયેલ ફંડને ધ્યાનમાં લઇ સીધા ધિરાણની યોજનાઓ અમલ કરવામાં આવે છે.

કંપની એક્ટ-૨૦૧૩ અંતર્ગત તા.૧૩/૦૪/૨૦૨૦ના રોજ ગુજરાત રાજય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની નોંધણી કરવામાં આવેલ છે. આ નિગમનો હેતુ રાજયના તમામ વર્ગના દિવ્યાંગ વ્યક્તિઓ મુદતિ ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રો ફાયનાન્સ જેવી યોજનાઓ ધ્વારા દિવ્યાંગ લાભાર્થીને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સક્ષમ કરવાનો છે. નિગમની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં શેરમુડી પેટે ₹ ૧.૦૦ કરોડ અને કૌશલ્ય વર્ધન તાલીમ, નવી યોજનાઓની અમલવારી અને પ્રચાર માટે ₹ ૫.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

ભાગ -૩

પત્રક - ક

કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ

નાણાકીય જરૂરીયાત

**માગણી ક્રમાંક- ૯૧ અને ૯૫**

**મુખ્ય સદર - ૨૨૫૧, સચિવાલય સામાજિક સેવાઓ**

(₹ લાખમાં)

| ક્રમાંક | વિગત | ૨૦૧૯-૨૦ નો હિસાબ | | ૨૦૨૦-૨૧ ની જોગવાઈ | | ૨૦૨૦-૨૧ ની સુધારેલી જોગવાઈ | | ૨૦૨૧-૨૨ ની જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | માંગણી ક્રમાંક-૯૧<br>મુખ્ય સદર-૨૨૫૧<br>સચિવાલય સામાજિક સેવાઓ<br>૦૯૦ સચિવાલય | ૪૬૬.૮૯ | ૦.૦૦ | ૫૪૬.૨૭ | ૦.૦૦ | ૪૧૬.૪૬ | ૦.૦૦ | ૫૬૩.૯ | ૦.૦૦ | ૫૬૩.૯ |
| ૨ | માંગણી ક્રમાંક-૯૫<br>મુખ્ય સદર-૨૨૫૧<br>સચિવાલય સામાજિક સેવાઓ<br>૦૯૦ સચિવાલય તથા ૭૯૩ | ૨૦૨.૦૨ | ૦.૦૦ | ૨૫૮.૮૧ | ૦.૦૦ | ૨૧૮.૩૨ | ૦.૦૦ | ૨૨૯.૬૨ | ૦.૦૦ | ૨૨૯.૬૨ |
| | **કુલ સરવાળો- માંગણી-૯૧-૯૫** | **૬૬૮.૯૧** | ૦.૦૦ | **૮૦૫.૦૮** | ૦.૦૦ | **૬૩૪.૭૮** | ૦.૦૦ | **૭૯૩.૫૨** | ૦.૦૦ | **૭૯૩.૫૨** |

## ભાગ -૩

## પત્રક - ક

## કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ

## નાણાકીય જરૂરીયાત

**માગણી ક્રમાંક- ૯૪**

**મુખ્ય સદર - ૭૬૧૦ (સ.ક.પ્રભાગ)** (₹ લાખમાં)

| ક્રમાંક | ગૌણ સદર | ૨૦૧૯-૨૦નો હિસાબ | | ૨૦૨૦-૨૧ની જોગવાઈ | | ૨૦૨૦-૨૧ની સુધારેલી જોગવાઈ | | ૨૦૨૧-૨૨ ની જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | **મુખ્ય સદર-૭૬૧૦** | | | | | | | | | |
| | **સરકારી કર્મચારીઓની પેશગીઓ** | | | | | | | | | |
| | ગૌણ સદર | | | | | | | | | |
| | ૨૦૧-મકાન બાંધકામ પેશગી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| | ૨૦૨-મોટર વાહન પેશગી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| | ૨૦૩-બીજા વાહન-સાયકલ માટે પેશગી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૮૦૦-અન્ય પેશગીઓ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૧૬.૦૦** | **૦.૦૦** | **૧૦.૦૦** | **૦.૦૦** | **૨૫.૦૦** | **૨૫.૦૦** |

## ભાગ-૪

## નાણાકીય જોગવાઈની સમજૂતી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતા નથી પરંતુ આ અંગેની નીતિના અમલ ઉપર દેખરેખ રાખવાની કામગીરી હોય છે. આથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે બજેટ સદર-૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ સચિવાલય હેઠળની મંજૂર કરેલ ગ્રાન્ટનો ઉપયોગ કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાં માટે કરવામાં આવેલ છે.

તા.૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મહેકમની પગાર કક્ષાવાર પરિસ્થિતિ નીચે મુજબ હતી.

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પત્રક - ક**

તા. ૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ મંજૂર થયેલ કુલ મહેકમ.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| **પગાર ધોરણની વિગત** | | **વર્ગ-૧** | **વર્ગ-૨** | **વર્ગ-૩** | **વર્ગ-૪** | **કુલ સંખ્યા (કોલમ નં- ૩ થી ૬)** | **રીમાર્કસ** |
| (અ) સાતમું પગારપંચ | | | | | | | |
| પે-મેટ્રીક્સનું લેવલ | પે-મેટ્રીક્સના અનુરૂપ લેવલમાં લઘુત્તમ પગાર ₹ | | | | | | |
| IS-1 | ૧૪૮૦૦ | ૦ | ૦ | ૦ | ૪૩૨ | ૪૩૨ | |
| IS-2 | ૧૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૯૫ | ૯૫ | |
| IS-3 | ૧૫૭૦૦ | ૦ | ૦ | ૦ | ૫૧૯ | ૫૧૯ | |
| ૧ | ૧૮૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૨ | ૧૯૯૦૦ | ૦ | ૦ | ૪૧૭ | ૦ | ૪૧૭ | |
| ૩ | ૨૧૭૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૪ | ૨૫૫૦૦ | ૦ | ૦ | ૪૩૩ | ૦ | ૪૩૩ | |
| ૫ | ૨૯૨૦૦ | ૦ | ૦ | ૨૨૭ | ૧ | ૨૭૭ | |
| ૬ | ૩૫૪૦૦ | ૦ | ૦ | ૧૦૧૮ | ૦ | ૧૦૧૮ | |
| ૭ | ૩૯૯૦૦ | ૦ | ૦ | ૫૯૭ | ૦ | ૫૯૭ | |
| ૮ | ૪૪૯૦૦ | ૦ | ૨૦૫ | ૦ | ૦ | ૨૦૫ | |
| ૯ | ૫૩૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૧૦ | ૫૬૧૦૦ | ૬૮ | ૦ | ૦ | ૦ | ૬૮ | |
| ૧૧ | ૬૭૭૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૧૨ | ૭૮૮૦૦ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | |
| ૧૩ | ૧૧૮૫૦૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ | |
| ૧૩-A | ૧૩૧૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૧૪ | ૧૪૪૨૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૧૫ | ૧૮૨૨૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૧૬ | ૨૨૫૦૦૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ | |
| | **સરવાળો-(અ)** | **૮૫** | **૨૦૩** | **૨૬૯૨** | **૧૦૪૬** | **૪૦૨૬** | |

| (બ) છઠ્ઠુ પગારપંચ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પે બેન્ડ | ગ્રેડ-પે | | | | | | |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ | - | - | - | - | - | |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ | - | - | - | - | - | |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | - | - | - | - | - | |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | - | - | - | - | - | |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | - | - | - | - | - | |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | - | - | - | - | - | |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | - | - | - | - | - | |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | - | - | - | - | - | |
| ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | - | - | - | - | - | |
| | **સરવાળો-(બ)** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | |
| | | | | | | | |
| (ક) અન્ય | | | | | | | |
| | | | | | | | |
| આઉટસોર્સ | | ૦ | ૨ | ૫૨ | ૧૩૩ | ૧૮૭ | |
| શેટી પે કમિશન | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| કરાર આધારિત | | ૨ | ૨ | ૪૬ | ૦ | ૫૦ | |
| અન્ય | | ૫ | ૧ | ૩ | ૦ | ૯ | |
| | **સરવાળો (ક)** | ૭ | ૫ | ૧૦૧ | ૧૩૩ | ૨૪૬ | |
| | | | | | | | |
| **(ડ) ફીકસ પગાર** | | | | | | | |
| **ફીકસ પગાર** | ₹ ૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૫૦૦૦ થી ₹ ૧૦૦૦૦ સુધી | ૬ | ૦ | ૧ | ૦ | ૭ | |
| | ₹ ૧૦૦૦૧ થી ₹ ૧૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૯ | ૦ | ૯ | |
| | ₹ ૧૫૦૦૧ થી ₹ ૨૦૦૦૦ સુધી | ૧ | ૦ | ૨૮ | ૦ | ૨૯ | |
| | ₹ ૨૦૦૦૧ થી ₹ ૨૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૨૦૦૦૧ થી ₹ ૨૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૨૫૦૦૧ થી ₹ ૩૦૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૩૦૦૦૧ થી ₹ ૩૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૩૫૦૦૧ થી ₹ ૪૦૦૦૦ સુધી | ૦ | ૦ | ૨૧ | ૦ | ૨૧ | |
| | ₹ ૪૦૦૦૧ થી ₹ ૪૫૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૪૫૦૦૧ થી ₹ ૫૦૦૦૦ સુધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ₹ ૫૦૦૦૧ થી વધુ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | |
| | **સરવાળો (ડ)** | ૮ | ૦ | ૫૯ | ૦ | ૬૭ | |
| | | | | | | | |
| | **કુલ (અ)+(બ)+(ક)+(ડ)** | **૧૦૦** | **૨૦૮** | **૨૮૫૨** | **૧૧૭૯** | **૪૩૩૯** | |

# નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ.

### ભાગ-૧

### પરિચય

ભારતના લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં અને જોગવાઈઓમાં નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને સમાજના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. તેને અનુલક્ષીને પછાત વર્ગો, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજયે પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે. આ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

આ વર્ગોમાં શિક્ષણનો ફેલાવો થતાં રાજ્યની નોકરીમાં તેમના માટે નિયત કરેલ ટકાવારી મુજબ ભરતી થતાં તેમનામાં આત્મવિશ્વાસ આવતો જાય છે. પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે તેઓની આર્થિક નબળાઇ દૂર કરવી તે એક મહત્વની બંધારણીય જવાબદારી છે. ગ્રામ્ય ક્ષેત્રમાં પછાત વર્ગોની વસ્તીનો ઘણો મોટો સમુદાય ખેતમજૂરી ઉપર નભે છે. આથી તેઓના આર્થિક ઉત્કર્ષ અને રહેઠાણો માટેનું પુનઃનિર્માણ કરવાનું હાથ ધરેલ છે.

### વસ્તી

ગુજરાતમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસ્તી ૪૦.૭૪ લાખ છે. એટલે કે રાજ્યની કુલ ૬.૦૪ કરોડની વસ્તીના ૬.૭૪ ટકા છે.

અનુસુચિત જાતિઓ માટે ફાળવવામાં આવેલ ખાસ અંગભૂત યોજનાના નાણાં અન્ય જાતિઓ માટે વાપરવામાં ન આવે તે હેતુથી અલગ બજેટ પ્રથા નકકી કરવામાં આવેલ છે.

### અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પાંચ મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવેલ છે.

(૧) શિક્ષણ

(૨) આર્થિક ઉત્કર્ષ

(૩) આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ અને

(૪) નિર્દેશ અને વહીવટ

(૫) સફાઇ કામદારોનું પુનઃસ્થાપન

## વિભાગવાર પ્રવૃતિઓ નીચે મુજબ છે.

### (૧) શિક્ષણ

૧. શિક્ષણ ફી અને પ્રિ.એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી.શિષ્યવૃત્તિ.

૨. પછાત વર્ગના છાત્રાલયોને ગ્રાન્ટ-ઈન-એઈડ, સરકારી છાત્રાલયોનો નિભાવ-વિકાસ.

૩. પ્રાથમિક શાળાના બાળકોને બે જોડી ગણવેશ, સરકારી કોલેજમાં તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે બુક બેન્ક, શિક્ષણની તકો પૂરી પાડવા ખાસ પ્રોત્સાહક યોજના.

૪. અંગ્રેજી,વિજ્ઞાન અને ગણિતના વિદ્યાર્થીઓ માટે વધારાના શિક્ષણ કેન્દ્રો.

૫. આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા.

૬. એમ.ફીલ./પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ માટે ફેલોશીપ

૭. અનુસુચિત જાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ.

૮. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન.

૯. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય.

૧૦. અનુસૂચિત જાતિના ધો. ૧૦ માં ૭૦ ટકાથી વધુ ગુણ વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય.

૧૧. પાયલોટની તાલીમ માટે લોન.

૧૨ અનુસૂચિત જાતિના ધો.૧૨માં ૭૦% થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબ્લેટ આપવામાં આવે છે.

૧૩ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કરી મેડીકલ એન્જીનીયરીંગ, પ્રવેશ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વિદ્યાર્થીઓને કોચીંગ પુરૂ પાડવામાં આવે છે.

૧૪ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કરી મેડીકલ એન્જીનીયરીંગ, પોલીટેકનીક, ગુજકેટ, જી સેટ, પીએમટી અને સ્લેટ અને નેટ ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે, તેમજ સ્ટાફ સિલેકશન કમિશન, UPSC, LIC,IIM,NIFT,BANK, રેલ્વે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને આદિજાતિના ધોરણે કોચીંગ પુરૂ પાડવાની યોજના દાખલ થયેલ છે

૧૫ અનુસૂચિત જાતિના જે વિદ્યાર્થીઓ UPSC પાસ કરે તો પ્રિલીમનરી પરીક્ષાની તૈયારી માટે ₹ ૫૦૦૦૦ અને મેઈન પરીક્ષા માટે ₹ ૨૫૦૦૦ તથા અનુસૂચિત જાતિની કન્યાઓ હોય તો ₹ ૬૦૦૦૦ અને મેઈન પરીક્ષા માટે ₹ ૩૦૦૦૦ ની સહાય આપવામાં આવે છે.

૧૬ ટેલેન્ટ પુલ યોજના હેઠળ અનુ.જાતિના ધો. ૫ અને ધો. ૧૦ ના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે.

૧૭ ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ચેર જગ્યા ઉભી કરવાનું સુચવેલ છે તથા હાલ પાંચ યુનિવર્સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેરની જગ્યા કાર્યરત છે.

### (૨) આર્થિક ઉત્કર્ષ

૧. વ્યવસાયનું સ્થળ, દુકાન ખરીદ કરવા માટે લોન સહાય.

૨. માનવ ગરિમા યોજના હેઠળ નાના પાયાના ઉદ્યોગો, સ્વરોજગારના ધંધા માટે સહાય.

૩. કાયદાના સ્નાતકોને નાણાંકીય સહાય-લોન અને સિનિયર વકીલો સાથે તાલીમ આપવાની યોજના.

૪. મેડીકલ સ્નાતક/અનુસ્નાતકને નાણાંકીય સહાય-લોન.

૫. શિવણવર્ગો, કુટિર ઉદ્યોગો દ્વારા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો ચલાવવા.

૬. આઇ.એ.એસ.,આઇ.પી.એસ. તાલીમ માટે સ્ટાઇપેન્ડ, કોચીંગ એન્ડ એલાઇડ આસીસ્ટન્સ.

૭. અનુસૂચિત જાતિઓ માટે અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને નાણાંકીય સહાય.

૮. સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને સહાય.

૯. અતિ પછાત જાતિઓ હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુ.જાતિના બાવા જેવી ૧૨ અતિ પછાત જાતિઓના વિકાસ માટે ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ બોર્ડમાંથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમમાં રૂપાંતર અને નિગમને સીધા ધિરાણ માટે સહાય.

૧૦. સફાઇ કામદારોનું પુનઃ સ્થાપન.

૧૧. ડૉ. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ અને પુજ્ય મહાત્મા ગાંધી એવોર્ડ આપવાની યોજના.

૧૨. સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, દાસી જીવણ એવોર્ડ, મહાત્મા ફુલે એવોર્ડ, સાવિત્રીબાઇ ફુલે મહિલા એવોર્ડ

## (૩) આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય

૧. મફત તબીબી સહાય. ટીબી, કેન્સર, રક્તપિત્ત માટે સહાય.

૨. અનુસૂચિત જાતિની પુખ્ત વયની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ સહાય.

૩. ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન, સામાજિક બહિષ્કાર, ખૂન, બળાત્કાર, ગંભીર ઇજા હુમલા અને આફતમાં અનુસૂચિત જાતિનાં લોકોને આર્થિક મદદ. સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ અત્યાચારના ભોગ બનેલ વ્યકિતઓને રાહતો.

૪. ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ વ્યકિતગત રીતે મકાન બાંધકામ માટે નાણાંકીય સહાય તથા સફાઇ કામદારોને મકાન સહાય.

૫. સમાજ શિક્ષણ શિબિરોનું સંચાલન, અસ્પૃશ્યતા નિવારણ માટે સંમેલન ભરવા, સફાઇ કામદારો માટે જૂથ વીમા યોજના.

૬. અસ્પૃશ્યતા નિવારણ માટે ત્રણ તકેદારી એકમો જિલ્લા કક્ષાએ સઘન ઘટકો.

૭. અત્યાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૯ના અસરકારક અમલ માટે રાજ્યમાં ૨૫ ખાસ અદાલતો અને તમામ જિલ્લાઓમાં જાગરૂકતા કેન્દ્રો

૮. માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન સહાય યોજનામાં ₹ ૧૨,૦૦૦/-સહાય તથા સંસ્થાને યુગલદીઠ ₹ ૩૦૦૦/- ની સહાય વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/-પ્રમાણે સહાય આપવામાં આવે છે.

૯. રાજ્ય કક્ષાએ ડૉ.આંબેડકર ભવનનો વિકાસ અને જિલ્લા કક્ષાએ ડૉ.આંબેડકર ભવનની સ્થાપના.

૧૦. સત્યવાદી રાજા હરિષચંદ્ર મરણોત્તર સહાય યોજના

૧૧. અનુસૂચિત જાતિ પૈકી ગરો બ્રાહ્મણ જ્ઞાતિના યુવાનોને કર્મકાંડ તાલીમ.

## (૪) નિર્દેશ અને વહીવટ

સમાજ કલ્યાણ સંસ્થાઓ માટે જરૂરી છે કે અનુસુચિત જાતિઓનું કલ્યાણ અને તેઓનાં શૈક્ષણિક આર્થિક અને સામાજિક વિકાસ માટેની પ્રવૃતિઓ વધારવી. આ હેતુઓ બર લાવવા માટે રાજ્યમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી કામ કરી રહી છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સીધી દેખરેખ નીચે કામ કરી રહી છે. ખાતાના વડા નિયામકશ્રી અને તેમની મદદમાં ૧ સંયુકત નિયામકશ્રી, ૩ નાયબ નિયામક, ૨ સમાજ કલ્યાણ અધિકારી, ૧ હિસાબી અધિકારી, વર્ગ-૧, ૧ આંકડા અધિકારીશ્રી, ૧ સંશોધન અધિકારીશ્રી કામ કરે છે. અને જિલ્લા કક્ષાએ જિલ્લામાં નાયબ નિયામકશ્રી (વર્ગ-૧), સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) મ્યુનિસિપલ વિસ્તાર માટે ૫ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ તેમજ તાલુકા કક્ષાએ ૧૫૨ સમાજ કલ્યાણ નિરીક્ષક કામગીરી બજાવે છે. દરેક જિલ્લામાં ખાસ અંગભુત યોજના માટે વર્ગ-૧ના નાયબ નિયામકશ્રીની કચેરીમાં ૧ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, ૧ સિનિ.કલાર્ક વાહન સાથે એક ડ્રાઈવર, આંકડા મદદનીશ અને એક પટાવાળાની જગ્યા મંજૂર કરવામાં આવી છે. (ડાંગ જિલ્લા સિવાય)

અત્યાચાર નિવારણ માટે વિભાગીય કક્ષાએ ત્રણ નાયબ નિયામકશ્રી (તકેદારી અધિકારીશ્રી)ની કચેરીઓ, અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે કાર્યશીલ છે. ૨૬ અસ્પૃશ્યતા નિવારણ સઘન ઘટકોમાં ૨૬ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ કાર્યરત છે. રાજ્ય સરકારે નવા જાહેર કરેલા ૬ જિલ્લાઓમાં નાયબ નિયામકશ્રીની કચેરીઓ અને સમાજ કલ્યાણ અધિકારી પંચાયતની ૬ નવી કચેરીઓ, સ્ટાફ સહિત શરૂ કરવામાં આવેલ છે. તેમજ ૩૮ નવા તાલુકાઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. દરેક જિલ્લા કચેરીને કોમ્પ્યુટરની સુવિધા આપવામાં આવેલ છે અને ઇ-કાસ્ટ સર્ટી ફોટાવાળું લેમીનેશન કરીને આપવાની વ્યવસ્થા ગોઠવી છે.

## ભાગ-૨

## સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

**નાણાંકીય:**

અનુસૂચિત જાતિઓ માટે વર્ષ:૨૦૧૯-૨૦માં થયેલ ખર્ચ તથા વર્ષ:૨૦૨૦-૨૧ની સુધારેલ જોગવાઇ અને વર્ષ:૨૦૨૧-૨૨ ની જોગવાઇની વિગત નીચે મુજબ છે. આ યોજનામાં મહેસુલ, મુડી અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાની જોગવાઇનો સમાવેશ થાય છે.

(₹ લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | ખર્ચ ૨૦૧૯-૨૦૨૦ | સુધારેલ જોગવાઇ ૨૦૨૦-૨૦૨૧ | જોગવાઇ ૨૦૨૧-૨૦૨૨ |
|---|---|---|---|---|
| ૧. | વહીવટ અને નિર્દેશ | ૩૫૫૭.૫૬ | ૩૯૧૪.૩૩ | ૪૭૩૭.૮૦ |
| ૨. | આર્થિક ઉત્કર્ષની યોજનાઓ | ૧૦૭૯૭.૬૯ | ૧૨૪૦૨.૧૫ | ૯૩૪૭.૫૫ |
| ૩. | આરોગ્ય, આવાસન અને અન્ય યોજનાઓ | ૧૧૨૪૩.૫૦ | ૧૦૬૬૫.૦૦ | ૧૨૮૯૩.૮૦ |
| ૪. | શિક્ષણ | ૫૪૪૧૯.૭૯ | ૪૮૪૪૬.૭૩ | ૬૪૬૫૬.૬૦ |
| | **કુલ ....** | **૮૦૦૧૮.૫૪** | **૭૫૪૨૮.૨૧** | **૯૧૬૩૫.૭૫** |
| ૫. | સફાઇ કામદારોનું પુનઃસ્થાપન | ૧૨૧૪.૫૮ | ૧૩૫૦.૦૦ | ૧૩૦૦.૦૦ |
| ૬ | અન્ય વિભાગ/ખાતા | ૬૭૦૨.૭૮ | ૪૧૩૨.૩૨ | ૧૦૧૭૬.૧૫ |
| | **સરવાળો** | **૮૭૯૩૫.૯૦** | **૮૦૯૧૦.૫૩** | **૧૦૩૧૧૧.૯૦** |

રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિ માટે લેવાયેલાં કેટલાંક અગત્યનાં પગલાંઓની વિગત નીચે પ્રમાણે છે

(૧) ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોને બે જોડી ગણવેશ માટે ₹ ૬૦૦/-સહાય આપવામાં આવે છે.

(૨) પ્રિ.એસ.એસ.સી.શિષ્યવૃત્તિની યોજનામાં સરકારી/ગ્રાંટ ઇન એઇડ/ આશ્રમશાળા/ખાનગી શાળાઓમાં ભણતા ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ₹ ૫૦૦ અને વિદ્યાર્થીનીઓને ધોરણ ૬ થી ૧૦ માં ₹ ૭૫૦/- જ્યારે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ₹ ૫૦૦/- અને ધોરણ ૯ થી ૧૦ માં ₹ ૭૫૦/- ની વાર્ષિક શિષ્યવૃતિ આપવામાં આવે છે.

(૩) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાસ પસંદગીની શાળાઓમાં અભ્યાસ કરવા પ્રોત્સાહન આપવા માટે ₹ ૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે.

(૪) અનુસૂચિત જાતિઓ પૈકી સૌથી વધારે પછાત એવા વાલ્મિકી, હાડી, સેનવા, નાડીયા, તૂરી, ગરો, વણકર સાધુ, અનુ.જાતિના દલિત બાવા, તુરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના ધોરણ ૧ થી ૮ માં ₹ ૭૫૦/- વાર્ષિક અને ધો.૯ થી ૧૦ માં ₹ ૧૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

(૫) પોસ્ટ એસ.એસ.સી.ના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની બહેનોને આવક-મર્યાદા સિવાય એક જ મા-બાપના બે બાળકોથી વધારે બાળકો હોય તો પણ તથા પાર્ટ ટાઇમ-ફૂલ ટાઇમ નોકરી કરતી બહેનોને રાજ્ય ફંડમાંથી શિષ્યવૃત્તિ આપવાનું ઠરાવેલ છે.

(૬) એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક ₹ ૨૩૦૦/- થી ₹ ૧૨૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ જુદા-જુદા ગ્રુપ A,B,C અને Dના અભ્યાસક્રમો મુજબ આપવામાં આવે છે. તથા માન્ય શિક્ષણ ફી તથા માન્ય નોન

રીફંડેબલ ફી ચુકવવામાં આવે છે. કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે. જ્યારે અનુસૂચિત જાતિની કન્યાઓ માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૬.૦૦ લાખ રાખેલ છે.

(૭) આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને માસિક ₹ ૪૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત ૧ વર્ષના માન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે પણ માસિક ₹ ૪૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

(૮) સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિના ધો.૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને અંતર મર્યાદાના બાધ સિવાય શાળાએ આવવા જવા માટે સાયકલ આપવામાં આવે છે.

(૯) અનુસૂચિત જાતિના ધો.૧૦માં વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવાની યોજના અમલમાં છે. વિજ્ઞાન પ્રવાહમાં ધો.૧૧માં ₹ ૧૫,૦૦૦ ખરેખર ખર્ચની મર્યાદામાં ધો.૧૨માં ₹ ૧૫,૦૦૦/- ખરેખર ખર્ચની મર્યાદામાં તથા સામાન્ય પ્રવાહમાં ધો.૧૧માં ખરેખર ખર્ચની મર્યાદામાં ₹ ૮૦૦૦/- અને ધો.૧૨માં ખરેખર ખર્ચની મર્યાદામાં ₹ ૪૦૦૦/- સહાય આપવામાં આવે છે.

(૧૦) અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયો અને કોલેજ માન્ય છાત્રાલયોમાં ફૂડબીલની સહાય માસિક ₹ ૧૫૦૦/- લેખે આપવામાં આવે છે.

(૧૧) એમ. ફીલ. ના વિદ્યાર્થીઓને માસિક ₹ ૨૫૦૦ના દરે ૧૦ માસ સુધી અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને માસિક ₹ ૩૦૦૦/-ના દરે ૧૦ માસ સુધી ફેલોશીપ આપવામાં આવે છે. (થિસીસની નકલ આપવાના શરતે)

(૧૨) મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે જ (એક વખત) મેડીકલના વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/- એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ₹ ૫,૦૦૦/- અને ડીપ્લોમાના વિદ્યાર્થીઓને ₹ ૩,૦૦૦/- અભ્યાસ માટે જરૂરી સાધનો ખરીદવાની સહાય આપવાની યોજના અમલમાં છે.

(૧૩) અનુસૂચિત જાતિનાં ઉમેદવારોને પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની લોન આપવાની યોજના અમલમાં છે. તેમજ પરદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડૉ.બાબા સાહેબ આંબેડકર લોન યોજના હેઠળ ₹ ૧૫.૦૦ લાખની લોન આપવામાં આવે છે.

(૧૪) મેડીકલ, એન્જીનીયરીંગ, એગ્રીકલ્ચર, વેટરનરી, પોલીટેકનીક, લો અને સી.એ.ના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બે વિદ્યાર્થી દીઠ ૧ બુક સેટ આપવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે બુકબેંક ચલાવવામાં આવે છે તથા બાકીના જિલ્લાઓમાં નાયબ નિયામકશ્રી હસ્તક બુકબેંકની યોજના અમલમાં છે. આ યોજના કેન્દ્ર પુરસ્કૃત છે.

(૧૫) સહાયક અનુદાન મેળવતા છાત્રાલયો અને આશ્રમશાળાઓને નિભાવ ગ્રાન્ટ માસિક ₹ ૧૫૦૦/- લેખે વિદ્યાર્થી દીઠ ૧૦ માસ સુધી આપવામાં આવે છે. ગૃહપતિ અને રસોયાના વેતનમાં ૯૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે.

(૧૬) સુબેદાર રામજી આંબેડકર ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય યોજના હેઠળ ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ-ઈન-એઈડ ધોરણે છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધા આપવામાં આવે છે.

(૧૭) અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલય ચલાવવામાં આવે છે.

(૧૮) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે.

(૧૯) 'છત્રપતિ શાહુજી મહારાજ' ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાએ ધોરણ-૧૦માં પ્રથમ ક્રમે આવનારને ₹ ૪૧,૦૦૦/-, બીજા ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦/-, અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦/- જ્યારે રાજ્યકક્ષાએ ધોરણ-૧૨માં ચારેય પ્રવાહમાં પ્રથમ આવનારને ₹ ૩૧,૦૦૦/-, બીજા

ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦/- આપવામાં આવે છે. તદઉપરાંત જિલ્લાકક્ષાએ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)માં પ્રથમ ક્રમે આવનારને ₹ ૬,૦૦૦/-, બીજા ક્રમે આવનારને ₹ ૫,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૪,૦૦૦/- ના ઇનામ આપવામાં આવે છે.

(૨૦) સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને/સંસ્થાઓને એવોર્ડ આપવાની યોજના અમલમાં છે. ડૉ.આંબેડકર એવોર્ડ અને મહાત્મા ગાંધી એવોર્ડ પેટે ₹ ૨.૦૦ લાખ, દલિત સાહિત્ય એવોર્ડ માટે સંત કબીર દલિત-સાહિત્ય એવોર્ડ ₹ ૧.૦૦ લાખનો આપવામાં આવે છે. શ્રેષ્ઠ દલિતકૃતિ માટે દાસી જીવણ એવોર્ડ ₹ ૫૦૦૦૦/- નો અને શ્રેષ્ઠ દલિત પત્રકારને મહાત્માફુલે એવોર્ડ ₹ ૫૦૦૦૦/-નો આપવાની યોજના છે. દલિત મહિલા કલાકારી સાહિત્યકારોને શ્રેષ્ઠ મહિલા કલા/સાહિત્ય માટે સાવિત્રીબાઇ ફુલે એવોર્ડ ₹ ૧.૦૦ લાખનો આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી ધારકો તેમણે કરેલા સર્જનાત્મક અને વિવેચનાત્મક લખાણો તેમજ મહાનિબંધોના પ્રકાશન માટે મહારાજા સયાજીરાવ ગાયકવાડ દલિત સાહિત્ય પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/-ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.

(૨૧) માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે ધંધા/વ્યવસાયના સાધનો આપવામાં આવે છે તથા કુટીર ઉધોગ બેંકેબલ યોજનામાં સહાય આપવામાં આવે છે.

(૨૨) અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને ₹ ૭૦૦૦/- લોન અને ₹ ૫૦૦૦/- સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦ લાખ છે. અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સિનિયર વકીલ પાસે તાલીમ આપવાની યોજના હેઠળ કાયદાના સ્નાતકોને તાલીમ લેવા માટે પ્રથમ વર્ષે માસિક ₹ ૧૦૦૦/- બીજા વર્ષે માસિક ₹ ૮૦૦/- લેખે અને ત્રીજા વર્ષે માસિક ₹ ૬૦૦/- લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને તાલીમ આપનાર સિનિયર વકીલને માસિક ₹ ૫૦૦ આપવામાં આવે છે. અનુ.જાતિના જે ઇસમો બેંક મારફતે આ યોજના હેઠળ લોન ₹ ૧૦ લાખ સુધીની મેળવે તેઓશ્રીને ૪ ટકા થી ઉપરનું વ્યાજ મુજબની વ્યાજ રાહત ૩ વર્ષ સુધી આપવામાં આવે છે.

(૨૩) મેડીકલ તેમજ આર્યુવેદ અભ્યાસક્રમમાં સ્નાતક થયેલા પછાત વર્ગના ઉમેદવારોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૨૫,૦૦૦/- સબસીડી અને ₹ ૨,૫૦,૦૦૦/- ૪ ટકા વ્યાજે લોન આપવાની યોજના અમલમાં છે. તદ્ઉપરાંત એમ.એસ/એમ.ડી./ડોકટરોને કલીનીક શરૂ કરવા માટે માર્જીન મની લોન ૪ ટકાના દરે આપવામાં આવે છે તેમાં ₹ ૫૦,૦૦૦/- સહાય અને ₹ ૩,૦૦,૦૦૦/- લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવામાં આવે છે.

(૨૪) અનુસૂચિત જાતિની બહેનો માટે ૦૫ સિવણ વર્ગો ચલાવવામાં આવે છે. તાલીમ લેતી બહેનોને માસિક ₹ ૨૫૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને તાલીમના અંતે સિવણ મશીન ખરીદવા ₹ ૧૫૦૦/- સહાય આપવામાં આવે છે.

(૨૫) તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિના દર માસિક ₹ ૧૨૫ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

(૨૬) ૧૨ અતિપછાત જાતિઓ જેવી અતિપછાત જાતિઓના વિકાસ માટે ગાંધીનગર ખાતે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની રચના કરેલ છે.

(૨૭) સફાઇ કામદારોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૧૯૯૪-૯૫ થી ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ હતી જે વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી સફાઈ કામદાર વિકાસ બોર્ડને નિગમમાં ફેરવવામાં આવેલ છે.

(૨૮) અનુ.જાતિના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ, દુકાન ખરીદવા માટે ₹ ૬૦,૦૦૦/- લોન અને ₹ ૧૫,૦૦૦/- ની સહાય આપવાની યોજના અમલમાં છે. આવક મર્યાદા વાર્ષિક ₹ ૫૦,૦૦૦/- સુધીની છે. આ યોજના નગર પંચાયત વિસ્તારમાં પણ લાગુ પાડવામાં આવેલ છે. અનુ.જાતિના જે ઇસમો બેંક મારફતે

આ યોજના હેઠળ લોન ₹ ૧૦ લાખ સુધીની મેળવે તેઓશ્રીને ૪ ટકા થી ઉપરનું વ્યાજ મુજબની વ્યાજ રાહત ૩ વર્ષ સુધી આપવામાં આવે છે.

(૨૯) મફત તબીબી સહાયની યોજનામાં અનુ.જાતિનાં લોકોને ટી.બી.માટે માસિક ₹ ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી અને કેન્સર માટે ₹ ૧૦૦૦/- માસિક રોગ મટે ત્યાં સુધી આપવામાં આવે છે. રકતપિત્ત માટે ₹ ૮૦૦/- માસિક રોગ મટે ત્યાં સુધી, પ્રસુતિ માટે ₹ ૫૦૦/- અને પાંડુ રોગ માટે ₹ ૧૫૦/- કેસ દીઠ આપવામાં આવે છે. વાર્ષિક આવકનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦ લાખ છે.

(૩૦) (૧) ગાંધીનગર (૨) મહેસાણા (૩) પાલનપુર (૪) જામનગર (૫) પાટણ (૬) પોરબંદર (૭) સુરેન્દ્રનગર (૮) જુનાગઢ (૯) ભાવનગર (૧૦) અમરેલી (૧૧) રાજકોટ (૧૨) અમદાવાદ (૧૩) કચ્છ (૧૪)વલસાડ (૧૫) હિંમતનગર (૧૬) આણંદ (૧૭) ભરૂચ (૧૮) નવસારી (૧૯) રાજપીપળા(નર્મદા) (૨૦) આહવા(ડાંગ) (૨૧) ગોધરા-જિ.પંચહામલ (૨૨) નડીયાદ-ખેડા અને ૦૧ સુરત ખાતે મ્યુ.કોર્પોરેશન તરફથી ભવન બંધાયેલ છે અને ૦૧ વડોદરા ખાતે સ્વૈ.સંસ્થા.ડૉ.બી. આર.આંબેડકર ભવન સોસાયટી વડોદરા દ્વારા બંધાયેલ છે કુલ- ૨૪ જિલ્લાઓમાં ડૉ. આંબેડકર ભવન કાર્યરત છે. જેમાં મ્યુઝીયમ, લાયબ્રેરી, ઓપનએર થિયેટર, સેવાસદનમાં બાંધકામો પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે. રાજ્યમાં દરેક તાલુકા મથકોએ ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધવા માટે પણ ઠરાવવામાં આવેલ છે.

(૩૧) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે (ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં) માટે ₹ ૧.૨૦ લાખની મકાન સહાય આપવામાં આવે છે. ઉપરાંત, મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારીના ₹ ૨૦,૧૬૦/- તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટ બ્લોક માટે ₹ ૧૨,૦૦૦/- સહાય એમ મળી કુલ ₹ ૧,૫૨,૧૬૦/- સહાય આપવામાં આવે છે.

(૩૨) અનુસુચિત જાતિ અને સવર્ણ હિન્દુ વચ્ચે ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન માટે ₹ ૫૦,૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો અને ₹ ૫૦,૦૦૦/- ધરવખરી ખરીદવા કુલ ₹ ૧,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩૩) અનુસૂચિત જાતિની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. જે વધારીને ₹ ૧૨,૦૦૦/- સહાય ચુકવવા માટે નવી બાબત સુચવવામાં આવેલ છે.

(૩૪) સાત ફેરા સમૂહ લગ્ન યોજના અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગ રૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/- ની સહાય તથા સંસ્થાને યુગલ દીઠ ચુકવવામાં આવતા ₹ ૩૦૦૦/- પ્રમાણે વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- આપવામાં આવે છે.

(૩૫) સામાજિક બહિષ્કાર કે કુદરતી આફતના સમયમાં અનુસૂચિત જાતિની વ્યક્તિઓને મદદરૂપ થવા રોજના ₹ ૧૫ લેખે કુટુંબની દરેક વ્યકિતને છ માસ સુધી અથવા તો બહિષ્કારનો સમય પૂરો થાય ત્યાં સુધી બંનેમાંથી જે ઓછું હોય તેટલા સમય માટે સહાય આપવામાં આવે છે. તેમજ ઢોર દીઠ દૈનિક ₹ ૬ લેખે ઘાસચારા માટે સહાય આપવામાં આવે છે.

(૩૬) અસ્પૃશ્યતા નિવારણ માટે ત્રણ એકમ (અમદાવાદ, રાજકોટ અને વડોદરા) અને ૧૯ સઘન ઘટકો કાર્યરત છે. અનુસૂચિત જાતિના ઇસમો પર થતા અત્યાચારના નિવારણ હેતુ, અત્યાચાર અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે અત્યાચારોનો ભોગ બનતી વ્યક્તિઓ તથા કેસના સાક્ષીઓના ગુન્હાની ન્યાયિક કાર્યવાહી દરમિયાન ઉપસ્થિત રહેવા માટે પ્રવાસ ભથ્થું અને નિર્વાહભથ્થું ₹ ૧૦૦/- પ્રત્યેક દિવસ માટે ચુકવવાની જોગવાઇ છે.

(૩૭) અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના પ્રસંગે મૃત્યુવેળાએ ₹ ૮.૨૫ લાખની સહાય આપવામાં આવે છે. ૧૦૦ ટકા અશકતતા હોય તો પણ ₹ ૮.૨૫ લાખની સહાય આપવામાં આવે છે. ૫૧ થી ૯૯ ટકા અશકતતા હોય તો ₹ ૪.૫૦ લાખ અને ૫૦ ટકા કરતા ઓછી અશકતતા હોય તો ₹ ૨.૫૦ લાખ સહાય આપવામાં

આવે છે. એવી જ રીતે શારીરિક ઈજા-નુકશાનની સહાયમાં ₹ ૧.૦૦ લાખ અને બળાત્કારના કિસ્સામાં ₹ ૫.૦૦ લાખ સહાય આપવામાં આવે છે.

(૩૮) સફાઈ કામદારો માટે જુથ વીમા યોજના ગુજરાત સફાઇ કામદાર નિગમ મારફતે અમલમાં છે.

(૩૯) અસ્પૃશ્યતા નિવારણની દિશામાં કાયદો અને સમજાવટથી બંન્ને રીતે કામગીરી થાય છે. અસ્પૃશ્યતા નિવારણ માટે નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ અને ૧૯૮૯ના અસરકારક અમલ માટે એક ખાસ સેલની રચના કરવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિના લોકો ઉપર થતા અત્યાચારના કેસોમાં નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં છે.

(૪૦) સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ અત્યાચારના બનાવોમાં જુદા-જુદા પ્રકારોની રાહતો આપવામાં આવે છે.

(૪૧) અનુસૂચિત જાતિના કુટુંબોમાં વ્યક્તિના મરણ પ્રસંગે મરણોત્તરની અંતિમ ક્રિયા કરવા માટે ₹ ૫,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૪૨) અનુસૂચિત જાતિઓ માટે જાગરૂકતા કેન્દ્રો નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના ધારાનો અસરકારક અમલ થાય તે માટે ૨૫ જિલ્લાઓમાં માન્ય બીન સરકારી સંસ્થાઓને ₹ ૧૫૦૦૦/- સુધી અનુદાન આપવામાં આવે છે.

(૪૩) અનુસૂચિત જાતિના યુવાનોને કર્મકાંડની તાલીમ, વેકેશન દરમ્યાન ગાયત્રી શક્તિપીઠના સહયોગથી ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે તાલિમવર્ગો ચલાવવામાં આવે છે.

(૪૪) અનુસૂચિત જાતિના ધો.૧૨માં ૭૦% થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબ્લેટ આપવામાં આવે છે.

(૪૫) વર્ષમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કરી મેડીકલ એન્જીનીયરીંગ, પ્રવેશ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વિદ્યાર્થી દીઠ ₹ ૩૦,૦૦૦ના ખર્ચે કોચીંગ પુરૂ પાડવાની યોજના દાખલ થયેલ છે.

(૪૬) ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કરી મેડીકલ એન્જીનીયરીંગ, પોલીટેકનીક, ગુજકેટ, જી સેટ, પીએમટી અને સ્લેટ અને નેટ ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે, તેમજ સ્ટાફ સિલેકશન કમિશન, UPSC, LIC, IIM, NIFT, BANK, રેલ્વે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીદીઠ ₹ ૨૦,૦૦૦ના ખર્ચે આદિજાતિના ધોરણે કોચીંગ પુરૂ પાડવાની યોજના દાખલ થયેલ છે.

(૪૭) અનુસૂચિત જાતિના જે વિદ્યાર્થીઓ UPSC પાસ કરે તો પ્રિલીમનરી પરીક્ષાની તૈયારી માટે ₹ ૫૦૦૦૦/- અને મેઈન પરીક્ષા માટે ₹ ૨૫૦૦૦/- તથા અનુસૂચિત જાતિની કન્યાઓ હોય તો ₹ ૬૦૦૦૦/- અને મેઈન પરીક્ષા માટે ₹ ૩૦૦૦૦/- આપવાની નવી યોજના અમલમાં છે.

(૪૮) ટેલેન્ટ પુલ યોજના હેઠળ અનુ.જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવાની યોજના અમલમાં છે.

(૪૯) ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર જગ્યા ઉભી કરવાની યોજના અમલમાં છે.

**અનુસૂચિત જાતિ કલ્યાણ અંગે સને ૨૦૧૯-૨૦માં સિધ્ધ થયેલ અને ૨૦૨૦-૨૧ માં સિધ્ધ થનાર તથા ૨૦૨૧-૨૨ માટે નિયત કરેલ ભૌતિક લક્ષ્યાંકોની વિગતો નીચે પ્રમાણે છે.**

| ક્રમ | યોજનાનું નામ | સિધ્ધ થયેલ ભૌતિક લક્ષ્યાંકો ૨૦૧૯-૨૦ | ભૌતિક લક્ષ્યાંકો ૨૦૨૦-૨૧ સુચિત | ભૌતિક લક્ષ્યાંકો ૨૦૨૧-૨૨ સૂચિત |
|---|---|---|---|---|
| ૧. | **શિક્ષણ** | | | |
| (૧) | પ્રિ.એસ.એસ.સી. અભ્યાસક્રમો શિષ્યવૃતિ (લાભ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા | ૯૯,૯૩૪ | ૧,૮૪,૦૦૦ | ૧,૧૦,૦૦૦ |
| (૨) | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ મા-બાપના બાળકોને ખાસ શિષ્યવૃત્તિ | ૨,૦૦,૮૪૬ | ૨,૩૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| (૩) | પોષ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ (લાભ મેળવનાર વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા | ૧,૩૧,૨૮૪ | ૧,૪૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ |
| (૪) | બે જોડી ગણવેશ આપવાની યોજના (લાભ મેળવનારની સંખ્યા) | ૨,૮૬,૬૪૭ | ૪,૬૩,૩૦૦ | ૩,૩૫,૦૦૦ |
| (૫) | અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ | ૫૧,૭૨૫ | ૬૭,૬૭૦ | ૩૨,૦૦૦ |
| (૬) | છાત્રાલયો (ગ્રાન્ટ-ઇન-એઇડ) | ૫૯૮ | ૫૮૩ | ૫૮૭ (૨૫,૦૪૯ વિદ્યાર્થીઓ) |
| (૭) | ધો.૯ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ ભેટ (સરસ્વતી સાધના યોજના) | ૨૨,૦૭૦ | ૨૧,૭૦૦ | ૨૨૦૦૦ |
| (૮) | સરકારી છાત્રાલયો | ૮૪ | ૮૦ | ૯૦ (૬૧૧૫ વિદ્યાર્થીઓ) |
| (૯) | નિવાસી શાળાઓ | ૨૮ | ૨૮ | ૨૮ (૨૪૧૪ વિદ્યાર્થીઓ) |
| (૧૦) | આશ્રમશાળા | ૮૮ | ૮૮ | ૮૮ (૧૦,૫૭૬) વિદ્યાર્થીઓ) |
| ૨. | **આર્થિક ઉત્કર્ષ** | | | |
| (૧૧) | માનવ ગરીમા યોજના ગૃહ ઉદ્યોગ ધંધા માટે નાણાંકીય સહાય, ખેતીની જમીન ખરીદવા સહાય. | ૧૪,૬૦૫ | ૧૬,૦૦૦ | ૧૫,૦૦૦ |
| (૧૨) | મેડીકલ તથા કાયદાનાં સ્નાતકોને નાણાંકીય સહાય (લાભ મેળવનાર વ્યકિતઓની સંખ્યા) | ૭૨૭ તાલીમર્થી | ૧૦૬૦ તાલીમાર્થી | ૧૦૦૦ તાલીમાર્થી |
| (૧૩) | મહિલાઓ માટે શિવણવર્ગો | ૦૧ | ૦૧ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૪) | નાના વ્યવસાયકારોને દુકાન ખરીદવા લોન સહાય. | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૩. | **આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ** | | | |
| (૧૫) | મફત તબીબી સહાય (લાભ મેળવનાર વ્યકિતઓની સંખ્યા) | ૯૪૦૩ | ૬૩૩૫ | ૬૩૩૫ |
| (૧૬) | ડૉ. આંબેડકર આવાસ યોજના વ્યકિતગત મકાન સહાય | ૧૦,૭૮૪ | ૨૯૦૪ | ૩૭૫૧ |
| (૧૭) | ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નનોને પ્રોત્સાહન | ૮૪૬ | ૧૦૦૦ | ૮૦૦ |
| (૧૮) | વાલ્મિકી સફાઇ કામદારો માટે મકાન સહાય | ૧૯૯૬ | ૨,૦૦૦ | ૨૦૦૦ |
| (૧૯) | કુંવરબાઇના મામેરાની યોજના | ૮૩૪૫ | ૧૦,૦૦૦ | ૮૦૦૦ |
| (૨૦) | સાત ફેરા સમૂહ લગ્ન | ૧૧૭૭ | ૧૯૦૦ | ૧૯૦૦ |

## પત્રક - ક
## કાર્યક્રમ અને પ્રવૃતિનું વર્ગીકરણ
## નાણાકીય જરૂરિયાત
## માંગણી નં - ૯૫, મુખ્ય સદર : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ
## પેટા સદર-૦૧, અનુસુચિત જાતિઓનું કલ્યાણ

(₹ લાખમાં)

| ક્રમ | ગૌણ સદર | ૨૦૧૯-૨૦ નો હિસાબ | | ૨૦૨૦-૨૧ ની જોગવાઈ | | ૨૦૨૦-૨૧ની સુધારેલ જોગવાઈ | | બજેટ ૨૦૨૧-૨૨ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | મહેસુલ | મૂડી | ચાલુ બાબતો | નવી બાબતો | સ્થાયી ખર્ચ | કૂલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૦૦૧ નિર્દેશ અને વહીવટ | ૩૫૭૬.૨૦ | 0.00 | ૫૪૯૨.૫૮ | 0.00 | ૩૯૧૪.૩૩ | 0.00 | ૩૩૬૨.૩૯ | ૫૮.૮૯ | ૧૩૧૬.૫૨ | ૪૭૩૭.૮૦ |
| ૨ | ૧૦૨ આર્થિક વિકાસ | ૩૧૪૦.૪૬ | 0.00 | ૩૯૩૪.00 | 0.00 | ૩૫00.00 | 0.00 | ૨૮૫૯.00 | 0.00 | 0.00 | ૨૮૫૯.00 |
| ૩ | ૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય | ૮૩૨.૫૫ | 0.00 | ૧૦૭૮.૮૮ | 0.00 | ૧૦૨૩.૫૫ | 0.00 | ૧૨૦૮.૫૫ | 0.00 | 0.00 | ૧૨૦૮.૫૫ |
| ૪ | ૨૭૭ શિક્ષણ | ૫૪૩૩૭.૩૪ | 0.00 | ૬૬૬૦૪.૮૯ | 0.00 | ૪૮૪૪૬.૭૩ | 0.00 | ૬૩૧૩૨.00 | ૨૫૮.૪૯ | ૧૨૬૬.૧૧ | ૬૪૬૫૬.૬૦ |
| ૫ | ૨૮૨ આરોગ્ય | ૪૫૦.00 | 0.00 | ૫00.00 | 0.00 | ૩૫૦.00 | 0.00 | ૪00.00 | 0.00 | 0.00 | ૪00.00 |
| ૬ | ૨૮૩ આવાસન | ૫૩૦૪.૭૪ | 0.00 | ૩૪૮૫.૬૦ | 0.00 | ૫૫00.00 | 0.00 | ૪૫00.૮૦ | 0.00 | 0.00 | ૪૫00.૮૦ |
| ૭ | ૭૯૩ ખાસ કેન્દ્રીયસહાય | ૧૦.00 | 0.00 | ૧૨૬૦.00 | 0.00 | ૩૧૦૩.૧૦ | 0.00 | ૧૦૦૧.00 | 0.00 | 0.00 | ૧૦૦૧.00 |
| ૮ | ૮૦૦ અન્ય ખર્ચ | ૫૫૭૧.૮૭ | 0.00 | ૬૫૦૫.00 | 0.00 | ૪૮૧૫.00 | 0.00 | ૫૬૩૨.00 | ૧૩૬૦.00 | 0.00 | ૬૯૯૨.00 |
| | **સરવાળો ૧ થી ૮** | **૭૩૨૨૩.૧૬** | **0.00** | **૮૮૮૬૦.૯૫** | **0.00** | **૭૦૬૫૨.૭૧** | **0.00** | **૮૨૦૯૫.૭૪** | **૧૬૭૭.૩૮** | **૨૫૮૨.૬૩** | **૮૬૩૫૫.૭૫** |
| ૯ | મુખ્યસદર-૨૨૫૧ | ૭૮.૪૧ | 0.00 | ૧૧૦.00 | 0.00 | ૧૧૦.00 | 0.00 | ૧૫૦.00 | ૧૫૨.00 | 0.00 | ૩૦૨.00 |
| ૧૦ | મુખ્યસદર-૪૨૨૫ | 0.00 | ૩૮૨૩.૬૨ | 0.00 | ૧૩૭૨૩.૬૯ | 0.00 | ૩૯૫૫.૪૨ | ૯૦૧૯.૮૫ | ૮00.00 | 0.00 | ૯૮૧૯.૮૫ |
| ૧૧ | મુખ્યસદર-૬૨૨૫ | 0.00 | ૮૦૧૦.00 | 0.00 | ૬૬૮૭.00 | 0.00 | ૬૧૨૫.૫૦ | ૪૧૩૭.00 | ૨૪૪૩.00 | 0.00 | ૬૫૮૦.00 |
| | **સરવાળો ૯ થી ૧૧** | **૭૮.૪૧** | **૧૧૮૩૩.૬૨** | **૧૧૦.00** | **૨૦૪૧૦.૬૯** | **૧૧૦.00** | **૧૦૦૮૦.૯૨** | **૧૩૩૦૬.૮૫** | **૩૩૯૫.00** | **0.00** | **૧૬૭૦૧.૮૫** |
| | **કુલ** | **૭૩૩૦૧.૫૭** | **૧૧૮૩૩.૬૨** | **૮૮૯૭૦.૯૫** | **૨૦૪૧૦.૬૯** | **૭૦૭૬૨.૭૧** | **૧૦૦૮૦.૯૨** | **૯૫૪૦૨.૫૯** | **૫૦૭૨.૩૮** | **૨૫૮૨.૬૩** | **૧૦૩૦૫૭.૬૦** |

## ભાગ-૪

## નાણાંકીય જરૂરિયાતની સમજૂતિ

### ૧. વહીવટ અને નિર્દેશ

આ કાર્યક્રમને મહેસૂલ અને મુડી હેઠળ આવરી લઇને વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૪૭૩૭.૮૦ લાખની નિર્દેશ અને વહીવટ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

આ અંદાજપત્રમાં ખાસ કરીને અધિકારીઓના પગાર, મહેકમ, મોંઘવારી ભથ્થાં, મુસાફરી ભથ્થાં, કચેરી ખર્ચ, રેન્ટ અને ટેકસ, જાહેરાતો, બિન સરકારી સભ્યોનાં ભથ્થાં, અનુસૂચિત જાતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં રોકાયેલ પ્રચારકો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ-ઇન-એઇડ વગેરે ખર્ચનો સમાવેશ થાય છે.

નિયામકશ્રી, અનુસૂચિત કલ્યાણ ખાતામાં મહેકમ નીચે મુજબ છે.

**મહેકમ**

| ક્રમ | મહેકમની સમીક્ષા | ૦૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ(સંખ્યા) |
|---|---|---|
| ૧. | રાજ્યપત્રિત મહેકમ | ૧૨૨ |
| ૨. | બિન રાજ્યપત્રિત મહેકમ | ૧૫૫૫ |
| **કુલ** | | **૧૬૭૭** |

## મહેસૂલ મુડી અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ

**(૧) શિક્ષણ**

૧. **શિષ્યવૃત્તિ અને પૂર્વ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનો**

- અનુસૂચિત જાતિના ધો.૧ થી ૮ કુમાર/કન્યા ₹ ૫૦૦ વાર્ષિક, ધો. ૯ થી ૧૦ કુમાર/કન્યા ₹ ૭૫૦ વાર્ષિક, ધો.૬ થી ૧૦ની કન્યા (વિદ્યાર્થીનીઓને) ₹ ૭૫૦ વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃતિ આપવામાં આવે છે.
- ધો-૯ની કન્યાઓને મફત સાયકલ આપવામાં આવે છે.
- ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ માટે ₹ ૬૦૦/-આપવામાં આવે છે.
- અનુસૂચિત જાતિઓ પૈકી સૌથી વધારે પછાત એવા વાલ્મિકી, હાડી, સેનવા, નાડીયા, તૂરી, ગરો, વણકર સાધુ, અનુ.જાતિના દલિત બાવા, તુરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના ધોરણ ૧ થી ૮માં ભણતાં બાળકોને ખાસ દરે વાર્ષિક ₹ ૭૫૦/- અને ધો.૯ થી ૧૦ માં ₹ ૧૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ટેલેન્ટ પુલ યોજના - તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવાની યોજના અમલમાં છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં આ યોજના હેઠળ ₹ ૩૭૪૫.૬૯ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૫૩૮૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ ₹ ૪૩૪૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## ૨. મુનિ મેતરાજ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પૂર્વે એસ.એસ.સી. માટે શિષ્યવૃત્તિ

અસ્વચ્છ વ્યવસાય કરતી વ્યકિતઓના બાળકોને પ્રિ.મેટ્રીક સ્કોલરશીપ આપવાની કેન્દ્ર સરકારશ્રીની યોજના હેઠળ ધો.૧થી૧૦માં ડે સ્કોલરને ₹ ૨૨૫ અને હોસ્ટેલરને ₹ ૭૦૦ સુધીની શિષ્યવૃત્તિ ૧૦ માસ માટે આપવામાં આવે છે. ઉપરાંત હોસ્ટેલરને એડહોક ₹ ૧૦૦૦ અને ડે સ્કોલરને એડહોક ₹ ૭૫૦ વાર્ષિક આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૫૯૮૨.૧૨ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ₹ ૭૦૦૦.૦૦ લાખની જોગવાઇ છે. તેની સામે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૭૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૩. ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ ધો-.૯ અને ૧૦

- ધોરણ ૯ - ૧૦ના અનુ.જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિમાં, વિદ્યાર્થી આગલા ધોરણમાં પાસ હોવા જોઇએ. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૦૦ લાખ છે. શિષ્યવૃતિનો દર ડેસ્કોલરને માસિક ₹ ૧૫૦ લેખે ૧૦ માસ સુધી અને હોસ્ટેલર માસિક ₹ ૩૫૦ લેખે ૧૦ માસ સુધી આપવામાં આવે છે, જ્યારે એડહોક ગ્રાન્ટ (વાર્ષિક) ડેસ્કોલરને ₹ ૭૫૦ હોસ્ટલરને ₹ ૧૦૦૦ આપવામાં આવે છે.

આ યોજના હેઠળ ૨૦૧૯-૨૦માં ₹ ૧૮૪૨.૧૦ લાખના ખર્ચ સામે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં ₹ ૨૩૦૦.૦૦ લાખની જોગવાઇ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૯૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ૪. એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની શિષ્યવૃત્તિ / શૈક્ષણિક

- અનુ.જાતિનાં વિદ્યાર્થીઓ કે જેમણે છેલ્લી પરીક્ષા પાસ કરી હોય અને જેમના કુટુંબીજનોની વાર્ષિક આવક ₹ ૨,૫૦,૦૦૦ કરતા વધારે ન હોય તેવા વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી. સ્કોલરશીપ માસિક ₹ ૨૩૦/- થી ₹ ૧૨૦૦/- સુધી જુદા-જુદા ગૃપ પ્રમાણે આપવામાં આવે છે.
- અનુ.જાતિનાં વિદ્યાર્થીઓ કે જેઓ મેડીકલ અને ઇજનેરી કોલેજમાં ભણતાં હોય તેવા વિદ્યાર્થીઓને બુક બેન્ક મારફત વિના મૂલ્યે પુસ્તકો પૂરા પાડવામાં આવે છે. રાજ્યમાં દરેક જિલ્લામાં બુક બેન્ક ચાલુ છે. આ યોજનાને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજનામાં મર્જ કરેલ છે આ યોજનાનો કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં સમાવેશ થાય છે.

આ યોજના હેઠળ ૨૦૧૯-૨૦માં ₹ ૨૬૪૩૨.૮૨ લાખના ખર્ચ સામે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં ₹ ૨૯૫૦૦.૦૦ લાખની જોગવાઇ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૩૨૩૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ૫. સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય / શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના

- હાલ રાજ્યમાં સ્વૈચ્છિક ગ્રાન્ટ ઇન એઇડથી ચાલતી અનુસૂચિત જાતિની ૫૯૧ હોસ્ટેલો છે. આ છાત્રાલયો, માધ્યમિક શિક્ષણ મળતું હોય તેવા વિસ્તારોમાં આવેલ છે. આ છાત્રાલયોમાં જરૂરિયાતમંદ પછાતવર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ ગ્રામ્યવિસ્તારોમાંથી આવતા હોય અને જેમને માધ્યમિક શિક્ષણની સગવડ ન હોય તેવા છાત્રોને દાખલ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થી દીઠ ૧૦ માસ માટે, માસિક ₹ ૧૫૦૦/- લેખે નિભાવ ગ્રાન્ટ આપવાનું ઠરાવેલ છે, તેમજ મકાન-ભાડા, ગૃહપતિના પગાર, રસોઇયા, બિલ્ડીંગ રીપેરીંગ ખર્ચ વિ.માટે પણ ગ્રાન્ટ આપવામાં આવે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્યમાં અનુસુચિત જાતિઓ માટે ૮૮ આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી દીઠ ₹ ૧૫૦૦/- માસિક લેખે નિભાવભથ્થું ૧૦ માસ માટે આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૭૧૨૫.૫૯ લાખનો ખર્ચ કરેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૯૦૬૭.૫૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૭૬૧૬.૭૨ લાખની જોગવાઇ કરેલ છે.

## ૬. સરકારી છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા

- કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં કુલ ૮૦ સરકારી છાત્રાલયો છે. આ યોજના હેઠળ આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવાની-જમવાની તેમજ અન્ય સગવડતાઓ જેવી કે પુસ્તકાલય, રમત-ગમતો તેમજ દવાઓની સુવિધાઓ આપવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે અને તેઓ શૈક્ષણિક તેજસ્વીતા પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓ માટે નિવાસી શાળાઓ શરૂ કરેલ છે. હાલમાં ૨૮ નિવાસી શાળાઓ છે. ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં ડિઝિટલ ક્લાસરૂમ માટે ₹ ૫.૦૦ લાખની મર્યાદામાં કીટ આપવા નવી બાબત સુચવવામાં આવેલ છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે પછાતવર્ગની હોસ્ટેલો ચલાવે છે. તેઓને હોસ્ટેલોના મકાન બાંધકામ માટે કુલ ખર્ચના ૯૦ ટકા લેખે ૪.૦૦ લાખની મર્યાદાને ધ્યાનમાં લઈને ગ્રાન્ટ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૫૬૧૧.૨૫ લાખ ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૭૨૬૧.૦૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. તેની સામે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૬૫૭૦.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## ૭. પોસ્ટ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનો. (ભોજન બિલ,સાધન સહાય)

- પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિને પાત્ર હોય અને કોલેજ માન્ય છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ફુડબીલ સહાય માસિક ₹ ૧૫૦૦/- સહાય આપવામાં આવે છે.
- મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે જ (એકવખત) મેડીકલના વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/- એન્જીનીંયરીંગના વિદ્યાર્થીઓને ₹ ૫૦૦૦ અને ડીપ્લોમાના વિદ્યાર્થીઓને ₹ ૩૦૦૦/- અભ્યાસ માટે જરૂરી સાધનો ખરીદવાની સહાય આપવાની યોજના અમલમાં છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં આ યોજના માટે ₹ ૪૦૧.૮૮ લાખનો ખર્ચ કરેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૧૦૯૨.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૧૫.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

## ૮. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ડૉ.આંબેડકર લોન

- અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સવલત દેશમાં ઉપલબ્ધ નથી તેવા પોસ્ટ ગ્રેજયુએટ કેરીયર જેવા અભ્યાસ માટે પરદેશમાં જઈ અભ્યાસ કરવાના હેતુસર ₹ ૧૫.૦૦ લાખ સુધીની લોન ૪ ટકા વ્યાજ દરે આપવાની યોજના છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં વિદ્યાર્થીઓને લાભ ₹ ૩૯૧૦.૦૦ લાખનો ખર્ચ કરીને લાભ આપેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૪૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરેલ છે. તેની સામે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૪૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

## ૯. પાયલોટની તાલીમ માટે લોન

- ₹ ૨૫.૦૦ લાખની લોન ૪% વ્યાજ દરે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં ₹ ૧૦૦.૦૦ લાખનો ખર્ચ કરી વિદ્યાર્થીઓને લાભ અપાયો છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. તેની સામે ૨૦૨૧-૨૨ માં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## (૨) આર્થિક ઉત્કર્ષ

## ૧. રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજના

- નાના સ્વરોજગારીમાં રોકાયેલા ઇસમો જેવા કે શાકભાજી વાળા, હાથલારી વાળા, ફેરીયાઓ, જૂના વાસણો કપડાં વેચવાવાળા વગેરેને રોજગારી માટે ૧૯૯૬-૯૭ના વર્ષથી માનવ ગરીમા યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને ધંધા/વ્યવસાયના સાધનો આપવામાં આવે છે.

- કાયદાના ધંધામાં સ્થાયી થવા માટે કાયદા સ્નાતકોને ₹ ૫૦૦૦/ સહાય અને ₹ ૭૦૦૦/ વ્યાજ મુકત લોન આપવામાં આવે છે. તથા તબીબી સ્નાતકોને ₹ ૨૫,૦૦૦/ સહાય અને ₹ ૨,૦૦,૦૦૦ લોન આપવામાં આવે છે.

- સફાઇ કામદારોને માથે મેલું ઉપાડવાની પ્રથા નાબુદ કરવાના અભિગમ રૂપે આ લોકોને બીજા ધંધામાં પુનઃસ્થાપન કરવા માટે પ્લાન યોજના અમલમાં છે. સફાઈ કામદારોને તેમના અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ આપવા માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર (સેનેટરીમાર્ટ) યોજના હેઠળ રાજ્યમાં સેનેટરી માર્ટ સને ૨૦૦૧ થી શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઇ કામદારના પુનઃસ્થાપન માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં નાણાંકીય મદદ કરવા માટે

૨૦૧૯-૨૦ માં ₹ ૧૨૧૪.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧ માં ₹ ૧૩૬૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. ૨૦૨૧-૨૨ માં ₹ ૧૩૦૦.૦૦ લાખની જોગવાઇ કરી છે.

### ૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.

- આ નિગમ સંપૂર્ણ રીતે રાજ્ય સરકાર દ્વારા ચાલે છે. જેનું ધ્યેય અનુ.જાતિઓની વ્યકિતઓને બેન્કેબલ યોજનાઓ હેઠળ લોન-સહાય આપી ગરીબી રેખાથી ઉપર લાવી તેમનું જીવન-ધોરણ ઉચું લાવવાનું છે. આ નિગમને સને ૧૯૭૯ થી ભારતીય કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધીને સ્વાયત્ત સંસ્થા બનાવવામાં આવી છે. જેમાં રાજ્ય સરકારનો ફાળો ૫૧ ટકા છે. તેની સામે કેન્દ્ર સરકારનો ફાળો ૪૯ ટકા છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૫૦૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૫૬૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઈ કરેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૬૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાંટ ઉપરાંત લોન ધિરાણ માટે જોગવાઇ કરી છે.

### ૩. રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા તાલીમ યોજના

- અનુસૂચિત જાતિના લાયકાતવાળા ઉમેદવારોને એરહોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પીટાલીટી મેનેજમેન્ટની તાલીમ આપવામાં આવે છે.

સને ૨૦૨૦-૨૧ માં ₹ ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

- અનુસૂચિત જાતિના શિક્ષિત બેરોજગારોને હાઇસ્કીલની તાલિમ રહેવા-જમવાની સગવડ સાથે આપવામાં આવે છે. જે દ્વારા નોકરીની તકો પુરી પાડવામાં આવે છે. આ તાલીમ ડિ-સેગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૬૩૦.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરી છે.

## (૩) આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

### ૧. આરોગ્ય તબીબી યોજના:

આ યોજના હેઠળ ટી.બી. જેવા ગંભીર કેસ માટે માસિક ₹ ૫૦૦/-દર્દ મટે ત્યાં સુધી અને કેન્સર જેવા જીવલેણ રોગ માટે ₹ ૧૦૦૦/- દર મહિને દર્દ મટે ત્યાં સુધી આપવામાં આવે છે. રકતપિત્ત માટે માસિક ₹ ૮૦૦/-દર્દ મટે ત્યાં સુધી, પ્રસુતિના કેસોમાં ₹ ૫૦૦/-કેસ દીઠ આપવામાં આવે છે. આ યોજનાનો અમલ હાલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માં ₹ ૪૫૦.૦૦ લાખનો ખર્ચ કરેલ છે. સને ૨૦૨૦-૨૧માં ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઇ સામે સને ૨૦૨૧-૨૨ માં ₹ ૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૨. ડૉ.આંબેડકર આવાસ યોજના

અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ કુટુંબોને કે જેઓ પાસે રહેવા લાયક ઘર/મકાન ન હોય, પોતાનું જર્જરિત મકાન ધરાવતા હોય, પોતાનો ખુલ્લો પ્લોટ હોય તેવા ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે શહેરી વિસ્તારમાં ₹ ૧,૨૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમા ₹ ૧,૨૦,૦૦૦/- સહાય ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમા મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારીના ₹ ૨૦,૧૬૦/- તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટ બ્લોક માટે ₹ ૧૨,૦૦૦/- સહાય એમ મળી કુલ ₹ ૧,૫૨,૧૬૦/- સહાય આપવામાં આવે છે. આ યોજનામા વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમા ₹ ૧,૫૦,૦૦૦/- છે. અતિપછાત જાતિ માટે આવકમર્યાદા નથી.

સને ૨૦૧૯-૨૦માં ₹ ૫૨૩૭.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સને ૨૦૨૦-૨૧ માં ₹ ૩૪૮૫.૬૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૪૫૦૦.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## ૩. સામાજિક અને સશક્તિકરણ. (કુંવરબાઈના મામેરૂ, માઇ રમાબાઇ સાત ફેરા સમૂહ લગ્ન, સમાજ શિક્ષણ શિબીરો)

- અનુસુચિત જાતિ અને સવર્ણ હિન્દુ વચ્ચે ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન માટે ₹ ૫૦.૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો અને ₹ ૫૦,૦૦૦/- ઘરવખરી ખરીદવા કુલ ₹ ૧,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે, જેમાં વાર્ષિક આવકમર્યાદા નથી.
- અનુસૂચિત જાતિની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આ યોજનામા વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્યવિસ્તારમાં ₹ ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમા ₹ ૧.૫૦ લાખ છે. વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં ₹ ૧૦,૦૦૦/-સહાયમાં વધારો કરી ₹ ૧૨,૦૦૦/- સહાય આપવા માટે નવી બાબત સુચવેલ છે.
- અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગ રૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/- ની સહાય તથા સમુહ લગ્નોનું આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ ₹ ૩૦૦૦/- ની સહાય વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.
- માહિતી, શિક્ષણ અને પ્રચાર/પ્રસાર (આઇ.ઇ.સી) યોજનાઓની માહિતી અને પ્રચારના હેતુ માટે ખાસ જોગવાઇ કરવામાં આવી છે.

સને ૨૦૧૯-૨૦માં ₹ ૨૫૨૬.૭૪ લાખનો ખર્ચ થયેલ છે. ૨૦૨૦-૨૧માં ₹ ૩૦૬૫.૦૦ લાખની જોગવાઇ કરેલ હતી. જેની સામે ૨૦૨૧-૨૨માં ₹ ૨૪૫૭.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ૪. અંત્યેષ્ટી માટે સહાય (સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય)

અનુસૂચિત જાતિનાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા કુટુંબોમાં મરણ પ્રસંગે અંતિમક્રિયા કરવા માટે કેટલીકવાર નાણાં ધિરનાર પાસેથી નાણાં લેવાના પ્રસંગ ઉપસ્થિત થતા હોય છે. આથી આવા ગરીબ કુટુંબોને સહાયરૂપ થવા માટે આવા પ્રસંગે રૂા.૫૦૦૦/- સહાય આપવામાં આવે છે.

સને ૨૦૧૯-૨૦માં ₹ ૮૬૭.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે ૨૦૨૦-૨૧માં ₹ ૭૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૬૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## ૫. નાગરીક એકમ

અસ્પૃશ્યતા નિવારણની દિશામાં કાયદો અને સમજાવટ બંને રીતે કામગીરી થાય છે. અસ્પૃશ્યતાના ગુના માટે નાગરીક હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ અમલમાં છે. જ્યારે પ્રચાર અને સમજાવટ માટે કાર્ય શિબિરો, વર્કશોપ સાધુસંત સંમેલનો, અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહની ઉજવણી, પોસ્ટરો, પુસ્તિકા વગેરે દ્વારા

લોકમાનસ ઘડવામાં આવે છે. નાગરીક હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ તથા અનુસુચિત જાતિઓ અને જનજાતિઓ પર થતા અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ના અસરકારક અમલ માટે સમાજ કલ્યાણ ખાતામાં એક ખાસ સેલની રચના કરવામાં આવી છે. વિભાગીય કક્ષાએ ત્રણ તકેદારી એકમો અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે કાર્યરત છે. ૨૬ અસ્પૃશ્યતા નિવારણ સઘન ઘટકોમાં ૨૬ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ફરજ બજાવે છે.

**અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારના બનાવોમાં નીચે મુજબ આર્થિક સહાય ગુનાના પ્રકાર અને કલમો મુજબ પાત્રતાના આધારે આપવામાં આવે છે.**

| વિગત | | સહાય |
|---|---|---|
| ખૂન/મૃત્યુ | કમાઉ/ બિન કમાઉ | ₹ ૮.૨૫ લાખ |
| કાયમી અશકતતા | ૧૦૦ ટકા અશકતા | ₹ ૮.૨૫ લાખ |
| | ૫૧-૯૯ ટકા અશકતા ઓછી | ₹ ૪.૫૦ લાખ |
| | ૫૦ ટકાથી ઓછી અશકતા | ₹ ૨.૫૦ લાખ |
| ગેંગરેપ | | ₹ ૮.૨૫ લાખ |
| બળાત્કાર | | ₹ ૫.૦૦ લાખ |
| ઇજા | | ₹ ૧.૦૦ લાખ |

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૨૫૦૨.૮૪ લાખનો ખર્ચ કરેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૨૭૫૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૨૮૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

### ૬. અત્યાચાર ભોગ બનેલ માટે પુનર્વસન આકસ્મિક યોજના

નાગરીક હકક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ અને અનુસુચિત જાતિ, જનજાતિ પરના અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ના અસરકારક અમલ માટે અને અસરગ્રસ્તોને સમયસર નાણાંકીય સહાય નુકશાનના પ્રમાણમાં મળી શકે તે માટે રાજ્ય સરકારે કન્ટીજન્સી પ્લાન તૈયાર કરેલ છે. આ યોજના માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ સહાય મેળવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાએથી, જિલ્લા, તાલુકા કક્ષા સુધી વહીવટી તંત્રને સંગીન કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૩૮.૦૭ લાખનો ખર્ચ કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

### ૭. ડૉ.આંબેડકર ભવન

ભારતના બંધારણના ઘડવૈયા અને 'ભારતરત્ન' ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૨૪ જિલ્લાઓમાં ભવનોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં સુરત ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને વડોદરા ખાતે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બંધાયેલ ભવનોનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૯૦૦.૦૦ લાખનો ખર્ચ કરેલ છે વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૧૪૧૯.૬૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫૬૮.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૮. સફાઈ કામદારો માટેની જૂથ વિમા યોજના:

સફાઈ કામદારો માટે જુથવીમા યોજના ગુજરાત સફાઇ કામદાર નિગમ મારફતે અમલમાં છે.

સફાઇ કામદારો માટે ગુજરાત સરકાર જુથ જનતા અકસ્માત વીમા કવચ યોજના હેઠળ સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોના સફાઇ કામદારોને આવરી લઇ, જો સફાઇ કામદારનું ફરજ દરમ્યાન ગટરમાં ગેસ ગુંગળામણથી આકસ્મિક મૃત્યુ થાય તો ₹ રૂા.૧.૦૦ લાખનું વીમા કવચ પુરું પાડે છે. જેની વીમા કંપની તરફથી ચુકવણી કરવામાં આવે છે.

વધુમાં, સફાઇ કામદારનું ફરજ દરમ્યાન ગેસ ગળતર થતાં ગટરમાં ગુંગળામણથી મૃત્યુ થાય તો ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ તરફથી મૃત્તકના વારસદારને સફાઇ કામદાર કુટુંબ/આશ્રિતના પુનર્વસન માટે કુલ ₹ રૂા.૨.૦૦ લાખની સહાય આપવામાં આવે છે. આ યોજનાનો ખર્ચ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાય (**SCW-12**) હેઠળ કરવામાં આવે છે.

## સને ૨૦૨૧-૨૨ની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની મંજુર આવેલ નવી બાબતોની યાદી

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૨૧-૨૨ માં સૂચિત ફેરફાર | નાણાંકિય જરૂરિયાત (₹ લાખમાં) |
|---|---|---|---|
| 1. | SCW-૮ સરકારી છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા બીસીકે-૨૪ સમરસ છાત્રાલયો | ➢ SC,SEBC અને ST માટેના સમરસ છાત્રાલયોમાં રાઉન્ડ કલોક ૮૭ વોર્ડનની આઉટસોર્સથી નવી જગ્યા ઉભી કરવા<br>➢ ૧૬ સમરસ છાત્રાલય × ૮૭ વોર્ડન × ૧૫,૦૦૦× ૧૨ માસ = ₹ ૧૫૬.૬૦ લાખ (કુલ રકમના અનુસૂચિત જાતિના ૧૫ ટકા મુજબ ₹ ૨૩.૪૯ લાખ થાય ) | ૨૩.૪૯ |
| 2. | SCW-૮ સરકારી છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા | ➢ ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ માટે ડિઝીટલ કલાસરૂમ માટે ₹ ૫.૦૦ લાખની મર્યાદામાં કીટસ આપવા બાબત. | ૧૪૦.૦૦ |
| 3. | બીસીકે-૨૮ આદર્શ નિવાસી શાળાઓ | ➢ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ સામાન્ય પ્રવાહની શાળા પૈકી ધો-૧૨ નો એક વર્ગ ચાર જુદા જુદા સ્થળે<br>(૧) આ.નિ.શા મુન્દ્રા, કચ્છ, (કુમાર)<br>(૨) આ.નિ.શા લખપત, કચ્છ (કુમાર),<br>(૩) આ.નિ.શા મોડાસા-અરવલ્લી (કુમાર),<br>(૪) આ.નિ.શા પોરબંદર (કુમાર) ખાતે ધો-૧૨નો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબત.<br>તમામ ખર્ચ = ₹ ૯૫.૦૦ લાખ | ૯૫.૦૦ |
| 4. | SCW-૧૯ બીસીકે -૫૫ કુંવરબાઇનું મામેરા સહાય યોજના | ➢ અનુસૂચિત જાતિના કુંટુંબના ફકત એકજ ના બદલે ૨ (બે) દિકરીઓના લગ્નપ્રસંગે, હાલની સહાય ₹ ૧૦,૦૦૦ વધારીને ₹ ૧૨,૦૦૦/- સહાય આપવા બાબત.<br>➢ ₹ ૨,૦૦૦× ૮૦૦૦ લાભાર્થીઓ= ₹ ૧૬૦.૦૦ લાખ | ૧૬૦.૦૦ |
| 5. | SCW-૨૦ ડૉ. આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ | ➢ સંકલ્પભૂમી વડોદરા ખાતે વધારાની કામગીરી માટે. | ૧૨૦૦.૦૦ |
| 6. | SCW-૨૩ બીસીકે- ૬૬ બધી કક્ષાઓ વહીવટી તંત્રને સંગીન બનાવવુ | ➢ અત્રેની તાબા હસ્તકની નાયબ નિયામક, અનુ.જાતિની કચેરી, બોટાદ તથા નવસારી ખાતે રીનોવેશન કરાવવા બાબત. ₹ ૨૩.૯૬ લાખ | ૨૩.૯૬ |
| 7. | | ➢ અત્રેની તાબા હસ્તકની નાયબ નિયામક, અનુ.જાતિની કચેરી, બનાસકાઠાં તથા પોરબંદર ખાતે રીનોવેશન કરાવવા બાબત. ₹ ૨૦.૯૩ લાખ | ૨૦.૯૩ |
| 8. | (૦૫) SCW-૨૩ બધી કક્ષાઓ વહીવટી તંત્રને સંગીન બનાવવુ | ➢ જિલ્લા કચેરીની જુના કન્ડમ પાત્ર વાહન સામે નવા વાહનની ખરીદી<br>➢ ૨ વાહન × ₹ ૭.૦૦ લાખ = ₹ ૧૪.૦૦ લાખ | ૧૪.૦૦ |
| 9. | ૨૫ બધી કક્ષાઓ વહીવટી તંત્રને સંગીન બનાવવું બીસીકે-૬૭ માહિતી અને પ્રૌદ્યોગિકી | ➢ વડી કચેરી તથા જિલ્લા કચેરીના ઉપયોગ સારૂ નવા<br>➢ ૨૯૧ - કોમ્પ્યુટર, ૨૭૬-પ્રિન્ટર અને ૧૨૭ સ્કેનરની જરૂરીયાત બાબત.<br>➢ ₹ ૧૫૨.૦૦ લાખ | ૧૫૨.૦૦ |
| 10. | SCW-૨૯ બીસીકે-૨૮ મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ | ➢ આદર્શ નિવાસી શાળા (કન્યા અ.જા) ભૂજ જિ.કચ્છના જુના મકાનને તોડીને નવા બાંધકામ બાબત.<br>➢ ₹ ૧૦૦.૦૦ લાખ | ૧૦૦.૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૨૧-૨૨ માં સૂચિત ફેરફાર | નાણાંકિય જરૂરિયાત (₹ લાખમાં) |
|---|---|---|---|
| 11. | બીસીકે - ૨૫ સરકારી કુમાર છાત્રાલયના બાંધકામ | ➢ નરસિહ ભગત કુમાર છાત્રાલય, પાલડી, અમદાવાદના બ્લોક-એનુ મકાન તોડી નવું મકાન તથા વર્ગ-૪ના કવાર્ટસને તોડી ગ્રાઉન્ડ ફલોર તથા ૪ માળનું બાંધવા બાબત.<br>➢ ₹ ૧૦૦.૦૦ લાખ | ૧૦૦.૦૦ |
| 12. | | ➢ સરકારી કુમાર છાત્રાલય મહેસાણા ખાતે મકાન બાંધકામ બાબત. ₹ ૧૦૦.૦૦ લાખ (કડી) | ૧૦૦.૦૦ |
| 13. | **SCW**-૩૧ બીસીકે - ૨૬ સરકારી કન્યા છાત્રાલયના બાંધકામ | ➢ સરકારી કન્યા છાત્રાલય ભાવનગર(₹ ૧૦૦.૦૦ લાખ) ખાતે મકાન બાંધકામ બાબત. | ૧૦૦.૦૦ |
| 14. | | ➢ સરકારી કન્યા છાત્રાલય વિસનગર, જિ.મહેસાણા(₹ ૧૦૦ લાખ) ખાતે મકાન બાંધકામ બાબત. | ૧૦૦.૦૦ |
| 15. | **SCW**-૩૧ સમરસ કન્યા છાત્રાલયના બાંધકામ | ➢ સમરસ કન્યા છાત્રાલય ગાંધીનગર (૧૦૦.૦૦ લાખ) ખાતે મકાન બાંધકામ બાબત. | ૧૦૦.૦૦ |
| 16. | **SCW**-૩૩ ડૉ.આંબેડકર ભવનો ફાઉન્ડેશન બાંધકામ | ➢ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષાનું નવું ભવન બાંધવા બાબત.<br>➢ ₹ ૧૦૦.૦૦ લાખ | ૧૦૦.૦૦ |
| 17. | **SCW**-૩૬ આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા લોન<br>-ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ,<br>-ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ<br>-ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ➢ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર<br>➢ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર<br>➢ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગાંધીનગર<br>➢ આર્થિક ઉત્કર્ષ માટે ત્રણેય નિગમોમાં દ્વારા લોન ધિરાણ બાબત. | ૨૪૪૩.૦૦ |
| 18. | નવું સદર<br>**SCW**-39 શેર કેપીટલ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ➢ બીસીકે.૪૧ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૧૦૦.૦૦ |
| | | **કુલ** | **૫૦૭૨.૩૮** |

# નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી

# નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ

**ભાગ-૧**

## પરિચય

ભારતના લોક કલ્યાણના હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અને જોગવાઈઓમાં નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને સમાજના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. તેને અનુલક્ષીને પછાતવર્ગો, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજ્યે પંચવર્ષીય યોજનાઓ તથા નીતિ આયોગ દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે. આ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

આ વર્ગોમાં શિક્ષણનો ફેલાવો થતાં રાજ્યની અન્ય નોકરીમાં તેમના માટે નિયત કરેલ ટકાવારી મુજબ ભરતી થતાં તેમનામાં આત્મવિશ્વાસ આવતો જાય છે. પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે તેઓની આર્થિક નબળાઈ દૂર કરવી તે એક મહત્વની બંધારણીય જવાબદારી છે. ગ્રામ્ય ક્ષેત્રમાં પછાતવર્ગોની વસ્તીનો ઘણો મોટો સમુદાય ખેતમજૂરી ઉપર નભે છે. આથી તેઓનો આર્થિક ઉત્કર્ષ અને રહેઠાણો માટેના પુનઃનિર્માણ કરવાનું હાથ ધરેલ છે.

## વસ્તી

સામાજિક શૈક્ષણિક પછાતવર્ગમાં કુલ ૧૪૬ જાતિઓનો સમાવેશ થયેલ છે. જે કુલ વસ્તીના આશરે ૫૨ ટકા જેટલી થાય છે.

## બક્ષી કમીશન

૧૯૭૨ના ઓગસ્ટ માસમાં સરકારશ્રીએ શ્રી એ.આર.બક્ષીના અધ્યક્ષપદ હેઠળ ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશના ઉચ્ચકક્ષાના કમિશનની નિમણૂક કરી હતી. આ કમિશને ૭૮ જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવા ભલામણ કરી છે અને તે મુજબ આ ભલામણોનો તા. ૧-૪-૭૮ થી અમલ કરવામાં આવેલ છે. હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની કુલ ૧૪૬ જાતિઓ માન્ય છે.

## લઘુમતીઓ

ગુજરાત રાજ્યમાં લઘુમતીઓ માટે ઉચ્ચકક્ષાની સલાહકાર સમિતિ નીમવામાં આવેલ હતી ત્યાર બાદ આ અંગે અસરકારક પગલા લેવા નવેમ્બર, ૧૯૭૯માં લઘુમતી બોર્ડની રચના કરવામાં આવી છે અને જેનું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે. લઘુમતી કલ્યાણ માટે અલગ યોજનાઓ હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૧) ધાર્મિક લઘુમતીઓઃ મુસલમાન, ખ્રિસ્તી, બૌધ્ધ, પારસી અને શીખ અને જૈન.

(૨) ભાષાકીય લઘુમતીઃ ઉર્દૂ, મરાઠી અને સિંધી.

નવા આયોજન વ્યુહમાં સામાજિક ન્યાયની ઉચ્ચ અગ્રતા જોતા તમામ પછાતવર્ગોના વિકાસ અને કલ્યાણ માટે વધુ ધ્યાન આપવાની જરૂરીયાત વધુ અગત્યની બનેલી છે. સામાજિક સમાજ રચનાના નવ ઘડતરમાં પછાતવર્ગોના કલ્યાણ માટે દુર્લક્ષ સેવી શકાય નહી. સમાજના ભદ્રવર્ગમાં ઘર કરી બેઠેલી અસ્પૃશ્યતા અને ગરીબાઈમાં તેમજ અજ્ઞાનતામાં સબડતા પછાતવર્ગમાંથી આ બન્ને દુષણોને દુર કરવા માટે તેમજ પછાતવર્ગના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમોને અગ્રીમતા આપવામાં આવી છે.

**પછાતવર્ગ કલ્યાણ યોજના મુખ્ય ચાર વિભાગોમાં વહેચવામાં આવેલ છે.**

૧. શિક્ષણ ૨. આર્થિક ઉત્કર્ષ ૩. આરોગ્ય, ગૃહનિર્માણ અને અન્ય યોજનાઓ ૪. વહિવટ અને નિર્દેશન

**વિભાગવાર પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.**

**(૧) શિક્ષણ**

૧. શિક્ષણ ફી, પરીક્ષા ફી અને પ્રિ.એસ.એસ.સી અને પોસ્ટ એસ. એસ. સી. શિષ્યવૃત્તિ

૨. પછાતવર્ગના છાત્રાલયોને ગ્રાન્ટ ઈન એઈડ તથા સરકારી છાત્રાલયો.

૩. પ્રાથમિક શાળાના બાળકોને મફત બે જોડ ગણવેશ સહાય, સરકારી કોલેજમાં તબીબી અને ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે બુક બેન્ક, શિક્ષણની તકો પુરી પાડવા ખાસ પ્રોત્સાહક યોજના.

૪. મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને મેડીકલ અને એન્જીનીયરીંગના સાધનો ખરીદવા નાણાંકીય સહાય.

૫. ધોરણ ૧૦ની પરીક્ષામાં, ધોરણ ૧૨ની પરીક્ષામાં દરેક પ્રવાહમાં પ્રથમ ક્રમમાં આવનારને ઈનામી યોજના.

૬. આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ, સરકારી છાત્રાલયો.

૭. ધોરણ ૯માં ભણતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની અને આર્થિક પછાતવર્ગોની કન્યાઓને સાયકલ સહાય આપવાની યોજના.

૮. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન.

૯. એમ.ફીલ અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને ફેલોશીપ.

૧૦. સ્વનિર્ભર કોલેજમાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ.

૧૧. ધો. ૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબલેટ.

૧૨. ખ્યાતનામ સ્કૂલોમાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ.

૧૩. અતિ પછાત, વધુ પછાત જાતિ અને વિચરતી-વિમુકત જાતિના ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય.

૧૪. ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને નીટ, જી-ગુજકેટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ માટે પ્રોત્સાહક સહાય.

**(૨) આર્થિક ઉત્કર્ષ**

૧. નાના પાયાના ઉધોગો, સ્વરોજગાર, વાંસકામ અને વંશપરંપરાગત ધંધા માટે સહાય.

૨. કાયદાના સ્નાતકોને/ મેડીકલ સ્નાતક-અનુસ્નાતકને નાણાંકીય સહાય.

૩. સીવણવર્ગો, કુટિર ઉદ્યોગો દ્વારા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર ચલાવવા.

૪. આઈ.એ.એસ, આઈ.પી.એસ, સી.એ., આઈ.સી. ડબલ્યુની તાલીમ માટે સ્ટાઈપેન્ડ, પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર

૫. સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ તથા લઘુમતીઓ માટે લઘુમતી નિગમને નાણાંકીય સહાય.

૬. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લેખકો - કવિઓને સાહિત્ય પ્રકાશન માટે નાણાંકીય સહાય.

૭. કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય.

## (૩) આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય:

૧ વ્યક્તિગત રીતે મકાન સહાય

૨ સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગની કન્યાના લગ્ન પ્રસંગ મામેરા માટે નાણાંકીય સહાય

૩ સાતફેરા સમુહ લગ્ન પ્રસંગે નાણાંકીય સહાય

૪ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિકાસને લગતી પ્રવૃતિઓ કરતી વ્યકિતઓને ₹ ૧.૦૦ લાખનો પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ અને વિકાસને લગતી પ્રવૃતિઓ કરતી સ્વૈચ્છીક સંસ્થાને ₹ ૧.૦૦ લાખનો નાલંદા એવોર્ડ

## (૪) નિર્દેશ અને વહીવટ

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક પછાતવર્ગો, લઘુમતિઓ અને વિચરતી-વિમુકત જાતિઓનું કલ્યાણ અને તેઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજીક વિકાસ માટેની પ્રવૃતિઓ વધારવી વિગેરે હેતુઓ બર લાવવા માટે રાજ્યમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી કામ કરી રહી છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુક્ત જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓના અમલ માટે ખાતાના વડા, નિયામકશ્રીની કચેરીમાં સંયુક્ત નિયામકશ્રી, નાયબ નિયામકશ્રીઓ, સમાજકલ્યાણ અધિકારીઓ વગેરે કામ કરે છે. જ્યારે જીલ્લા કક્ષાએ દરેક જીલ્લામાં ૧ નાયબ નિયામકશ્રી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ કામ કરી રહ્યા છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ લઘુમતિ કલ્યાણનું પણ કામ કરે છે.

# સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

**નાણાંકીય**

પછાતવર્ગ કલ્યાણ અંગે ૨૦૧૯-૨૦માં થયેલ ખર્ચ અને ૨૦૨૦-૨૧માં અને વર્ષ ૨૦૨૧-૨૨માં કરેલ જોગવાઈની વિગત નીચે પ્રમાણે છે. આ યોજનામાં પ્લાન, નોન-પ્લાન અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

(₹ લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | ખર્ચ ૨૦૧૯ - ૨૦૨૦ | જોગવાઈ ૨૦૨૦ - ૨૦૨૧ | જોગવાઈ ૨૦૨૧-૨૦૨૨ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શિક્ષણ | ૯૨૦૭૯.૮૪ | ૧૦૪૨૦૧.૩૦ | ૯૯૧૯૩.૩૩ |
| ૨ | આર્થિક વિકાસ | ૩૨૪૧૭.૬૪ | ૬૫૧૦૩.૬૫ | ૬૨૬૨૧.૦૦ |
| ૩ | આરોગ્ય ગૃહનિર્માણ અને અન્ય યોજનાઓ | ૨૦૩૩૪.૬૨ | ૨૧૪૦૧.૪૫ | ૧૮૪૩૯.૩૯ |
| ૪ | નિર્દેશ અને વહિવટ | ૨૬૮૫.૭૪ | ૩૦૧૨.૬૫ | ૨૯૦૬.૦૯ |
| | **કુલ** | **૧૪૭૫૧૭.૮૪** | **૧૯૩૭૧૯.૦૫** | **૧૮૩૧૫૯.૮૧** |

**રાજ્ય સરકાર દ્વારા પછાતવર્ગના ઉત્કર્ષ માટે લેવાયેલા કેટલાંક અગત્યના પગલાંની વિગત નીચે પ્રમાણે છે.**

૧. પ્રિ.એસ.એસ.સી. અભ્યાસક્રમ માટે ધોરણ ૧ થી ૧૦માં ₹ ૫૦૦ થી ₹ ૭૫૦ સુધીની વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૨. પ્રાથમિક શિક્ષણ સુધીની શૈક્ષણિક સવલતો અંગેની આવક મર્યાદા રદ કરવામાં આવી છે.

૩. સહાયક અનુદાન મેળવતાં છાત્રાલય અને આશ્રમશાળાઓના બાળકોને માસિક ₹ ૧૫૦૦ નિભાવ ભથ્થું આપવામાં આવેલ છે. મકાન બાંધકામ માટે ₹ ૪.૦૦ લાખ સુધી સહાય આપવામાં આવે છે.

૪. સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, લઘુમતીઓ માટે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ અને રબારી ભરવાડ જાતિઓ માટે ગોપાલક વિકાસ નિગમની અને ઠાકોર અને કોળી જાતિઓ માટે ઠાકોર અને કોળી વિકાસ નિગમની તેમજ વિચરતી-વિમુક્ત જાતિઓ ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમ તેમજ બિન અનામત વર્ગો માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી છે.

૫. પોસ્ટ એસ.એસ.સી અભ્યાસક્રમમાં અપાતી શિષ્યવૃત્તિના દરોમાં તેમજ શિષ્યવૃત્તિ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. કન્યાઓ માટે આવક મર્યાદા અને બીજી શરતો હળવી કરવામાં આવેલ છે.

૬. મેડીકલ, એન્જિનીયરીંગમાં ભણતા વિકસતી જાતિનાં વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦/- ભોજનબીલ રાહત આપવામાં આવે છે.

૭. મેડીકલ તેમજ આયુર્વેદ અભ્યાસક્રમમાં સ્નાતક થયેલા પછાત વર્ગના ઉમેદવારોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૬૫,૦૦૦/- પૈકી, ₹ ૨૫,૦૦૦/- સહાય અને ₹ ૪૦,૦૦૦/- ૪ ટકાના દરે લોન આપવાની

યોજના અમલમાં છે. તદઉપરાંત એમ.એસ./એમ.ડી ના ડૉકટરોને કલીનીકના વ્યવસાય માટે માર્જીન મની લોન ૪% ના દરે આપવામાં આવે છે. તેમાં ₹ ૭,૫૦૦/- સહાય આપવામાં આવે છે.

૮. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે ૩૩ નિવાસી શાળા શરૂ કરવામાં આવેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમના લાભો આપવા આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- વાર્ષિક કરવામાં આવી છે.

(બ) કન્યાઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના લાભ આવકની મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે.

૧૦. સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ જાહેર થયેલ જાતિઓના તમામ બાળકોને તેમજ લઘુમતિ કોમોના ધોરણ ૧ થી ૮માં ભણતા બાળકો માટે ₹ ૬૦૦/- ની ગણવેશ સહાય આપવાની યોજના અમલમાં છે.

૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના છાત્રાલયો અને આશ્રમશાળાની માન્ય સંખ્યાના ૨૫% સુધી પ્રવેશ માટે જગ્યાઓ અનામત રાખવા ઠરાવેલ છે.

૧૨. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તબીબી સ્નાતકોને ₹ ૪૦,૦૦૦/- લોન તથા ₹ ૨૫,૦૦૦/- સહાય અને કાયદાના સ્નાતકોને ₹ ૭,૦૦૦/- લોન અને ₹ ૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૧૩. વિકસતી જાતિના યુવાનોને આઇ.એ.એસ/આઇ.પી.એસની તાલીમ માટે માસિક ₹ ૧૦૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત પુસ્તકો ખરીદવા માટે ₹ ૫૦૦/- આપવામાં આવે છે.

૧૪. માનવ ગરીમા યોજના જેમાં સ્વરોજગારમાં રોકાયેલ પછાતવર્ગના લાભાર્થીઓને સાધન સહાય આપવામાં આવે છે.

૧૫. સિવણવર્ગના સ્ટાઇપેન્ડના માસિક ₹ ૨૫૦/- આપવામાં આવે છે. તેમજ ₹ ૬,૦૦૦/- ની મર્યાદામા સિલાઇ મશીન ખરીદવા સહાય આપવામાં આવે છે.

૧૬. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિઓને વ્યક્તિગત ધોરણે મકાન માટે ₹ ૧.૨૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. આવી યોજનાઓનો લાભ સમાન દરે આર્થિક રીતે પછાત વર્ગોને આપવા જરૂરી જોગવાઇ કરેલ છે.

૧૭. વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં પ્રથમ ૧ થી ૩ ક્રમમાં પાસ થનારને ₹ ૩૧,૦૦૦/- થી ₹ ૧૧,૦૦૦/- સુધી ઇનામ આપવાની યોજના અમલમાં છે.

૧૮. સ્વનિર્ભર કોલેજમાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી.ના અભ્યાસક્રમો માટે ₹ ૫૦,૦૦૦/- શિષ્યવૃતિ આપવામાં આવે છે.

૧૯. સામાજિક અને શૈક્ષણિક તેમજ આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓને લગ્ન પ્રસંગે સરકારશ્રી તરફથી કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૨૦. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના સમુહ લગ્નમાં જોડાનાર યુગલને યુગલદીઠ ₹ ૧૨,૦૦૦/- અને લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ ₹ ૩,૦૦૦/ સહાય આપવામાં આવે છે.

૨૧. સા.શૈ.પ.વ.ના લેખકો- કવિઓને સાહિત્ય પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૨૨. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને કળા, કૌશલ્યના સાધનો ખરીદવા ₹ ૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૨૩. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃતિઓ કરતી વ્યકિતઓને ₹ ૧.૦૦/- લાખનો પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ આપવામાં આવે છે.

૨૪. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃતિઓ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને ₹ ૧.૦૦/- લાખનો નાલંદા એવોર્ડ આપવામાં આવે છે.

૨૫. ધો. ૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ સહાય આપવામાં આવે છે.

૨૬. ખ્યાતનામ સ્કૂલોમાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવે છે.

૨૭. અતિ પછાત, વધુ પછાત જાતિ અને વિચરતી-વિમુકત જાતિના ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવામાં આવે છે.

૨૮. ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને નીટ, જી, ગુજકેટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ માટે ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

**પછાતવર્ગ કલ્યાણ અંગે થયેલ કામગીરી અંગે વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં સિદ્ધ કરેલ તથા વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટે નિયત કરેલ ભૌતિક લક્ષ્યાંકોની વિગત નીચે પ્રમાણે છે.**

| ક્રમ | યોજનાનું નામ | સિધ્ધ થયેલ ભૌતિક લક્ષ્યાંક | (સુચિત ભૌતિક લક્ષ્યાંકો ) | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૯ - ૨૦૨૦ | ૨૦૨૦ - ૨૦૨૧ | ૨૦૨૧-૨૦૨૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **૧** | **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું કલ્યાણ** | | | |
| ૧ | પરીક્ષા ફી પ્રિ.એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૨૪,૦૫,૧૩૯ | ૨૬,૦૦,૦૦૦ | ૨૪,૨૫,૦૦૦ |
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૩૦,૧૬૭ | ૩૫,૪૦૦ | ૨૭,૦૦૦ |
| ૩ | મફત ગણવેશ યોજના | ૨૦,૮૫,૧૭૫ | ૨૩,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ |
| ૪ | નવા છાત્રાલયો | ૭૭૦ છાત્રાલયનો નિભાવ | ૭૭૦ છાત્રાલયનો નિભાવ | ૭૭૦ છાત્રાલયનો નિભાવ |
| ૫ | વ્યકિતગત મકાન સહાય | ૨૩,૭૩૯ | ૧૩,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૬ | પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ |
| ૭ | મહિલા સિવણ વર્ગો | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ |
| ૮ | નાના ઉદ્યોગ ધંધા | ૧૨૦૮ | ૨૨,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૯ | મામેરા માટે સહાય | ૨૨,૦૦૦ | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| **૨** | **આર્થિક રીતે પછાતવર્ગોનું કલ્યાણ** | | | |
| ૧ | પરીક્ષા ફી પ્રી એસ.એસ.સી અભ્યાસ ક્રમમાં શિષ્યવૃત્તિ | ૪,૯૧,૦૪૭ | ૪,૭૫,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ | ૫૮૪૪ | ૬૨૫૦ | ૪૧૬૫ |
| ૩ | ગૃહ ઉદ્યોગ ધંધા માટે સહાય | ૨૩ | ૧૧૫૦ | ૧૧૭૫ |
| ૪ | મફત કપડાની યોજના | ૩,૯૯,૦૩૫ | ૪,૧૫,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| ૫ | મામેરા માટે સહાય | ૬૪૩૮ | ૫,૦૦૦ | ૫,૦૦૦ |
| **૩** | **લઘુમતિઓનું કલ્યાણ** | | | |
| ૧ | પરીક્ષા ફી પ્રી એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૪,૧૦,૩૯૨ | ૪,૦૦,૦૦૦ | ૪,૨૫,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ | ૮૯૬ | ૧૫૫૦ | ૧૦૪૧ |
| ૪ | ગૃહઉદ્યોગ ધંધા માટે સહાય | ૧૯ | ૧૧૫૦ | ૧૦૦૦ |
| ૫ | મફત ગણવેશ યોજના | ૩,૬૭,૬૨૩ | ૩,૮૫,૦૦૦ | ૩,૭૫,૦૦૦ |
| ૪ | **વિચરતી વિમુક્ત જાતિનું કલ્યાણ** | | | |
| ૧ | પ્રી એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૪,૬૬,૬૦૦ | ૪,૭૫,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૨ | મફત ગણવેશ | ૪,૬૧,૪૮૩ | ૪,૫૦,૦૦૦ | ૪,૭૫,૦૦૦ |
| ૩ | સ્વરોજગારી માટે સહાય | ૧૦૬૪ | ૬૦૦ | ૧૦૦૦ |
| ૪ | મકાન સહાય | ૧૯૩૨ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | સ્વનિર્ભર કોલેજમાં શિષ્યવૃતિ | ૪૩૧૨ | ૩૦૦૦ | ૨૯૦૦ |

## પત્રક-ક

## કાર્યક્રમ અને પ્રવૃતિનું વર્ગીકરણ

## નાણાંકીય જરૂરિયાત

### માંગણી નં - ૯૨, મુખ્ય સદર : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ

(₹ લાખમાં)

| ક્રમ | ગૌણ સદર | ૨૦૧૯-૨૦નો હિસાબ | | ૨૦૨૦-૨૧ની જોગવાઇ | | ૨૦૨૦-૨૧ની સુધારેલ જોગવાઇ | | ૨૦૨૧-૨૨ની બજેટ જોગવાઇ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસૂલી | મૂડી | મહેસૂલી | મૂડી | મહેસૂલી | મૂડી | ચાલુ બાબતો | નવી બાબત | સ્થાયી ખર્ચ | કૂલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૦૦૧ નિર્દેશ અને વહીવટ | ૨૬૪૧.૭૬ | ૦.૦૦ | ૨૯૧૨.૬૫ | ૦.૦૦ | ૨૮૮૨.૬૫ | ૦.૦૦ | ૧૬૬૮.૦૦ | ૧૭.૦૦ | ૧૦૭૧.૦૯ | ૨૭૫૬.૦૯ |
| ૨ | ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિનું કલ્યાણ | ૯૯૫૦.૫૫ | ૦.૦૦ | ૧૧૨૯૫.૯૭ | ૦.૦૦ | ૧૧૧૨૦.૭૫ | ૦.૦૦ | ૧૦૨૦૭.૦૫ | ૦.૦૦ | ૨૫૦.૮૯ | ૧૦૪૫૭.૯૪ |
| ૩ | ૧૦૨ આર્થિક વિકાસ | ૨૪૩૩.૨૩ | ૦.૦૦ | ૪૭૫૯.૮૦ | ૦.૦૦ | ૩૬૦૯.૮૦ | ૦.૦૦ | ૪૧૦૯.૮૦ | ૦.૦૦ | ૮.૧૬ | ૪૧૧૭.૯૬ |
| ૪ | ૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાંકીય સહાય | ૫૭૮.૩૩ | ૦.૦૦ | ૭૫૫.૦૦ | ૦.૦૦ | ૬૫૮.૦૦ | ૦.૦૦ | ૮૨૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૨૦.૦૦ |
| ૫ | ૨૭૭ શિક્ષણ | ૭૯૫૧૮.૨૪ | ૦.૦૦ | ૮૮૫૩૬.૩૫ | ૦.૦૦ | ૭૭૦૩૬.૩૫ | ૦.૦૦ | ૮૧૫૦૩.૦૦ | ૩૬૫.૦૦ | ૨૫૯૯.૫૮ | ૮૪૪૬૭.૫૮ |
| ૬ | ૨૮૨ આરોગ્ય | ૧૮૦૦.૦૦ | ૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭૦૦.૦૦ |
| ૭ | ૨૮૩ આવાસન | ૧૨૫૭૬.૯૬ | ૦.૦૦ | ૮૯૫૦.૦૦ | ૦.૦૦ | ૧૨૯૮૮.૦૦ | ૦.૦૦ | ૯૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૦૦૦.૦૦ |
| ૮ | ૮૦૦ અન્ય ખર્ચ | ૪૩૫૩.૪૪ | ૦.૦૦ | ૮૮૮૧.૫૦ | ૦.૦૦ | ૬૫૩૬.૭૦ | ૦.૦૦ | ૫૬૨૨.૦૦ | ૫૦૦.૦૦ | | ૬૧૨૨.૦૦ |
| | **સરવાળો ૧ થી ૮** | **૧૧૩૮૫૨.૫૧** | **૦.૦૦** | **૧૨૭૭૯૧.૨૭** | **૦.૦૦** | **૧૧૬૫૩૨.૨૫** | **૦.૦૦** | **૧૧૪૬૨૯.૮૫** | **૮૮૨.૦૦** | **૩૯૨૯.૭૨** | **૧૧૯૪૪૧.૫૭** |
| | માંગણી ક્રમાંક : ૯૧ મુ.સ. ૨૨૫૧ | ૪૦.૮૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૬૧.૮૫ | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦.૦૦ |
| | માંગણી ક્રમાંક : ૮૪ માર્ગ અને મકાન | ૦.૦૦ | ૮૭૬.૮૨ | ૦.૦૦ | ૩૮૬૮.૦૦ | ૦.૦૦ | ૯૦૦.૦૦ | ૩૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૨૦૦.૦૦ |
| ૯ | મુખ્ય સદર - ૪૨૨૫ | ૦.૦૦ | ૧૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૧૦૧.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૧૦૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૦૧.૦૦ |
| ૧૦ | મુખ્ય સદર - ૬૨૨૫ | ૦.૦૦ | ૩૦૭૨૦.૩૨ | ૦.૦૦ | ૬૦૬૩૦.૪૦ | ૦.૦૦ | ૫૨૨૮૬.૪૦ | ૫૩૨૭૦.૧૫ | ૫૭૫૦.૦૦ | ૦.૦૦ | ૫૯૦૨૦.૧૫ |
| | **સરવાળો ૯ થી ૧૦** | **૪૦.૮૦** | **૩૨૬૯૭.૧૪** | **૧૦૦.૦૦** | **૬૫૫૯૯.૪૦** | **૬૧.૮૫** | **૫૩૨૮૬.૪૦** | **૫૭૭૨૧.૧૫** | **૫૭૫૦.૦૦** | **૦.૦૦** | **૬૩૪૭૧.૧૫** |
| | **કુલ સરવાળો** | **૧૧૩૮૯૩.૩૧** | **૩૨૬૯૭.૧૪** | **૧૨૭૮૯૧.૨૭** | **૬૫૫૯૯.૪૦** | **૧૧૬૫૯૪.૧૦** | **૫૩૨૮૬.૪૦** | **૧૭૨૩૫૧.૦૦** | **૬૬૩૨.૦૦** | **૩૯૨૯.૭૨** | **૧૮૨૯૧૨.૭૨** |

## ભાગ - ૪

## નાણાંકીય જરૂરિયાતની સમજુતી

### ૧. નિર્દેશ અને વહીવટ

આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે ₹ ૨૭૫૬.૦૯/- લાખની નિર્દેશ અને વહીવટ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

આ સદરે ખાસ કરીને અધિકારીઓના પગાર, મહેકમ, મોંઘવારી ભથ્થા, કચેરી ખર્ચ, રેન્ટ અને ટેક્ષ, જાહેરાતો, બીન સરકારી સભ્યોના ભથ્થા, પછાતવર્ગના ઉત્કર્ષ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં રોકાયેલ પ્રચારકો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન વગેરેનો સમાવેશ થાય છે.

**મહેકમ**

| ક્રમ | મહેકમની સંખ્યા | ૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ |
|---|---|---|
| ૧ | રાજ્યપત્રિત મહેકમ | ૮૦ |
| ૨ | બિનરાજ્યપત્રિત મહેકમ | ૧૩૩૭ |
| | **કુલ** | **૧૪૧૭** |

**શૈક્ષણિક યોજનાઓ**

### ૧. અન્ય પછાતવર્ગો, લઘુમતિઓ અને વિચરતી-વિમુક્ત જાતિના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન

૧. ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતિ તેમજ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૮માં સરકારી શાળામાં ₹ ૫૦૦/- અને ધોરણ ૯ થી ૧૦માં ₹ ૭૫૦/- અને કન્યાઓને ધોરણ ૧ થી ૫માં વાર્ષિક ₹ ૫૦૦/- અને ધોરણ ૬ થી ૧૦માં વાર્ષિક ₹ ૭૫૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૨. સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા હોય તેઓને વાર્ષિક ₹ ૬૦૦ ની ગણવેશ સહાય આપવામાં આવે છે.

૩. ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગની કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૪૭૫૫૩.૨૭/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૫૨૪૦૦.૨૫/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૪૮૫૮૫.૨૫/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૨. અન્ય પછાત વર્ગોના પોસ્ટ એસ.એસ.સી પછીના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન

૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓ અને અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડીગ્રી અને ડીપ્લોમા અભ્યાસક્રમો માટે ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ જૂથ A થી E માટે ₹ ૯૦૦/- થી ₹ ૪૨૫૦/- ના વાર્ષિક દરે શિષ્યવૃતિ આપવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી વિમુકત જાતિઓના વિદ્યાર્થીઓને આઇ.ટી.આઇ ના અભ્યાસક્રમો માટે માસિક ₹ ૪૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

૩. મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦/- ભોજનબીલ રાહત આપવામાં આવે છે.

૪. મેડીકલ અને એન્જીનીયરીંગના સાધનો ખરીદવા ₹ ૩૦૦૦/- થી ₹ ૧૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.

૫. એમ.ફીલ ના અભ્યાસક્રમ માટે માસિક ₹ ૨૫૦૦/- અને પીએચડી માટે માસિક ₹ ૩૦૦૦/- વૃતિકા આપવામાં આવે છે.

૬. વિચરતી-વિમુક્ત જાતિના સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ફી, ટ્યુશન ફી, રજીસ્ટ્રેશન ફી તેમજ શિષ્યવૃતિ માટે ₹ ૫૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૬૩૮૭.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૭૫૪૭.૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૧-૨૦૨૨માં ₹ ૭૦૬૯.૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૩. ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને આશ્રમ શાળાઓ

૧. રાજ્યમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને વિચરતી વિમુક્ત જાતિઓના માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૭૭૪ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

૨. રાજ્યમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને વિચરતી વિમુક્ત જાતિઓના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૧૮૭ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા, જમવા અને ભણવાની સવલત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૧૬૨૮૫.૮૮/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૧૬૯૯૪.૮૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૦૨૨માં ₹ ૧૬૮૫૭.૨૫/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૪. સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ:-

૧. ધોરણ ૧૧-૧૨ અને મેડીકલ, એન્જિનીયરીંગ તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં કુલ ૬૩ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

૨. ધો.૯ થી ૧૨ના અભ્યાસક્રમો માટે રાજ્યમાં ૩૩ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા, જમવા અને ભણવાની સવલત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૫૯૭૯.૭૨/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૯૧૬૬.૭૫/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૮૭૧૪.૫૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**આર્થિક ઉત્કર્ષની યોજનાઓ**

**૫. સ્વરોજગારી માટે નાણાંકીય સહાય**

૧. સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગ તથા લઘુમતિ જાતિના લોકોને એકમ દીઠ કુલ કિંમતના ૧/૩ ભાગ અથવા ₹ ૧૦,૦૦૦/- ની મર્યાદામાં રહીને સબસીડી પેટે મંજૂર કરવામાં આવે છે. જ્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની અતિ પછાતવર્ગની અતિ પછાત ૧૨ જાતિઓમાં એકમ દીઠ ૫૦ ટકા અને વધુમાં વધુ ₹ ૫૦૦૦/-ની મર્યાદામાં સબસીડી મંજૂર કરવામાં આવે છે.

૨. માનવ ગરિમા યોજના અંતર્ગત સ્વરોજગારી માટે સાધન સહાય આપવામાં આવે છે.

૩. સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કારીગરોને કલા કૌશલ્યના સાધનો ખરીદવા ₹ ૫૦૦૦/- સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૧૭૩૧.૦૦/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૩૭૬૩.૩૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૩૧૭૭.૮૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**૬. કૌશલ્યવર્ધક વિકાસ તાલીમ**

૧. ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને નીટ, જી, ગુજકેટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ માટે ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

૨. ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને આઇઆઇએમ, સેપ્ટ, એનએલયુની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ માટે ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

૩. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિની બહેનોને સિવણની તાલીમ માટે માસિક ₹ ૨૫૦/- વિચરતી-વિમુક્ત જાતિની બહેનોને માસિક ₹ ૩૫૦/- સ્ટાઇપેન્ડ અને સિલાઇ મશીન ખરીદવા ₹ ૬૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૪. વિકસતી જાતિના ઉમેદવારો આઇ.એ.એસ./આઇ.પી.એસ.ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે તેમને ₹ ૧૦૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. જ્યારે પુસ્તક ખરીદવા ₹ ૫૦૦/- ની સહાય એક જ વખત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૭૪૯.૭૪/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૧૦૯૧.૫૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૩૮.૦૫/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ**

**૭. પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક પછાતવર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિની વ્યક્તિઓને મકાન બાંધવા ₹ ૧,૨૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૧૩૯૩૧.૬૫/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૧૦૭૪૪.૯૫/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૪૦૦.૦૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૮. સામાજિક ઉત્થાન અને વિકાસ માટે નાણાંકીય સહાય

૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગની કન્યાને લગ્નપ્રસંગે મામેરાના ખર્ચને પહોંચી વળવા માટે ₹ ૧૦,૦૦૦/- નાણાંકીય સહાય આપવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો સામાજિક સુધારાના ભાગરૂપે સમુહ લગ્નમાં જોડાય તેને પ્રોત્સાહન આપવાના હેતુસર સમુહ લગ્નમાં જોડાયેલ પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ ₹ ૨૦૦૦/- વધુમાં વધુ ૨૫ યુગલો માટે ₹ ૫૦,૦૦૦/- આપવામાં આવે છે.

૩. સામાજિક પરિવર્તન માટે અને ખાતાની યોજનાનો પ્રચાર અને જાણકારી માટે સામાજિક શિબિર યોજવાનું નક્કી કરેલ છે. જેનો ખર્ચ એક કેમ્પ દીઠ ₹ ૫૦૦૦/- અંદાજવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૩૬૧૦.૦૨/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૩૨૦૬.૫૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૩૭૧૭.૦૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૯. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના મુકરર કરેલ તાલુકાઓ માટે ખાસ યોજના

વર્ષ ૧૯૮૯-૯૦થી ખાસ પ્લાન હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ઘનિષ્ઠ અને નોંધપાત્ર વસ્તી ધરાવતા ૧૩૫ તાલુકાઓમાં વ્યક્તિલક્ષી અને લાભાર્થીલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાઓ જિલ્લા આયોજન મંડળ દ્વારા હાથ ધરવામાં આવે છે. આ તાલુકાઓમાં પાયાની અને માળખાકીય સવલતો જેવી કે પીવાનું પાણી, એપ્રોચ રોડ, વિજળીકરણ, આશ્રમશાળાઓ, છાત્રાલયો, શિક્ષણ, આરોગ્ય પેટા કેન્દ્રો જેવી સવલતો પૂરી પાડવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૬૭૫.૦૦/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૬૭૫.૦૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૪૦૫.૦૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## ૧૦. શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે લોન

૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૧૫.૦૦ લાખની ૪ ટકા વ્યાજના દરે લોન આપવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની ૪ ટકા વ્યાજના દરે લોન આપવામાં આવે છે.

૩. કાયદાના વ્યવસાયમાં સ્થાયી થવા માટે કાયદા સ્નાતકોને ₹ ૫૦૦૦/- સહાય અને ₹ ૭૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવામાં આવે છે. તબીબી સ્નાતકોને ₹ ૨૫,૦૦૦/- સહાય અને ₹ ૪૦,૦૦૦/- ૪ ટકાના દરે લોન આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ₹ ૨૫૨૧.૩૫/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦-૨૧માં ₹ ૨૫૫૪.૨૦/- લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ₹ ૨૭૨૯.૦૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## વર્ષ ૨૦૨૧-૨૨માં રજુ થયેલ નવી બાબતની યાદી

## (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ)

| ક્રમ | નવી બાબત | જાતિ | રકમ (₹ લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ લર્નીંગ પ્રોજેકટ શરૂ કરવા | સા.શૈ.પ.વ | ૧૭૫.૦૦ |
| ૨ | અગિરીયા જાતિની ૫ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ લર્નીંગ પ્રોજેકટ શરૂ કરવા | સા.શૈ.પ.વ | ૨૫.૦૦ |
| ૩ | મામેરા માટેની સહાય ₹ ૧૦,૦૦૦/- થી વધારીને ₹ ૧૨,૦૦૦/- કરવા | સા.શૈ.પ.વ | ૪૦૦.૦૦ |
| ૪ | મામેરા માટેની સહાય ₹ ૧૦,૦૦૦/- થી વધારીને ₹ ૧૨,૦૦૦/- કરવા | સા.શૈ.પ.વ | ૧૦૦.૦૦ |
| ૫ | પાટણ ખાતે SC/ST/OBCના વિદ્યાર્થીઓ માટે શરૂ થનાર સમરસ છાત્રાલયના મહેકમ વેતન, વિદ્યાર્થીઓના ભોજન ખર્ચો માટે | સા.શૈ.પ.વ | ૧૬૫.૦૦ |
| ૬ | જિલ્લા નાયબ નિયામક ગાંધીનગર અને જુનાગઢ માટે કન્ડમ સામે નવી ગાડી ખરીદવા | સા.શૈ.પ.વ | ૧૬.૦૦ |
| ૭ | વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરી માટે ડીઝીટલ ડુપ્લીકેટર મશીન ખરીદવા | સા.શૈ.પ.વ | ૧.૦૦ |
| ૮ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમને રાજય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન | સા.શૈ.પ.વ | ૫૭૫૦.૦૦ |
| | | **કુલ** | **૬૬૩૨.૦૦** |

# નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી

# નિયામકશ્રી, સમાજ સુરક્ષા

**ભાગ-૧**

**પ્રસ્તાવના**

સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, મુખ્યત્વે અનાથ, નિરાધાર, ઉપેક્ષિત, ત્યજાયેલ બાળકો, વૃદ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ જેવા સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટે કામ કરે છે. સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા તેઓને સામાજીક કાયદાઓના માધ્યમથી રક્ષણ, આશ્રય, શિક્ષણ તથા વ્યવસાયિક તાલિમ જેવી સગવડો આપી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવામાં સહાય કરે છે. સંસ્થાકીય અને બિન સંસ્થાકીય સગવડો દ્વારા તેઓને તકો પુરી પાડી તેમના સંપૂર્ણ હકો ભોગવવા સુસજ્જ કરવામાં આવે છે.

## નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી દ્વારા થતી કામગીરી

સમાજ સુરક્ષા પ્રભાગની તમામ કલ્યાણકારી યોજનાઓની કામગીરી નીચે મુજબના ૧૦ પ્રકારના કાયદાની જોગવાઈ મુજબ અમલમાં છે.

૧. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬

૨. ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ -૧૯૫૮

૩. ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ - ૧૯૫૯

૪. ભારતીય પુન:વસન સંસ્થાનો ધારો -૧૯૯૨

૫. અશક્ત વ્યક્તિઓના અધિકાર અધિનિયમ - ૨૦૧૬

૬. નેશનલ ટ્રસ્ટ એક્ટ -૧૯૯૯

૭. ધ જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એક્ટ - ૨૦૧૫

૮. ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ - ૨૦૦૭

૯. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ -૨૦૧૨

૧૦. ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના (અધિકારોનું રક્ષણ) અધિનિયમ-૨૦૧૯

## ❖ વૃદ્ધ કલ્યાણ યોજનાઓ

- **રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના**

રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૬-૧૯૮૩-છ, તા.૦૧/૦૪/૨૦૦૮ થી રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ છે.

રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ, ગરીબી રેખા હેઠળ ૦ થી ૨૦ B.P.L સ્કોર ધરાવતા ૬૦ થી ૭૯ વર્ષ સુધીના વય ધરાવતા ૭૪ વર્ષ સુધીના વૃદ્ધોને માસિક ₹ ૭૫૦/- (રાજ્ય સરકારના ₹ ૫૫૦+ ભારત સરકારના ₹ ૨૦૦)ની સહાય આપવામાં આવે છે. તથા ૮૦ થી ઉપરની વય ધરાવતા વૃદ્ધોને માસિક સહાય ₹ ૧૦૦૦/- (રાજ્ય સરકારના ₹ ૫૦૦+ ભારત સરકારના ₹ ૫૦૦)ની સહાય ચુકવવામાં આવે છે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને વય વંદના યોજના હેઠળ વર્ષ:-૨૦૧૯-૨૦માં કુલ ૭,૦૬,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા માટે ₹ ૬૪૭૮૦.૦૦/- લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ

હતી. માર્ચ-૨૦૨૦માં કુલ-૮,૪૮,૪૯૯ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ:-૨૦૨૦-૨૧ કુલ-૯,૫૦,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૭૫૩૦૬.૦૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. માહે જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ - ૮,૭૧,૬૨૫ લાભાર્થીઓને કુલ ₹ ૬૧૯૨૧.૦૯/- લાખ લાભાર્થીઓના પોતાના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. મારફતે પેન્શન સહાય ચુકવેલ છે.

- **નિરાધાર વૃદ્ધો અને નિરાધાર દિવ્યાંગનો નિભાવ માટેની નાણાંકીય સહાય**

આ યોજના હેઠળ, ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ કે તેથી વધુ વયના વૃદ્ધો જેમનો ૨૧ વર્ષ થી મોટા પુત્ર ન હોય તેવા વૃધ્ધો અને ૭૫ ટકા દિવ્યાંગતા અને ૪૫ વર્ષની વય ધરાવતા નિરાધાર દિવ્યાંગોને માસિક સહાય ₹ ૭૫૦/- સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીઓને સહાયભૂત થવાં વર્ષ:-૨૦૧૯-૨૦માં કુલ ૧,૧૧,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા માટે ₹ ૧૦૮૭૯.૭૮/- લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. માર્ચ-૨૦૨૦ કુલ-૧,૧૩,૫૭૩ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ:-૨૦૨૦-૨૧ કુલ-૧,૧૩,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૧૧૨૦૦.૮૩/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૧૨૨૬૫૬ લાભાર્થીઓને કુલ- ₹ ૮૭૪૧.૭૪/- લાખ લાભાર્થીઓના પોતાના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. મારફતે પેન્શન સહાય ચુકવેલ છે.

- **રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: વીએનપી/૧૦૯૫/આઈ-૭૭/છ-૧,તા.૨૫/૦૯/૧૯૯૫ થી અમલમાં આવેલ છે. ગરીબી રેખા હેઠળ સમાવેશ થયેલ કુટુંબના ૧૮ થી ૬૦ વર્ષના મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી/આકસ્મિક અવસાન થવાથી વ્યક્તિના વારસદારને એક જ વખત ₹ ૨૦,૦૦૦/- ની સહાય તાત્કાલિક ભારત સરકાર દ્વારા ચુકવણી કરવામાં આવે છે.

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૨૦૧૯-૨૦માં કુલ ૯૭૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા માટે ₹ ૧૯૪૦.૦૦/- લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. માર્ચ-૨૦૨૦ કુલ-૬૪૦૪ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ: ૨૦૨૦-૨૧ કુલ-૧૦૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૭૮૫૪ લાભાર્થીઓને કુલ ₹ ૧૫૭૦.૮૦/- લાખ લાભાર્થીઓના પોતાના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. મારફતે સહાય ચુકવેલ છે.

- **૧૯૫૯ ના ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ હેઠળની પ્રવૃત્તિઓ**

ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી ૧૯૩૮નો મુંબઈ ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ અમલમાં હતો. સને ૧૯૭૩ થી રાજ્યમાં કેન્દ્રીય ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ, ૧૯૫૮ અમલમાં આવેલ છે.

નિયંત્રણ બહારના સંજોગો અને જુદા જુદા પરિબળોની અનિચ્છનીય અસરને કારણે ગુનાહિત કાર્યમાં ઝંપલાવ્યુ હોય તેવા પ્રથમ ગુન્હો કરનાર અને યુવાન ગુનેગારોને સમાજમાં રાખીને સુધારી શકાય છે. આવા ગુનેગારોને જેલના સળીયા પાછળ ધકેલવાને બદલે તેમને પરિવિક્ષા નિરીક્ષણ, દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેમની સુધારણા અને પુનઃસ્થાપન માટે તક આપવામાં આવે છે. ૧૮ વર્ષની ઉપરના ગુનેગારોને ૧૯૫૮ના ગુનેગાર પરિવિક્ષા અધિનિયમની જોગવાઈ અન્વયે પરિવિક્ષા પર મુક્ત કરવાનો લાભ આપવામાં આવે છે. આ અધિનિયમ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માં જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૧૪૪ ગુનેગારોને સદર એકટ અંતર્ગત હેઠળ સુધારણા અને પુન:સ્થાપન માટે તક આપવામાં આવેલ છે.

- **કેદી સહાય યોજના**

જ્યારે ગુનેગારોને જેલમાં મોકલવામાં આવે છે અથવા તેને ૫ વર્ષ કે તેથી વધુ વર્ષ સજા ફરમાવવામાં આવે છે, ત્યારે તેના કુટુંબીજનોને મુશ્કેલી પડે છે. તેમને મદદ કરવા ₹ ૨૫,૦૦૦/- સુધીના

નાણાંકીય મદદ, દુધાળા ઢોર કે વ્યવસાયના સાધનો ખરીદવા માટે આપવામાં આવે છે કે જેથી તેઓ પોતાનો નિભાવ કરી શકે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ માં માહે જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૨૪૮ લાભાર્થીઓને કુલ ₹ ૬૨.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૩૦૦ લાભાર્થીઓ માટે ₹ ૭૫.૦૦ લાખની વાર્ષિક જોગવાઇ કરવામાં આવી છે.

❖ **બાળ કલ્યાણ**

ગુજરાત રાજ્યમાં અનાથ નિરાધાર રખડતા ભટકતા અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને કાયદા હેઠળ સુરક્ષા જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ ની જોગવાઈઓ મુજબ આપવામાં આવે છે. ભારત સરકારની સંકલીત બાળ સુરક્ષા યોજના હેઠળ રાજ્યકક્ષાએ ગુજરાત રાજ્ય બાળ સુરક્ષા એકમ અને જિલ્લા કક્ષાએ જિલ્લા બાળ સુરક્ષા એકમ હાલમાં કાર્યરત છે. બાળ કલ્યાણ ક્ષેત્રે અનાથ નિરાધાર રખડતા ભટકતા અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો માટે કાર્યરત હાલ કુલ ૧૪૨ સંસ્થાઓની નોંધણી થયેલ છે. જેમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો માટે ૦૩ સરકારી અને ૦૩ બિનસરકારી ઝોનલ ઓબ્ઝર્વેશનહોમ કાર્યરત છે. તેમજ ગંભીર ગૂનામાં સંકળાયેલા બાળકો માટે રાજ્યમાં ૦૩ સરકારી પ્લેસ ઓફ સેફ્ટી / સ્પેશ્યલ હોમ, કાર્યરત છે. જેમાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના આદેશથી બાળકોને રાખવામાં આવે છે. રાજ્યમાં ૭ થી ૧૮ વર્ષના અનાથ અને નિરાધાર બાળકો માટે ૨૪ સરકારી ચિલ્ડ્રન હોમ અને ૨૪ બિન-સરકારી ચિલ્ડ્રન હોમ હાલમાં કાર્યરત છે. તેમજ ૦ થી ૬ વર્ષના અનાથ અને ત્યજાયેલા બાળકો માટે ૦૮ સરકારી શિશુગૃહ (**SAA**) અને ૦૮ બિન-સરકારી શિશુગૃહ (**SAA**) કાર્યરત છે. જેમાં રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચિલ્ડ્રન હોમમાં ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના આદેશથી રાખવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૨ સરકારી તથા ૧૦૦ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા એમ કુલ ૧૪૨ બાળ કલ્યાણ સંસ્થાઓ કાર્યરત છે. બાળ કલ્યાણ સંસ્થાઓમાં બાળકોને મફત રહેવા જમવાનું, આરોગ્યપ્રદ સુવિધાઓ અને શિક્ષણ અને જીવનલક્ષી તાલીમ આપવામાં આવે છે. આ સંસ્થામાં કુલ ૧૫૯૧ બાળકો આશ્રય લઇ રહયા છે. રાજ્યમાં દિકરીઓ માટે વડોદરા ખાતે પ્લેસ ઓફ સેફટી / સ્પેશ્યલ હોમ તથા છોકરાઓ માટે રાજકોટ અને મહેસાણા ખાતે ચાલે છે. તેઓ ત્યાં રહે તે દરમ્યાન તેમનું કુટુંબ સામાજિક જીવન, ઇતિહાસ વગેરે એકત્ર કરવામાં આવે છે. અને તેમની યોગ્ય કાળજી લેવાના પ્રયાસો કરવામાં આવે છે. આ બાળકો પૈકી જેમને સંસ્થાકીય જીવનની જરૂરિયાત જણાય તેમને સંસ્થાકીય આશ્રય આપી સ્પેશ્યલ તાલીમ આપવામાં આવે છે. સુરત અને વડોદરા ખાતે સ્વૈચ્છિક ઓપન શેલ્ટર હોમ કાર્યરત છે. સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે ગુજરાત રાજ્યમાં કુલ ૩૩ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી તથા કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો માટે કુલ ૩૩ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

- **પાલક માતા પિતા યોજના**

રાજ્ય સરકાર દ્વારા ૦ થી ૧૮ વર્ષના અનાથ અને નિરાધાર બાળકોને પાલક માતા-પિતા યોજના હેઠળ માસિક ₹ ૩૦૦૦/- ની સહાય DBT મારફત આપવામાં આવે છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ₹ ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માહે જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૧૮૦૦૦ લાભાર્થીઓ પૈકી કુલ - ૧૭૦૧૯ લાભાર્થીઓને કુલ ₹ ૪૮૯૨.૩૪ લાખની સહાય ચુકવવામાં આવી છે.

- **શેરો પોઝિટીવ ઇલનેશ યોજના**

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શેરો પોઝિટીવ ઇલનેશ યોજના હેઠળ, જે બાળક પોતે શેરો પોઝિટીવ ઇલનેશ હોય અથવા તેના માતા-પિતા અથવા માતા-પિતા બન્નેમાંથી કોઇ એક હોય તેવા કિસ્સામાં અભ્યાસ કરતા બાળકને ધોરણ-૧ થી ૫ ( યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૦૦૦/- ) અને ધોરણ ૬ થી ૧૦ (યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૫૦૦/-) ધોરણ ૧૧ કે તેથી વધુ ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૪૦૦૦/- થી ₹ ૧૬,૦૦૦/- સુધી

(ફી અને પુસ્તકો માટે માસિક ₹ ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક ₹ ૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ) શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવે છે. નાણાંકિય વર્ષ : ૨૦૨૦-૨૧માં કુલ ₹ ૮૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માહે જાન્યુઆરી-૨૦૨૧ અંત સુધીમાં કુલ-૩૫૦૦ લાભાર્થીઓ પૈકી કુલ-૩૧૧૫ લાભાર્થીઓને કુલ ₹ ૯૧.૩૬ લાખની સહાય ચુકવવામાં આવી છે.

- **ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ની પ્રવૃત્તિઓ**

ગુજરાત રાજ્યમાં ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ તા.૦૮ ફેબ્રુઆરી ૧૯૬૦ થી અમલમાં છે. રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને રાજ્યના કોઇ વિસ્તાર માટે તે અર્થે નક્કી કરે તે તારીખે તે વિસ્તારમાં અમલમાં આવે છે. હાલ રાજ્યમાં અધિનિયમની કલમ-૧૬ મુજબ પુરૂષો માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે તથા સ્ત્રીઓ માટે ડભોડા (ગાંધીનગર) ખાતે એમ મળી કુલ-૦૫ સરકારી ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો /ગૃહો કાર્યરત છે. ભિક્ષુક ગૃહના ઓફિસર ઇન્ચાર્જ/અધીક્ષક દ્વારા સંસ્થાના કર્મચારીઓને સાથે રાખી પોલીસ વિભાગની મદદથી ભિક્ષા પ્રતિબંધિત વિસ્તારમાં રાઉન્ડ અપ કરવામાં આવે છે. રાઉન્ડ અપ દરમિયાન ભિક્ષાવૃત્તિ કરતા પકડાયેલ ભિક્ષુકોને નામ.કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવે છે. નામ.કોર્ટ દ્વારા આ ભિક્ષુકોને કાયદાની કલમ ૪(૧) થી ૪(૩) હેઠળ સંસ્થામાં પ્રવેશ આપવાની તથા કલમ ૫(૧) થી કલમ ૫(૫) મુજબ ૦૧ વર્ષ સુધી ભિક્ષુક ગૃહ/કેંદ્રમાં અટકમાં રાખવામાં આવે છે. ભિક્ષુકગૃહોમાં લાવવામાં આવેલ ભિક્ષુકોને મફત ભોજન, આશ્રય, આરોગ્યપ્રદ સુવિધા તેમજ વિવિધ વ્યવસાયલક્ષી ગૃહ ઉદ્યોગ તાલીમ આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ- ૨૦૨૦-૨૧માં કુલ-૦૫ સરકારી ભિક્ષુક ગૃહોને કુલ ₹ ૩૮૧.૩૧ લાખની ગ્રાન્ટ ફાળવેલ જેની સામે ₹ ૧૮૯.૮૨ લાખનો પગાર ખર્ચ, ₹ ૧૨૯.૦૨ લાખનો નિભાવ ખર્ચ એમ કુલ ₹ ૩૧૮.૮૪ લાખનો ખર્ચ જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ખર્ચ થયેલ છે. તેમજ હાલમાં ઉક્ત ૦૫ ભિક્ષુક ગૃહોની ટોચ મર્યાદા સામે કુલ-૧૭૯ ભિક્ષુકો આશ્રય લઇ રહેલ છે.

હાલ ગુજરાત રાજ્યમાં દેવભૂમિ દ્વારકા, અંબાજી, ગીરસોમનાથ અને રાજકોટ (મહિલા) સ્વૈચ્છિક ભિક્ષુક ગૃહો કાર્યરત થયેલ છે. તેમજ વર્ષ ૨૦૧૯-૨૦માં બહુચરાજી, શામળાજી, પાવાગઢ, પાલીતાણા, જૂનાગઢ અને સિધ્ધપુર ખાતે નવા કુલ-૬ સ્વૈચ્છિક ભિક્ષુક ગૃહો મંજુર થયેલ છે. જે ટૂક સમયમાં કાર્યરત થશે.

❖ **દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ**

- **ઈન્દીરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન યોજના**

ઈન્દીરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન યોજના હેઠળ ૮૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા, ૦ થી ૨૦ નો બી.પી.એલ સ્કોરવાળા દિવ્યાંગ વ્યક્તિ કે જેની ઉંમર ૧૮ થી ૭૯ વર્ષ સુધીની છે તેવા દિવ્યાંગ વ્યક્તિને માસિક ₹ ૬૦૦/- સહાય લાભાર્થીના બેંક ખાતામાં સીધા DBT મારફતે રાજ્ય કક્ષાએથી ચુકવવામાં આવે છે. જેમાં ₹ ૩૦૦/- રાજ્ય સરકાર દ્વારા અને ₹ ૩૦૦/- કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૨,૩૮૦ લાભાર્થીઓને કુલ ₹ ૯૦૪.૨૪ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૨૦૨૨૦ લાભાર્થીઓને કુલ ₹ ૭૨૮.૮૭ લાખ સહાય પેટે ચુકવેલ છે

- **સંત સુરદાસ સહાય યોજના**

સંત સુરદાસ યોજના હેઠળ, ૮૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કે જેની ઉંમર ૦ થી ૧૭ વર્ષની છે અને બી.પી.એલ યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવે છે તેવા વ્યક્તિને રાજ્ય સરકાર દ્વારા માસિક ₹ ૬૦૦/- સહાય લાભાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે રાજ્ય કક્ષાએથી ચુકવવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૩૯,૬૭૬ લાભાર્થીઓને કુલ ₹ ૩૦૬૯.૦૮ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૩૧,૬૯૫ લાભાર્થીઓને ₹ ૧૭૪૬.૨૧ લાખ સહાય પેટે ચુકવેલ છે.

- **દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાય યોજના**

દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ધોરણ ૧ થી ૭ ના અભ્યાસ માટે વાર્ષિક ₹ ૧૦૦૦/- તથા ધોરણ ૮ થી ઉપરના અભ્યાસ માટે વાર્ષિક ₹ ૧૫૦૦/- થી ₹ ૫૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૩૨૨ લાભાર્થીઓને કુલ ₹ ૧૩૧.૨૩ લાખની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૮૩૯૯ લાભાર્થીઓને ₹ ૯૮.૭૮ લાખ શિષ્યવૃતિ પેટે ચુકવેલ છે.

- **દિવ્યાંગ સાધન સહાય યોજના**

દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને સહાય સાધન સ્વરૂપે આપવામાં આવે છે. આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ₹ ૨૦,૦૦૦ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને તેઓની દિવ્યાંગતામાં રાહત થાય તેવા તેમજ સ્વરોજગારલક્ષી સાધનો પુરા પાડવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૭૭૪૪ લાભાર્થીઓને કુલ ₹ ૫૬૬.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૬૦૭ લાભાર્થીઓને ₹ ૩૧.૦૩ લાખ સહાય પેટે ચુકવેલ છે.

- **દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના**

દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના હેઠળ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૨,૫૭,૧૭૭ લાભાર્થીઓ માટે કુલ ₹ ૪૦૧૫.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૨,૭૧,૭૫૫ લાભાર્થીઓ માટે ₹ ૧૪૨૪.૦૦ લાખ ખર્ચ કરેલ છે.

- **દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ તેમજ દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિના લગ્નના કિસ્સામાં નાણાકિય સહાય આપવામાં આવે છે. જેમા દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં બન્ને વ્યક્તિને ₹ ૫૦,૦૦૦ + ₹ ૫૦,૦૦૦ મળી કુલ ₹ ૧,૦૦૦૦૦ સહાય તેમજ દિવ્યાંગ વ્યક્તિ થી સામાન્ય વ્યક્તિના લગ્ન કિસ્સામાં ₹ ૫૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૬૭૩ લાભાર્થીઓને કુલ ₹ ૮૧૪.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૭૧૫ લાભાર્થીઓને ₹ ૩૪૩.૫૦ લાખ લગ્ન સહાય પેટે ચુકવેલ છે

- **નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી**

નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી યોજના હેઠળ, માનસીક ક્ષતિવાળા મગજનો લકવો, સ્વલીનતા, બહુવિધ દિવ્યાંગતા વગેરે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને ₹ ૧.૦૦ લાખનું વીમારક્ષણ મળવાપાત્ર છે. જેમા હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો

સમાવેશ થાય છે. આ યોજનામાં તમામ વયજૂથના દિવ્યાંગ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ વીમા પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે. નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૬૧૦૮ લાભાર્થીઓના વિમા પ્રિમિયમ પેટે કુલ ₹ ૧૯.૬૧ લાખ ચુકવવામાં આવેલ છે. ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ અંતિત ૩૦૬૭ લાભાર્થીઓના વિમા પ્રિમિયમ પેટે ₹ ૯.૬૭ લાખ ચુકવેલ છે.

- **દિવ્યાંગ મિત્ર યોજન**

આ યોજના હેઠળ સમાજ સુરક્ષા ખાતા હેઠળ માન્ય સંસ્થાઓ, રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સહાય કાર્યક્રમની માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબ આગણવાડી કાર્યકરો, આશા વર્કર, માન્યતા પ્રાપ્ત સખી મંડળો, તેમજ મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો, સમાજકાર્ય, સમજશાસ્ત્ર, બી.આર.એસ. વગેરે જેવા સામાજિક વિષયો સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવે તો તેઓ વધુ વૈજ્ઞાનિક ઢબે સર્વે કરી દિવ્યાંગોને લાભ આપવાની દિશામાં કામગીરી કરી શકે આ કામગીરી કરનાર વ્યક્તિને દિવ્યાંગ મિત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ દિવ્યાંગ મિત્ર દ્વારા જે તે દિવ્યાંગ વ્યક્તિ પાસે રૂબરૂ સંપર્ક કરી ખાતા હેઠળ અમલીકૃત યોજનાનું ફોર્મ ભરાવવુ, દિવ્યાંગ પ્રમાણપત્ર, આવકના દાખલા, જેવા જરૂરી દસ્તાવેજો મેળવવામાં સાથે રહી મદદરૂપ થવું. બેંક ખાતા, આધારકાર્ડ, રાશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા અગત્યના દસ્તાવેજો લીંકઅપ કરાવવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં જે તે દિવ્યાંગ વ્યક્તિને યોજનાનો લાભ મળ્યા બાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા જે તે દિવ્યાંગ મિત્ર કે સંસ્થાને લાભાર્થી દીઠ ₹ ૧૦૦ તેના બેંક ખાતામાં ચુકવવામાં આવે છે.

આ યોજના હેઠળ નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૨૩ લાભાર્થીઓને ₹ ૦.૫૪ લાખની ચુકવણી કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં ખર્ચ થયેલ નથી.

- **દિવ્યાંગ વિમા સહાય યોજના**

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ₹ ૧.૦૦ લાખનું વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં (૧) અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય (૨) અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય (૩) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય. (૪) અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા વીમા રકમ મળવાપાત્ર છે. આ સહાયની રકમ સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખીને મળવાપાત્ર થાય છે. આ યોજના હેઠળ વીમા પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે. આ યોજના હેઠળ નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ₹ ૧૮.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | સંસ્થા | સરકારી | સ્વૈચ્છિક | કુલ |
|---|---|---|---|---|
| ૧. | દ્રષ્ટિમંદ ભાઈઓની સંસ્થા | ૦૩ | ૩૦ | ૩૩ |
| ૨. | શારીરિક વિકલાંગો અને બહુવિધ વિકલાંગતા માટેની સંસ્થા | ૦૨ | ૨૭ | ૨૯ |
| ૩. | બહેરા-મુંગા માટેની સંસ્થા | ૦૩ | ૩૨ | ૩૫ |
| ૪. | માનસિક ક્ષતિવાળા બાળકોની સંસ્થા | ૧૩ | ૪૩ | ૫૬ |
| ૫. | વૃધ્ધાશ્રમ સંસ્થા | ૦૦ | ૨૮ | ૨૮ |
| ૬. | ભિક્ષુક ગૃહ સંસ્થા | ૦૫ | ૦૪ | ૦૯ |
| | **કુલ** | **૨૬** | **૧૬૪** | **૧૯૦** |

### ભાગ-૩
### પત્રક-ક
## કાર્યક્રમ અને પ્રવૃત્તિ વર્ગીકરણ - નાણાંકીય જરૂરીયાત

**માંગણી ક્રમાંક-૯૨/૯૫/૯૬ અને ૮૪, ૯૧** (₹ લાખમાં)

| ક્રમ | વિગતવાર ગૌણ સદર | ૨૦૧૯-૨૦ના હિસાબો | | ૨૦૨૦-૨૧ની જોગવાઈ | | ૨૦૨૦-૨૧ની સુધારેલ જોગવાઈ | | ૨૦૨૧-૨૨ની વાર્ષિક જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસુલી | મૂડી | મહેસુલી | મૂડી | મહેસુલી | મૂડી | ચાલુ બાબત | નવી બાબત | સ્થાયી ખર્ચ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | માં.ક્ર.૯૨-૨૨૩૫ | | | | | | | | | | |
| ૧ | ૦૦૧ : નિર્દેશ અને વહીવટ | ૧૫૩૩.૩૮ | ૦.૦૦ | ૧૧૭૮.૩૦ | ૦.૦૦ | ૧૧૫૫.૯૩ | ૦.૦૦ | ૫૨૩.૭૦ | ૦.૦૦ | ૪૮૬.૫૪ | ૧૦૧૦.૨૪ |
| ૨ | ૧૦૧ : વિકલાંગોનું કલ્યાણ | ૧૫૩૪૬.૨૫ | ૦.૦૦ | ૧૮૩૪૦.૦૫ | ૦.૦૦ | ૧૮૭૪૫.૫૪ | ૦.૦૦ | ૧૧૫૮૧.૭૩ | ૮૭૫.૦૦ | ૬૨૭૬.૩૦ | ૧૮૭૩૩.૦૩ |
| ૩ | ૧૦૨ : બાળ કલ્યાણ | ૯૦૨૭.૩૯ | ૦.૦૦ | ૯૧૬૮.૭૦ | ૦.૦૦ | ૧૦૩૨૮.૩૫ | ૦.૦૦ | ૧૨૧૯૫.૨૮ | ૧૬૬.૬૭ | ૧૬૦.૦૮ | ૧૨૫૨૨.૦૩ |
| ૪ | ૧૦૬ : સુધારાલક્ષી સેવાઓ | ૪૨૫.૦૦ | ૦.૦૦ | ૭૨૫.૦૦ | ૦.૦૦ | ૪૭૫.૦૦ | ૦.૦૦ | ૪૭૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૭૫.૦૦ |
| | ૧૯૦.જાહેરક્ષેત્ર અને અન્ય ઉ.સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૫૬૦.૮૦ | ૦.૦૦ | ૫૬૦.૮૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | ૯.૬૦ | ૦.૦૦ | ૫૦૯.૬૦ |
| ૫ | ૨૦૦ : અન્ય કાર્યક્રમ | ૫૪૨૬૧.૭૦ | ૦.૦૦ | ૫૫૬૬૦.૦૦ | ૦.૦૦ | ૬૭૦૫૨.૫૧ | ૦.૦૦ | ૫૩૨૭૨.૬૪ | ૦.૦૦ | ૫૨૦૪.૫૨ | ૫૮૪૭૭.૧૬ |
| ૬ | ૮૦૦ : અન્ય ખર્ચ | ૧૦૦૫.૨૮ | ૦.૦૦ | ૧૨૪૦.૧૦ | ૦.૦૦ | ૧૧૫૧.૪૨ | ૦.૦૦ | ૪૨૪.૦૫ | ૦.૦૦ | ૯૬૪.૬૩ | ૧૩૮૮.૬૮ |
| ૭ | ૨૦૪૯ જી.પી.એફ. વ્યાજ | ૨૪૦.૦૦ | ૦.૦૦ | ૨૬૦.૦૦ | ૦.૦૦ | ૨૬૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૬૦.૦૦ | ૨૬૦.૦૦ |
| | **સરવાળો ૧ થી ૮** | **૮૧૮૩૯.૦૦** | **૦.૦૦** | **૮૭૧૩૨.૯૫** | **૦.૦૦** | **૯૯૭૨૯.૫૫** | **૦.૦૦** | **૭૮૯૭૨.૪૦** | **૧૦૫૧.૨૭** | **૧૩૩૫૨.૦૭** | **૯૩૩૭૫.૭૪** |
| ૮ | માં.ક્ર.૯૨-૪૨૩૫ | **૦.૦૦** | **૦.૦૦** | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | માં.ક્ર.૯૨-૬૨૩૫ | **૦.૦૦** | **૦.૦૦** | ૦.૦૦ | ૨૪.૫૦ | ૦.૦૦ | ૨૪.૫૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૫.૦૦ |
| ૯ | માં.ક્ર.૯૫-૨૨૩૫ સા.સુ.અને કલ્યાણ | **૧૧૫૬૮.૧૬** | **૦.૦૦** | ૧૧૪૦૧.૩૬ | ૦.૦૦ | ૧૧૩૯૪.૯૦ | ૦.૦૦ | ૧૭૨૧૦.૯૦ | ૧૩૫.૦૦ | ૫૭૬.૪૬ | ૧૭૯૨૨.૩૬ |
| ૧૦ | માં.ક્ર.૯૬-૨૨૩૫ સા.સુ.અને કલ્યાણ | **૨૪૨૩૩.૦૨** | **૦.૦૦** | ૨૫૭૦૯.૫૬ | ૦.૦૦ | ૨૫૫૨૮.૭૮ | ૦.૦૦ | ૩૦૬૭૪.૭૦ | ૧૨૩.૩૩ | ૧૬૧૩.૧૯ | ૩૨૪૧૧.૨૨ |
| ૧૧ | માહિતી પ્રાધોગિકી (૦૯૧ : ૨૨૫૧) | ૭૬.૫૧ | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૭૧.૮૫ | ૦.૦૦ | ૨૨૧.૮૫ |
| ૧૨ | મકાન બાંધકામ (૦૮૪ : ૪૨૩૫) | ૦.૦૦ | ૬૮૭.૦૫ | ૦.૦૦ | ૨૯૧૪.૩૩ | ૦.૦૦ | ૯૦૦.૦૦ | ૩૦૪૯.૬૫ | ૪૩૮.૦૦ | ૦.૦૦ | ૩૪૮૭.૬૫ |
| ૧૩ | મકાન બાંધકામ (૦૯૬ : ૪૨૩૫) | ૦.૦૦ | ૩૧.૫૦ | ૦.૦૦ | ૧૧.૦૦ | ૦.૦૦ | ૧૧.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૧ |
| | **સરવાળો ૯ થી ૧૦** | **૩૫૮૭૭.૬૯** | **૭૧૮.૫૫** | **૩૭૨૬૦.૯૨** | **૩૦૪૯.૮૩** | **૩૭૦૨૩.૬૮** | **૧૦૩૫.૫૦** | **૫૧૨૧૦.૨૬** | **૭૬૮.૧૮** | **૨૧૮૯.૬૫** | **૫૪૧૬૮.૦૯** |
| | **કુલ સરવાળો** | **૧૧૭૭૧૬.૬૯** | **૭૧૮.૫૫** | **૧૨૪૩૯૩.૮૭** | **૩૦૪૯.૮૩** | **૧૩૬૭૫૩.૨૩** | **૧૦૩૫.૫૦** | **૧૩૦૧૮૨.૬૬** | **૧૮૧૯.૪૫** | **૧૫૫૪૧.૭૨** | **૧૪૭૫૪૩.૮૩** |

## ભાગ-૪

## સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

## નાણાંકીય જરૂરીયાત સમજૂતી

**સમાજ સુરક્ષા કચેરી અંગે વર્ષ ૨૦૧૯-૨૦, વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ ખર્ચ અને નાણાંકિય વર્ષ : ૨૦૨૧-૨૨માં કરેલ સંભવિત જોગવાઈની વિગત નીચે પ્રમાણે છે.**

| ક્રમ | યોજનાનું નામ | માર્ચ-૨૦૧૮ અંતિત ખર્ચ (૨૦૧૯-૨૦) | વાર્ષિક જોગવાઇ (૨૦૨૦-૨૧) | વાર્ષિક જોગવાઇ (૨૦૨૧-૨૨) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નિર્દેશ અને વહીવટ | ૧૬૮૩.૮૬ | ૧૩૭૧.૧૮ | ૧૨૦૧.૯૨ |
| ૨ | દિવ્યાંગોનું કલ્યાણ | ૧૭૨૭૪.૧૨ | ૨૦૯૫૭.૧૭ | ૨૧૮૮૦.૩૧ |
| ૩ | બાળ કલ્યાણ | ૧૦૨૮૧.૫૦ | ૧૦૫૧૨.૭૯ | ૧૪૮૮૫.૨૦ |
| ૪ | સુધારાલક્ષી સેવાઓ | ૪૨૫.૦૦ | ૭૨૫.૦૦ | ૪૭૫.૦૦ |
| ૫ | અન્ય કાર્યક્રમ | ૮૬૭૫૧.૫૬ | ૮૮૬૧૬.૮૩ | ૧૦૩૧૦૮.૬૧ |
| ૬ | અન્ય ખર્ચ | ૧૦૦૫.૨૯ | ૧૨૪૦.૧૦ | ૧૩૮૮.૬૮ |
| ૭ | જી.પી.એફ.વ્યાજ | ૨૪૦.૦૦ | ૨૬૦.૦૦ | ૨૬૦.૦૦ |
| ૮ | દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | ૦.૦૦ | ૬૮૫.૩૦ | ૬૩૪.૬૦ |
| ૯ | માહિતી પ્રાદ્યોગિકી | ૭૬.૫૧ | ૧૫૦.૦૦ | ૨૨૧.૮૫ |
| ૧૦ | માર્ગ અને મકાન બાંધકામ | ૬૮૬.૧૭ | ૨૯૧૪.૩૩ | ૩૪૮૭.૬૫ |
| ૧૧ | માર્ગ અને મકાન બાંધકામ | ૩૧.૫૦ | ૧૧.૦૦ | ૦.૦૧ |
| | **કુલ** | **૧૧૮૪૫૫.૫૧** | **૧૨૭૪૪૩.૭૦** | **૧૪૭૫૪૩.૮૩** |

વર્ષ: ૨૦૧૯-૨૦માં માહે જાન્યુઆરી-૨૦૨૦ અંત સુધીમાં કુલ ₹ ૧૮૧૯.૭૦ જોગવાઇ સામે ₹ ૬૫૯.૬૦ નો ખર્ચ કરાવામાં આવ્યો છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ₹ ૨૦૨૬.૧૮ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી  છે.

આ ખાતા હસ્તકના કર્મચારી વર્ગની ભરાયેલી સંખ્યા નીચે પ્રમાણે છે.

| ક્રમ | મહેકમની સંખ્યા | તા.૦૫/૦૩/૨૦૨૦ની સ્થિતિએ (સંખ્યા) |
|---|---|---|
| ૧ | રાજ્યપત્રિત | ૧૫ |
| ૨ | બિનરાજ્યપત્રિત | ૬૮૭ |
| | **કુલ** | **૭૦૨** |

**માહિતી અને પ્રોદ્યોગિકી**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટ હેડ હેઠળ રાજ્યની ઈન્ફર્મેશન અને ટેકનોલોજી નિતિને અનુરૂપ ખાતાના વડાની કચેરી અને તાબાની કચેરીઓને કોમ્પ્યુટરથી સુસજ્જ કરી કામગીરીને ઝડપી બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે

એકંદરે સમાજ સુરક્ષા ખાતાની વિવિધ યોજનાઓમાં વિવિધ પ્રવૃત્તિઓના વિસ્તાર અને વિકાસ માટે વર્ષ: ૨૦૧૯-૨૦માં માહે જાન્યુઆરી-૨૦૨૦ અંત સુધીમાં કુલ ₹ ૨૪૦.૦૦ લાખની જોગવાઈ સામે કુલ ₹ ૨૯.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. નાણાંકિય વર્ષ: ૨૦૨૦-૨૧ માં કુલ ₹ ૧૫૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે.

**વર્ષ ૨૦૨૧-૨૨ નવી બાબતો**

**નિયામક સમાજ સુરક્ષા ખાતું**

| અ.નં | શાખા | વિષય | રકમ (₹ લાખમાં) |
|---|---|---|---|
| ૧ | સીપીડી | બોટાદ,બનાસકાંઠા અને વલસાડ ખાતે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા બાબત.(ટોચ મર્યાદા ૧૦૦) | ૧૦૦.૦૦ |
| ૨ | સીપીડી | બાળકો માટે જે.જે.ફંડમાં રકમ જમા કરાવવા બાબત | ૧૦૦.૦૦ |
| ૩ | અપગ | ૮૦ ટકા કે તેથીવધુ બૌદ્ધિક અસમર્થતા/મંદબુદ્ધિ ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક ₹ ૧૦૦૦/- પેન્શન આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તથા સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર દિવ્યાંગતાવાળાને લાભ આપવા બાબત | ૯૦૦.૦૦ |
| ૪ | અપગ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની વડી કચેરી ખાતે અને જિલ્લા કક્ષાની કામગીરી માટે વર્ગ ૩ અને ૪ ની જગ્યાઓ આઉટસોર્સથી કરારના ધોરણે લેવા બાબત | ૯.૬૦ |
| ૫ | અપગ | દિવ્યાંગ ફંડમાં જોગવાઈ કરવા બાબત | ૨૦૦.૦૦ |
| ૬ | બાંધકામ | સ.સુ. ખાતા સંચાલિત સંસ્થા/ કચેરીઓના રીપેરીંગ બાબત | ૨૦૦.૦૦ |
| ૭ | બાંધકામ | ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અને ગૃહ, ઓઢવ-અમદાવાદના બાંધાકામ બાબત. | ૧૦૦.૦૦ |
| ૮ | બાંધકામ | મંદબુદ્ધિની બહેનોનું ગૃહ, નરોડા-અમદાવાદની સંસ્થા ફરતે કોટ બનાવવાની જોગવાઈ | ૧૦૮.૦૦ |
| ૯ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ, ગાંધીનગર ખાતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,ગાંધીનગરનો રેકર્ડ રૂમ બનાવવા માટે ટોકન જોગવાઈ કરવા બાબત | ૩૦.૦૦ |
| ૧૦ | રેકર્ડ | આઈ.ટી હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી બાબત | ૭૧.૮૫ |
| | | **કુલ** | **૧૮૧૯.૪૫** |

# અશક્તતા આયુક્તશ્રીની કચેરી તથા અન્ય આયોગો

## અશક્તતા આયુકતશ્રીની કચેરી

### વિકલાંગ ધારો, ૨૦૧૬

પ્રજાસતાક ભારતના ૪૬મા વર્ષમાં એટલે કે ૧૯૯૫માં સંસદ દ્વારા વિકલાંગ વ્યકિતઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, ૧૯૯૫, પસાર કરવામાં આવ્યો અને તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬થી અમલમાં આવ્યો છે. આ કાયદો ભારત સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના નોટીફીકેશન નં. એફ.નં.૦૩-૦૧/૨૦૧૭-ડીડી-૩ તા.૧૯/૦૪/૨૦૧૭ થી "ધ રાઈટસ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ,૨૦૧૬" તરીકે અસ્તિત્વમાં આવેલ છે. વિકલાંગ વ્યકિતઓને સમાન તકો પુરી પાડવા, તેમના અધિકારોનું રક્ષણ કરવા અને તેમને સંપૂર્ણ સહભાગિતા પુરી પાડવાની દિશામાં પહેલ કરેલ છે. વિકલાંગ વ્યકિતઓનું સશક્તિકરણ અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા તે આ કાયદાનો ઉદ્દેશ છે. રાજ્ય સરકાર દ્વારા શરૂઆતમાં સમાજ કલ્યાણ વિભાગના સચિવશ્રી દ્વારા આ બાબત હાથ ધરાતી હતી. તા.૧૫-૦૨-૧૯૯૮થી કમિશ્નરની અલગ કચેરી શરૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત કાયદો ભારત સરકાર દ્વારા ડિસેમ્બર,૨૦૧૬થી "ધ રાઈટસ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ,૨૦૧૬" સુધારા વધારા સાથે અમલમાં લાવવામાં આવેલ છે. પ્રસ્તુત ધારામાં વિકલાંગતાની ૨૧ જેટલી વિકલાંગતાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. વિકલાંગ વ્યકિતઓને શિક્ષણ, રોજગાર અને આરોગ્યમાં વધુ હક્કો અને સમાનતા સાથે જાહેર નોકરીમાં ૪% આરક્ષણ આપવામાં આવેલ છે. વિકલાંગોને સરકારી ઇમારતો અને જાહેર સ્થળોના સુગમ્ય પ્રવેશ માટે રેમ્પ, રેલીંગ, અંધ વિકલાંગો માટે દ્રશ્ય-શ્રાવ્ય સાથેના લિફ્ટ, ઝીબ્રા ક્રોસીંગ વગેરેનું અમલીકરણ કરાવવા સુચન કરવામાં આવેલ છે.

વિકલાંગ વ્યકિતોના કલ્યાણ અને તેમના અધિકારોના રક્ષણ માટે ઘડવામા આવેલ કાયદાઓ, નિયમો ધારધોરણો, કારોબારી હુકમો, નિર્દેશ કે સુચનાઓના અમલીકરણને સુનિશ્ચિત કરવા અને તેના ભંગ સામેની ફરિયાદોની તપાસ કરી વિકલાંગોને કાયદા હેઠળ ઠરાવેલ લાભ મળે તે અંગે ન્યાય અપાવવા આ કચેરી કાર્યરત છે.

આ કચેરી દ્વારા વિકલાંગ વ્યકિતઓના હક્કોના ભંગની મળતી ફરિયાદોને "ડિમ્ડ સિવીલ કોર્ટ"ની રીતે કેસ ચલાવી ચૂકાદા આપવામાં આવે છે અને તેનું અમલીકરણ વિકલાંગ ધારા-૨૦૧૬ અંતર્ગત વિવિધ વિભાગો/ખાતાઓ/કચેરીઓની યોજનાઓની સમાનતા તથા અન્યાય ન થાય તે બાબતની કાર્યવાહી કરવામાં આવે છે.

# અન્ય પછાત વર્ગો માટેનું પંચ

ઈન્દ્રસહાનીના કેસમાં રીટ પીટીશન સિવિલ નં. ૯૩૦/૧૯૯૦માં નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ આદેશના પાલન રૂપે ગુજરાત રાજ્યના નાગરિકોનો અન્ય પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવા તેમજ અતિ સમાવેશ અને અલ્પ સમાવેશ કરવા માટેની રજુઆતો તપાસવાના હેતુથી રાજય સરકારે સમાજ કલ્યાણ વિભાગના તા.૧૮-૩-૯૩ના ઠરાવ ક્રમાંકઃએસએસપી/૧૯૯૩/ખ/૧૦૨/અ થી ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી પી. આર. ગોકુલક્રિષ્ણનની પંચ તરીકે નિમણૂંક કરી હતી. હાલ પંચની જગ્યા પર તા.૨૯-૩-૧૯૯૭ થી ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ સુશ્રી સુજ્ઞાબેન કે. ભટ્ટ ને નિમણૂંક આપવામાં આવી છે.

જ્ઞાતિ કે જાતિ મંડળો તરફથી પંચને મળેલ રજુઆતો ધ્યાને લઇ, અરજદારોને પ્રશ્નાવલી મોકલી માહિતી એકત્ર કરવામાં આવે છે તથા પંચના અધિકારીશ્રીઓ સ્થળ નિરીક્ષણ રૂબરૂ મુલાકાત લઇ તપાસ કરે છે. મળેલ રજુઆતોના સંદર્ભમાં તમામ પાસાઓનો અભ્યાસ કરી જ્ઞાતિ/જાતિનો અન્ય પછાતવર્ગોની યાદીમાં સમાવેશ કરવા યોગ્ય છે કે કેમ તે અંગેની સરકારને ભલામણ કરે છે.

# ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

- **પ્રસ્તાવના**

બાળકો એ સમાજનું એક અભિન્ન અંગ છે તથા તે સમાજનો મહત્વનો હિસ્સો છે. એક સુરક્ષિત, તંદુરસ્ત અને શિક્ષિત બાળક ભવિષ્યમાં સુદ્રઢ સમાજનું નિર્માણ કરે છે. તે ધ્યાને લઇ બાળકોને વિવિધ અધિકારો આપવામાં આવે છે. પરંતુ, બાળકો આ અધિકારો મુક્ત રીતે ભોગવી શકે તે માટે અનેક અડચણો ઉભી થતી હોય છે. આ સંદર્ભમાં બાળકના સર્વાંગી વિકાસ માટે બાળ અધિકારના સંરક્ષણની જોગવાઇ કરવી પણ એટલી જ અગત્યની છે.

- **ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના**

ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨માં યુનાઈટેડ નેશન્સનાં બાળ અધિકારો બાબતના સમજૂતી કરાર સ્વીકારેલ છે. જેના સંદર્ભે બાળ અધિકારોના રક્ષણ અર્થે "ધી કમીશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ-૨૦૦૫" સંસદે ઘડેલ છે અને મહામહિમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા તા.૨૦/૦૬/૨૦૦૬ના રોજ આ કાયદાને અનુમતિ આપવામાં આવેલ છે. આ કાયદાની કલમ ૧૭ મુજબ તા.૨૮/૦૯/૨૦૧૨ના રોજ આ કાયદાના જાહેરનામાંથી ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવેલ છે.

- **ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન અને સભ્યો**

આયોગના અધ્યક્ષશ્રીની તા.૧૩/૦૧/૨૦૧૬ના જાહેરનામાંથી સુ.શ્રી જાગૃતિબેન હરેનભાઇ પંડ્યાની નિમણૂંક કરવામાં આવી છે. તા.૨૭/૦૪/૨૦૧૭ના રોજ જાહેરનામાંથી કુલ ૬ સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે.

- **બાળ અધિકારો**

ધી કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ-૨૦૦૫ની કલમ ૨(બી) મુજબ બાળ અધિકારો તા.૨૦/૧૧/૧૯૮૯ના રોજ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સમાં સ્વીકારવામાં આવેલા અને ભારત સરકાર દ્વારા તા.૧૧/૧૨/૧૯૯૨ના રોજ અનુમોદિત થયેલ બાળ અધિકારનો સમાવેશ કરવાનો થાય છે.

- **આયોગનું મહેકમ**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૩ના ઠરાવથી આયોગના મહેકમનું માળખું મંજૂર કરવામાં આવેલ છે, જેમાં કુલ-૧૦ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલ હતું, ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૮૦૮૫૧/ન બા.૩૯/છ, થી બીજી ૧ સેક્શન અધિકારીશ્રીની તેમજ અન્ય ૨ નાયબ સેક્શન અધિકારીની જગ્યાઓ મંજૂર કરવામાં આવતા કુલ-૧૨ જગ્યાનું મહેકમ મંજુર થયેલુ હાલમાં ૩ નાયબ સેકશન અધિકારી અને ૧ સેકશન અધિકારીની જગ્યા સતત ત્રણ વર્ષથી ભરાયેલી ન હોવાના કારને રદ થયેલી છે. જેથી ચાલુ વર્ષે કુલ-૮ જગ્યાઓ મંજુર થયેલ છે. જેમાં રાજય સરકારના સચિવશ્રી સંવર્ગના અધિકારીની એક સચિવની જગ્યા (ખાતાના વડાની જગ્યા) ભરવામાં આવેલી છે. જયારે નાયબ સચિવની જગ્યા ખાલી છે. સ્ટેનોગ્રાફરની જગ્યા આઉટસોર્સથી ભરવામાં આવેલી છે. સેકશન અધિકારીની ૧ જગ્યા ખાલી છે. જયારે બિનરાજ્યપત્રિતની જગ્યાઓ પૈકી નાયબ સેક્શન અધિકારીની ત્રણ જગ્યા રદ થયેલી છે. નાયબ હિસાબનીશની એક જગ્યા ખાલી છે. તથા ક્લાર્કની બે જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. જે જગ્યા આઉટસોર્સ અને પ્રતિનિયુકત થી ભરવામાં આવેલ છે. ઉપરાંત કાયદા સલાહકાર અને આઇ.ટી. સલાહકારની જગ્યા આઉટસોર્સથી ભરવામાં આવેલ છે. જયારે કચેરીમાં ડ્રાયવરની ૩ જગ્યા અને પટાવાળાની નિયમ મુજબની જગ્યા આઉટસોર્સથી ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. અને ભરવામાં આવેલ છે.

- **આયોગના કાર્યો**
  - ➢ બાળ અધિકારના ભંગ કે અતિક્રમણના કિસ્સાઓમાં તપાસ કરવી અને સત્તાવાળાઓને કામગીરી કરવા ભલામણ કરવી.
  - ➢ કોઈપણ કાયદા દ્વારા અથવા તેની હેઠળ બાળકોની સુરક્ષાના અધિકારોના સંરક્ષણ અંગેની તમામ બાબતોની તપાસ અને સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલીકરણ માટે પગલા લેવા.
  - ➢ બાળકોના અધિકારો ભોગવવામાં બાધારૂપ હોય તેવા પરીબળો જેમ કે આતંકવાદ, કોમી હિંસા, હુલ્લડો, કુદરતી આપત્તિ, ઘરેલું હિંસા, એચ.આઇ.વી./એઇડ્સ, દુર્વ્યવહાર યાતના અને શોષણ, વેશ્યાગીરી વગેરેમાં ધકેલવું વગેરે બાબતોમાં તપાસ કરવી અને યોગ્ય ઉપાયાત્મક પગલાં લેવાની ભલામણ કરવી.
  - ➢ જ્યાં બાળ ગુન્હેગારોને સારવાર માટે, સુધારણા માટે કે રક્ષણ માટે રાખવામાં આવ્યા હોય તે બાળ રક્ષણ ગૃહનું ઈન્સ્પેક્શન કરવું અને ઉપાયાત્મક પગલાં માટેની બાબત સંબંધિત સાથે હાથ ધરવી.
  - ➢ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોના જાતીય સતામણીના સંરક્ષણ અધિનિયમ-૨૦૧૨ હેઠળ મોનીટરીંગ અને તપાસ કામગીરી.
  - ➢ બાળ અધિકારોના ભંગની ફરિયાદો મળતા તપાસ કરવી અને પોતાની મેળે નોંધ લઈ (Suo Motto) નીચેની બાબતો હાથ પર લેવી.

    (૧) બાળ અધિકારોથી વંચિત રાખવા અને તેના ભંગ બાબત.

    (૨) બાળકોના રક્ષણ અને વિકાસ માટે જોગવાઈ કરતા કાયદાઓનો અમલ નહિ કરવો.

    (૩) બાળકોની મુશ્કેલીઓ હળવી કરવાના ઉદ્દેશથી તથા બાળકોના કલ્યાણને સુનિશ્ચિત કરતી આવા બાળકોને રાહત પુરી પાડનાર નીતિ-નિર્ણયો.

    માર્ગદર્શક સૂચનો તથા સૂચનાઓનું અનુપાલન નહિ કરવા અથવા આવી બાબતોમાંથી ઉભા થતા મુદ્દાઓ યોગ્ય સત્તાધિકારી સાથે હાથ ધરવા.
  - ➢ બાળ અધિકારોના સંરક્ષણની હાલની નીતિઓ, કાર્યક્રમો અને બીજી પ્રવૃત્તિઓ તપાસી બાળકોના હિતમાં તેનું અસરકારક અમલીકરણ કરવા ભલામણ કરવી.
  - ➢ સમાજના વિવિધ વિભાગોમાં બાળ અધિકારોની સાક્ષરતાનો ફેલાવો કરવો અને પ્રકાશનો, પ્રચાર-પ્રસાર માધ્યમો, સેમિનારો અને અન્ય ઉપલબ્ધ સાધનો મારફત આ અધિકારોના રક્ષણ માટે ઉપલબ્ધ વ્યવસ્થાની જાગરૂકતાને પ્રોત્સાહિત કરવી.
  - ➢ વાર્ષિક/સમયાંતરે રાજય સરકારને બાળ અધિકાર સંરક્ષણ સંબંધિતના કામકાજની અસરકારકતા અંગે અહેવાલ આપવો.
  - ➢ બાળ અધિકાર ક્ષેત્રે ખાસ અભ્યાસ કરવા અને કરાવવા.
- **આયોગની સત્તાઓ**

  (૧) કેસની અદાલતી કાર્યવાહીની હકુમત ધરાવતા મેજિસ્ટ્રેટને કોઇ કેસ મોકલવા આયોગને સત્તા રહેશે.

  (૨) આયોગને કેટલીક બાબતોમાં તપાસ કરતી વખતે દીવાની કાર્ય રીતિ કાયદો-૧૯૦૮ હેઠળ દાવાની કાર્યવાહી કરતી દીવાની અદાલતની તપાસ સત્તાઓ રહેશે અને ખાસ કરીને નીચેની બાબતોમાં એટલે કે:

  a. કોઇ પણ વ્યક્તિને બોલાવવાની હાજર કરાવવી અને સોગંદ પર તેને તપાસવી.

  b. કોઇ દસ્તાવેજોની શોધ અને તે રજૂ કરવા.

  c. સોગંદનામા પર પુરાવા મેળવવા.

  d. કોઇ અદાલત કે કચેરીમાંથી જાહેર રેકર્ડ કે તેની નકલ માંગવી.

  e. સાક્ષીઓ કે દસ્તાવેજોની તપાસ માટે કાર્યાધિકાર બહાર પાડવા.

## ભાગ-૨

## પ્રવૃતિઓ

- **જીલ્લા વર્કશોપનું વાર્ષિક આયોજન**
    - ➢ સમગ્ર ગુજરાતમાં શિક્ષણ, પોલિસ, શ્રમ અને રોજગાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, આઇ. સી. ડી. એસ, ડબલ્યુ.સી.ડી. આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને અને કર્મચારીઓને તાલીમ-વર્કશોપ પૂર્ણ કરવામાં આવ્યા.
- **રાઇટ ટુ એજ્યુકેશનનું મોનીટરીંગ**
    - ➢ રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજયમાં અમલવારી માટે આયોગ દ્રારા જીલ્લા, તાલુકા કક્ષાએ રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવે છે અને રાઇટ ટુ એજ્યુકેશન એક્ટના અમલીકરણ અંગે મોનીટરીંગ કરવામાં આવે છે.
    - ➢ રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત રૂબરૂ સુનાવણીઓ રાખવામાં આવે છે અને તેના દ્વારા ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે.
    - ➢ રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત જાન્યુઆરી થી માર્ચ સુધીમાં સમગ્ર રાજ્યમાં બાળ આયોગની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત દ્વારા સક્રિય મોનીટરીંગનું આયોજન ઘડવામાં આવેલું છે.
    - ➢ ઓનલાઇન ફરિયાદ નિવારણ તંત્ર ઊભુ કરવામાં આવ્યુ છે. તેમજ માસુમ મોબાઇલ એપ્સ પણ લોન્ચ કરવામાં આવેલ છે.
- **ફરિયાદના નિવારણ માટે અસરકારક વ્યવસ્થાતંત્ર**
    - ➢ આયોગ દ્વારા અરજી સ્વરૂપે, રૂબરૂ, ટેલીફોનીક, ઇ-મેઇલ, વર્તમાનપત્રના કટીંગ, ટેલીવિઝન વગેરે દ્વારા ફરિયાદો લેવામાં આવે છે.
    - ➢ ફરિયાદ અંગે સંબંધિત વિભાગ પાસેથી અહેવાલ મંગાવવામાં આવે છે. ત્યારબાદ અહેવાલ પરથી આયોગ દ્વારા આગળની કાર્યવાહી અર્થે ફોલોઅપ કરવામાં આવે છે.
    - ➢ ગંભીર પ્રકારની ફરિયાદ માટે આયોગ દ્વારા પીડિત તેમજ તેને સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓને રૂબરૂ આયોગની કચેરીએ સુનાવણી માટે બોલાવવામાં આવે છે. અને તે અંગે અસરકારક નિર્ણય કરાવવામાં આવે છે.
    - ➢ જાન્યુઆરી થી ઓક્ટોબર અંતિત ૯૦% જેટલી ફરિયાદોનો સુખદ નિકાલ કરવામાં આવેલ છે.
- **વેબીનાર દ્વારા અધિકારીશ્રીઓ સાથે બેઠક**
    - ➢ દર ત્રણ માસે જીલ્લા બાળ સુરક્ષા અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક કરવામાં આવે છે. કોવિડ-૧૯ને કારણે વેબીનાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.
    - ➢ રાજ્ય કક્ષાએ પણ બાળ અધિકાર સંરક્ષણ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ સાથે કોવિડ-૧૯ને કારણે વેબીનાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. બેઠક કરવામાં આવે છે. જેથી કરીને જીલ્લા તંત્ર સાથે સારૂ સંકલન સાધી શકાય.
    - ➢ દર જીલ્લામાં બાળ અધિકાર સંરક્ષણ સંબંધિત જુદા જુદા વિભાગના મુખ્ય અધિકારીઓને આયોગની કચેરીએ જીલ્લા વાઇઝ બાળ અધિકારોના સંરક્ષણ બાબતે રીવ્યુ બેઠક- વેબીનાર કરવાનું આયોજન આયોગ દ્વારા હાથ ધરાયેલું છે.

- **બાળમિત્ર સન્માન**
    - ➢ સમગ્ર રાજ્યમાં બાળ અધિકારોના સંરક્ષણ અંગે ઉદાહરણરૂપ કામગીરી કરેલ હોય તેવા અધિકારીઓ, કર્મચારીઓ, વિભાગો અને એન.જી.ઓ.ને આયોગ દ્વારા બાળમિત્ર પસંદ કરીને બાળઆયોગ ના સ્થાપના દિન નિમિત્તે સન્માન કરવામાં આવે છે.
    - ➢ ચાલુ વર્ષે ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સ્થાપના દિન નિમિતે બાળકો દ્વારા વિશેષ સિધ્ધિ નોંધાવેલ હોય તેવા બાળકોનું સન્માન કરવામાં આવ્યું.
- **જનજાગૃતિ અભિયાન**
    - ➢ સમગ્ર ગુજરાતમાં એફ.એમ.એસ.ટી. બસમાં આવેલ એલ.ઇ.ડી.ટી.વી.માં જાહેરાત આપીને ડોક્યુમેન્ટ્રી ફિલ્મ દ્વારા લોક જાગૃતિ કરવામાં આવી.

## ભાગ-૩
## ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

| ક્રમ | કચેરીનું નામ | ૨૦૨૧-૨૨ની ચાલુ બાબતની જોગવાઈ | | |
|---|---|---|---|---|
| | | મૂડી | મહેસુલ | કુલ |
| ૧ | માંગણી ક્રમાંક:૯૨<br>સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ | ૦ | ૫૮૮.૦૦ | ૫૮૮.૦૦ |
| | **કુલ** | **૦** | **૫૮૮.૦૦** | **૫૮૮.૦૦** |

# ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ

**પ્રસ્તાવના**

શૈક્ષણિક સંસ્થાઓ અને રાજ્ય સરકાર હેઠળ નોકરીઓમાં અનામત માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો સિવાયના બિન અનામત વર્ગો પૈકીને અનામત મળે તે માટે તાજેતરમાં પાટીદારો સહિત અન્ય બિનઅનામત વર્ગો દ્વારા આંદોલન કરેલ હતું. રાજ્ય સરકારે આવા બિન અનામત વર્ગોની જાતિઓ અને સમાજના આગેવાનો, સંસ્થાઓના અને ટ્રસ્ટના શ્રેષ્ઠીઓ સાથે તેમની સમસ્યાઓ અને મુશ્કેલીઓના નિવારણ અંગે ચર્ચા કરીને બિન અનામતના વર્ગોની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને પીડાઓના નિવારણ માટે જરૂરી પગલાં લઇ એક કાયમી આયોગ રચવાનું ઠરાવ્યું.

**ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગની રચના**

- ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા.૦૫-૧૦-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ થી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની રચના કરવામાં આવેલ છે.

**આયોગના પદાધિકારીઓ**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા.૨૩-૧૦-૨૦૧૭ અધિસૂચનાઃ સશપ/૧૩૨૦૧૭/૬૧૬૩૦૦/અ થી આયોગમાં અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી અને ત્રણ બિન સરકારી સભ્યોની નિમણુંક કરવામાં આવેલ હતી. (નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષ માટે) ઉક્ત બિન સરકારી સભ્યોની મુદત તા.૨૨-૧૦-૨૦૨૦ના રોજ પૂર્ણ થતાં હાલમાં જગ્યા ભરાયેલ નથી.

**આયોગનું મહેકમ**

- રાજ્ય સરકાર દ્વારા આયોગના સભ્ય સચિવશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:- સશપ/૧૨૨૦૧૮/૨૯૭૦૧-અ તા.૦૯/૦૧/૨૦૨૦ અન્વયે આયોગના (૧) અંગત મદદનીશ (વર્ગ-૨) ની ૧ જગ્યા (૨) કચેરી અધિક્ષક (વર્ગ-૩),૧ જગ્યા અને (૩) હિસાબનીશ (વર્ગ-૩) ૧ જગ્યાની મંજૂરી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી મળેલ છે.
- (૧) કોમ્પ્યૂટર ઓપરેટર કમ ટાઈપીસ્ટ-૩ જગ્યા,(૨) ડ્રાઈવર-૩ જગ્યા, (૩) પટ્ટાવાળા-૪ જગ્યા આઉટ સોર્સથી એજન્સી મારફત ભરવાની મંજૂરી આપેલ છે.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પત્ર ક્રમાંક:-સશપ/૧૨૨૦૧૮/૨૧૩૯૨-અ તા. ૨૯/૦૬/૨૦૨૦ અન્વયે આયોગના (૧) આઈ.ટી. નિષ્ણાંતની ૧ જગ્યા અને (૨) રીસર્ચર ૧ જગ્યા ૧૧ માસ માટે આઉટસોર્સ એજન્સી મારફત ભરવાની મંજૂરી આપેલ છે. ઉપરોકત જગ્યાઓ નાણાંકીય વર્ષના અંત સુધીમાં ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.

**આયોગના ઉદ્દેશો અને કાર્યો**

- આયોગ ગુજરાત રાજ્યના બિનઅનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરશે અને સમાજના આ વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન માટે ભલામણ કરશે.
- આયોગ બિનઅનામત વર્ગોની હાંસિયામાં ધકેલાયેલી વ્યકિતઓ અને કુટુંબોની સામાજિક-આર્થિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી કરશે અને તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડશે અને તેના અમલ માટે સરકારને ભલામણ કરશે.
- આયોગ ગુજરાત રાજ્ય સરકારની અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાનો અભ્યાસ કરશે તે યોજનાઓ બિનઅનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે અંગેની ભલામણો કરશે.
- આયોગ અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરશે. આવી નીતિઓ સ્વીકારવી કે કેમ તેની ભલામણ કરશે.
- આયોગ ભારતના બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિનઅનામત વર્ગો માટેની જોગવાઈઓના અમલ માટે ભલામણો કરશે.
- આયોગને સરકારી વિભાગો, સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ, જાહેર સાહસો અને સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર અને સત્તા રહેશે.
- આયોગ રાજ્ય સરકાર ફરમાવે તેવુ અન્ય ખાસ કાર્ય કે ફરજ બજાવશે.

**આયોગની બેઠક**

- આયોગની બોર્ડ બેઠકનું આયોજન સામાન્ય રીતે પ્રતિમાસ એકવાર કરવાની પરંપરા ઉભી કરવામાં આવી છે. આયોગ દ્વારા અત્યાર સુધીમાં છવ્વીસ (૨૬) બેઠકો યોજવામાં આવેલ છે. જેમાં આયોગની કામગીરીની સમીક્ષા, આયોગને મળેલ રજૂઆતો/સૂચનો પર ચર્ચા-વિચારણા કરી, સરકારમાં કરવાની થતી ભલામણો, જુદા-જુદા જિલ્લાઓમાં સર્વેની કામગીરી, વિવિધ યોજનાઓનો અભ્યાસ કરીને સામાજિક સંવાદીતતાનું વાતાવરણ નિર્માણ થાય તે હેતુથી બિનઅનામત વર્ગો માટે કલ્યાણકારી યોજનાઓ અને આનુષાંગિક પગલાંઓ ભરવા રાજ્ય સરકારને પ્રસંગોપાત ભલામણો કરવામાં આવે છે.

**બિનઅનામત વર્ગોની યોજનાઓ અંગે પ્રચાર-પ્રસારની કામગીરી**

- સરકારશ્રી દ્વારા બિનાનામત વર્ગો માટે ૯ યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે હેતુથી નવેમ્બર-૨૦૨૦ સુધી કુલ-૧૭ જિલ્લાઓમાં જે તે જિલ્લા કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના સામાજીક આગેવાનો સામાજીક સંસ્થાના અગ્રણીઓ સાથે બેઠક યોજી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવેલ છે.
- જેમાં મહેસાણા, બનાસકાંઠા, સુરત, ભાવનગર, અમરેલી, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, ખેડા, વડોદરા, અરવલ્લી, સાબરકાંઠા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ અને ભરૂચ જિલ્લાઓમાં બેઠક યોજવામાં આવેલ છે.

**વેબસાઈટ**

- આયોગની વેબસાઈટ બનાવવાની મંજૂરી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખ ૧૨/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-૧૦૨૦૧૪-CMP-૫૬૧૮૦૬-કો.સેલ થી મળી છે. અને તદઅનુસાર

તા. ૧૨/૦૯/૨૦૧૯ના રોજ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્રસચિવશ્રીના વરદહસ્તે વેબસાઇટનું લોન્ચીંગ કરવામાં આવેલ.

**આગામી કામગીરી**

- આગામી સમયમાં બિનઅનામત વર્ગોમાં સમાવિષ્ટ વિવિધ સમાજના અગ્રણીઓ સાથે બાકીના જિલ્લાઓમાં તબક્કાવાર બેઠકો યોજીને આયોગની રચનાનો ઉદ્દેશ સાચા અર્થમાં સિધ્ધ થાય તે રીતે કામગીરી હાથ ધરવામાં આવશે.

- બિનઅનામત વર્ગોમાં સમાવિષ્ટ લોકો માટે સર્વેની કામગીરી અને જે યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે હેતુથી આગામી સમયમાં કામગીરી કરવામાં આવશે.

**નાણાંકીય સમજૂતી**

- વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ₹ ૧૨૮.૪૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. ₹ ૯૪.૮૦ લાખની ગ્રાંટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ. તેમાંથી ₹ ૭૭.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ.

- વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં ₹ ૧૪૭.૨૭ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. ₹ ૯૦.૨૩ લાખની ગ્રાંટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ. તેમાંથી ₹ ૭૦.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ₹ ૧૩૪.૮૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમાંથી નવેમ્બર-૨૦૨૦ સુધી ₹ ૭૮.૬૫ લાખની ગ્રાંટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ છે. તેમાંથી નવેમ્બર-૨૦૨૦ સુધી ₹ ૪૦.૭૪ લાખનો ખર્ચ થયેલ છે.

- વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૯૭.૧૯ લાખના સ્થાયી ખર્ચના અંદાજો મોકલવામાં આવેલ છે. અને ₹ ૪૬.૨૬ લાખના ચાલુ બાબતોના અંદાજોની દરખાસ્ત કરવામાં આવેલ છે.

સરકારી મુદ્રણાલય, ભાવનગર.